ચિત્રલેખા

71 વર્ષમાં શાનદાર પ્રવેશ

૨૬ ઑક્ટોબર, ૨૦૨૦ | ₹૩૦
chitralekha.com

બોલો, દરિયાકિનારાની પણ પરીક્ષા હોય?




વડોદરામાં ક્લાઉડ કિચનને કોરોના ફળ્યો!

જૂનાગઢને મળે છે આધુનિક ઊડનખટોલા

હવે ગિરનારની ટોચે ચડીને નહીં, ઊડીને પહોંચો...

VISIT…


LANZAROTE Caliente.COM


A TANVI PRODUCT

વાદળો કંઈ ઘેરાય છે એવાં
રાત પર બીજી રાત આપે છે.

– પ્રવીણ શાહ

સેકન્ડ લાઈનની શૂન્યતા



વિધાતા ક્યારેક એવી સુખદ સરપ્રાઈઝ આપે, જેની કલ્પના પણ કરી ન હોય. વરસને વચલે દહાડે ટાઈમ પાસ માટે લોટરી લીધી હોય અને માતબર રકમ લાગી જાય. ભારતમાં પોતાના જિલ્લાની બહાર પગ ન મૂક્યો હોય એ યુવકને સીધી અમેરિકા કોઈ મોટી કંપનીમાં કામ કરવાની તક મળી જાય.

બીજી તરફ, વિધાતા ક્યારેક એવા આઘાત પણ આપે છે, જેનો કોઈ અણસાર કે કોઈ અનુમાન તાગી ન શકાય. કોઈકને શ્રદ્ધાંજલિ આપ્યાને માંડ થોડા દિવસ થયા હોય ત્યાં તો શ્રદ્ધાંજલિ આપનારી વ્યક્તિને દીવાલ પર ફ્રેમ થઈ જવાની નોબત આવે. ઉંમર સાથે કોઈ લેવાદેવા ન હોય એમ મરણ પોતાનો મોનોપોલી સપાટો બોલાવવામાં માહેર છે.

તાજેતરમાં બે કિસ્સા એવા બન્યા, જે હચમચાવી ગયા. બન્ને કળાજગતની માતબર સંસ્થા *ભારતીય વિદ્યા ભવન* સાથે સંકળાયેલા.

ન્યુ યોર્કમાં પ્રખ્યાત અભિનેતા દીપક દવે અને મુંબઈમાં દિગ્દર્શક-અભિનેતા કમલેશ મોતા આપણી પાસેથી છીનવાઈ ગયા. પંચાવન-સાઠની ઉંમર જિંદગીને *સાયોનારા* કહેવાની તો નથી જ નથી.

કેટલીક વાર કલ્પના પણ ધ્રુજાવી મૂકે ત્યારે એ વાસ્તવિકતા બને તો ઔર વિકરાળ લાગે, જેમની સાથે તમે કામ કર્યું હોય એ વ્યક્તિને આમ અચાનક વિદાય લેતી જોઈએ ત્યારે શૂન્યમનસ્ક થઈ બેસી પડાય. મરણનો ડર હોવો ન જોઈએ, પણ અકાળે આવતું મરણ મૂઢ માર લઈને આવે છે. જે વ્યક્તિ પોતાના ખભા પર વિશેષ અને વિશિષ્ટ જવાબદારી લઈને ચાલતી હોય એના જવાથી પરિવાર ઉપરાંત એની સંસ્થા-સંગઠનને પણ મોટો ફટકો પડે. વર્ષોની જહેમતથી ઊભા કરેલા માળખામાં એક એવી કુહાડી પડે કે કૌવત કડડડભૂસ થતું લાગે.

સ્વાભાવિક છે કે સેકન્ડ લાઈનનો વિચાર પણ દૂર દૂર સુધી દેખાતો ન હોય અને અચાનક મેગ્નિફાઈંગ ગ્લાસથી આંખથી વેંતછેટો આવી જાય ત્યારે *સેકન્ડ લાઈન લાવવી ક્યાંથી?* એ સવાલ સફાળો ઊભો થઈ જાય. એક વ્યક્તિ જાય ત્યારે સડસડાટ વહેતી જિંદગીમાં ઘેઘૂર પૂર્ણવિરામ આવી ચડે. આ પૂર્ણવિરામને અલ્પવિરામમાં રૂપાંતરિત કરવા અનુકૂળ સંજોગ એટલી સહેલાઈથી સંભવિત નથી થતા. પિતાના પગલે આગળ ચાલી મુકેશ અંબાણીએ સમયસર અગત્યની જવાબદારીમાં નવી પેઢીને સાંકળી. હવે *પછી રિલાયન્સનું શું?* એવો સવાલ ઉદ્ભવે જ નહીં એવું આયોજન કર્યું. યુદ્ધની સંભાવના હોય ત્યારે લશ્કરના અધિકારીઓએ હંમેશાં બે-ત્રણ વિકલ્પ તૈયાર રાખવા પડે. ફ્રન્ટ લાઈનની પાછળ સેકન્ડ લાઈન પણ તૈનાત હોય. આગલી હરોળના સૈનિકોને ઈજા થાય તો બીજી હરોળ તરત બાજી સંભાળી લે. તબીબી વ્યવસાયમાં જટિલ રોગની સારવાર કારગત ન નીવડે તો એના પર્યાય તરીકે ડૉક્ટર *સેકન્ડ લાઈન ઑફ ટ્રીટમેન્ટ* વિચારી જ રાખે છે.

કોરોના સામેની લડતમાં તબીબી સેવાકર્મીઓ પર ભયંકર કાર્યભાર આવી ગયો. પોતાના ઘરે પણ જઈ ન શકે એવી સ્થિતિ આવી. એમને થોડી રાહત મળે એ માટે સરકારે સેકન્ડ લાઈનની વિચારણા કરવી પડી, જેમાં મેડિકલ-પૅરામેડિકલ વિદ્યાર્થીઓને તાલીમ આપી ફરજ સોંપવામાં આવી.

વ્યક્તિની સાથે એનું કાર્ય પણ મહત્ત્વનું હોય ત્યારે સેકન્ડ લાઈન અગત્યની બની જાય. એક રસ્તો બંધ થાય ત્યારે એના પર્યાયનું મહત્ત્વ આપણને સમજાય. ઈશ્વરને પ્રાર્થના કે મરણ આવે એ પહેલાં એવી આગોતરી સ્ફુરણાની કૃપા તો કર, જેથી કાર્યની અગત્યની કડી ખડી પડે તોય કાર્યની જ્યોત અખંડિત રહી શકે. ◘



સંસ્થાપકઃ વજુ કોટક
સહસંસ્થાપકઃ મધુરી કોટક
પથદર્શકઃ હરકિસન મહેતા

ચિત્રલેખા

તા. **૨૬ ઑક્ટોબર, ૨૦૨૦** | વર્ષ: **૭૧**
અંક: **૩૬૭૯**

ચૅરમૅનઃ મૌલિક કોટક
વાઈસ ચૅરમૅનઃ મનન કોટક
તંત્રીઃ હીરેન મહેતા

chitralekha.com
chitralekha.com/facebook
chitralekha.com/twitter
chitralekha.com/youtube
chitralekha.com/instagram

મુખ્ય કાર્યાલય | તંત્રી વિભાગ | પ્રકાશન સ્થાન
'ચિત્રલેખા': ૨૫, અંધેરી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ઑફ વીરા દેસાઈ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૩.

તંત્રી વિભાગ
ફોનઃ (૯૧-૨૨) ૬૬૯૨૧૬૯૨, ૬૭૩૦૯૮૯૮

જાહેરખબર વિભાગ
ફોનઃ (૯૧-૨૨) ૬૬૯૨૧૯૧૦

પ્રકાશકઃ
મૌલિક કોટક

મુદ્રણઃ
એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજ.) પ્રાઈવેટ લિમિટેડ, ૧૪/૨, કાલિદાસ મિલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદઃ ૩૮૦૦૨૧

ઈ-મેઈલ
editorial@chitralekha.com
subscribe@chitralekha.com
advertise@chitralekha.com

સરક્યુલેશન વિભાગ
મહારાષ્ટ્રઃ ૦૨૨-૬૭૩૦૯૮૯૮
અમદાવાદઃ (૦૭૯) ૨૬૪૬૧૭૧૧
રાજકોટઃ (૦૨૮૧) ૨૪૬૭૫૨૬
વડોદરાઃ (૦૨૬૫) ૨૩૩૯૦૯૭

વાર્ષિક લવાજમ
ભારતમાં: ₹ ૧૬૫૦
(દશેરા-દીપોત્સવી વિશેષાંક, વાર્ષિક વિશેષાંક તેમ જ બોનસ રૂપે ઈ-મૅગેઝિન)

સંપર્કઃ ૦૨૨-૬૬૯૯ ૮૩૧૬
Ext-૨૫/૭૨ વિદેશમાં: ₹ ૭૨૦૦

માલિકઃ 'ચિત્રલેખા' Member: INS

અ નુ ક્ર મ



નીશુ કાચા



ઉપરાંત

મુખપૃષ્ઠ : **ચિત્રલેખા ગ્રાફિક્સ**

વાહ ભાઈ વાહ!

કાર્ટૂનિસ્ટઃ **જયદેવ**









કહેવત-કથા મુકેશ જોશી



માણસ માત્ર માસ્કને પાત્ર

આ નવી લાગતી કહેવત આમ તો *માણસ માત્ર ભૂલને પાત્ર* પરથી આવી છે. નવા જમાના પ્રમાણે નવી કહેવત આવવી જોઈએ.

એની પણ વાર્તા થવી જોઈએ.

ભૂરાને ટેવ કે એ ક્યાંય પણ જાય તો મોટો અવાજ કરે. બોલે જોરથી. બગાસું મોટેથી ખાય. ઘાંટા જોરથી પાડે. એના બધા દોસ્તો એને કહેતા કે દરેક *પ્રવૃત્તિમાં સંયમ રાખ...* પણ કોઈની વાત ભૂરો માને નહીં. અચાનક ગામમાં કોરોના ફેલાઈ ગયો.

સરપંચ અને બીજા આગેવાનોએ નિયમોનું પાલન કરવાની તાકીદ કરી, પણ ભૂરો જેનું નામ. એ માસ્ક પહેર્યા વિના ફરે એટલું જ નહીં, રસ્તા પર કે દુકાન પાસે જાણીજોઈને મોટે મોટેથી ઉધરસ ખાય કે થૂંકે. ગામના લોકો કંટાળ્યા. એમણે નજીકના પોલીસસ્ટેશનમાં ફરિયાદ કરી દીધી. પોલીસ ભૂરાના ઘરે આવી ત્યારે ભૂરો બહારથી ટહેલતો ટહેલતો આવી રહ્યો હતો. મોઢા પર કોઈ માસ્ક નહોતું. મોટે મોટેથી ગાતો ગાતો જેવો પ્રવેશ્યો કે પોલીસે કહ્યું: 'તમારે ૫૦૦ રૂપિયા દંડ ભરવાનો છે.' ભૂરો ગભરાયો ને બોલ્યોઃ 'સાહેબ, માણસ માત્ર ભૂલને પાત્ર.'

હવાલદારે એક માસ્ક એના મોઢા પર પહેરાવીને કહ્યું: 'એ હશે, પણ હવે માણસ માત્ર માસ્કને પાત્ર છે.'

૫૦૦ રૂપિયા ભરીને ભૂરાએ માફી માગી અને માસ્ક પહેરવાની ખાતરી આપી.

ઘરનાં છોકરાં સાબુ વાપરે ને કામવાળીને સેનેટાઈઝર

આ કહેવત બનાવી શકાય *ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો* એ પરથી. કોરોના આવ્યો ત્યારથી ઘરે કામ કરવા આવતી ઘણી બહેનોએ કામ છોડી દીધું. પરિસ્થિતિ બદલાઈ અને થોડી છૂટ મળતાં જ રમાએ કામ શરૂ કરવાની તૈયારી બતાવી. નીલમબહેન તો રાજી થઈ ગયાં: *હાશ, હવે જરા આરામ મળશે.* જો કે રમાએ કામ પર આવતાં પહેલાં બે શરત મૂકી: 'દર અઠવાડિયે એક નવું માસ્ક અને હાથ ધોવા સારામાં સારું સેનેટાઈઝર આપવું પડશે.'

નીલમબહેનને વાંધો નહોતો. બીજે દિવસે રમા પોતે જ મોંઘામાં મોંઘું સેનેટાઈઝર લઈ આવી અને બિલ આપતાં બોલી: 'આ બૉટલ મારી છે!'

ઘરના લોકો બહારથી આવીને સાબુથી હાથ ધોતા અને કામવાળી મોંઘું સેનેટાઈઝર વાપરવા લાગી. ઘરના લોકો ઉકાળીને ગરમ પાણી પીતા અને રમાને તુલસી અને આદુંવાળો ઉકાળો મળતો. ઘરના લોકો સાદું માસ્ક વાપરતા અને રમાને ફેન્સી માસ્ક વિના ફાવતું નહીં. પાડોશી કમળાબહેને આ જોયું તો બોલ્યાં:

'ઘરનાં છોકરાં સાબુ વાપરે ને કામવાળીને સેનેટાઈઝર.'

જસ્ટ, એક મિનિટ...

રાજુ અંધારિયા

પક્ષીઓનો રાજા એટલે ગરુડ. ખૂબ જ તાકાતવાળી એની પાંખ, જેના વડે એ આકાશને આંબે એટલી ઊંચાઈ સુધી ઊડાન ભરી શકે છે. એની દૃષ્ટિ પણ અતિ ધારદાર, ગમે એટલી ઊંચાઈએથી પણ પોતાના શિકારને એ પારખી લે ને પલકવારમાં સડસડાટ નીચે ઊતરીને પોતાના શિકારને દબોચી લે.

આવા શક્તિશાળી ગરુડની બીજી એક ખાસિયતની તમને ખબર છે? અતિશય ઝડપે વાવાઝોડું આવીને એને કશું નુકસાન પહોંચાડે એ પહેલાં આવનારા ખતરાને એ જાણી જાય છે ને એને આ અગમચેતી મળી જતાં એ ગભરાઈ જતું નથી કે પેલા શાહમૃગની પેઠે છુપાઈ જવાની વૃત્તિ પણ નથી દાખવતું. ગરુડ તો અમુક ઊંચાઈ સુધી ઉડ્ડયન ભરીને સુસવાટા મારતા પવનની રાહ જોવે છે.

ઝંઝાવાત ત્રાટકે છે ત્યારે એ પોતાની પાંખને એવી પોઝિશનમાં ગોઠવે છે કે જેથી પવન એને વધુ ઊંચાઈ સુધી, વાવાઝોડાથી પણ ઉપર ઊડવા માટે ઊંચકી લે. આ રીતે નુકસાન પહોંચાડી શકે એવા વાવાઝોડાથી ગરુડ ન તો ડરી જાય છે કે ન પલાયન થવાનો પ્રયાસ કરે છે. એના બદલે એ પવનની ઝડપનો ઉપયોગ પોતાને વાવાઝોડાથી પણ ઉપર ઊઠવા માટે કરીને મોજથી ઉડ્ડયન કરે છે.

ગરુડની આ ખાસિયત એ બોધપાઠ શીખવે છે કે આપણા જીવનમાં આવાં સંકટ કે પડકાર આવી પડે ત્યારે આપણે પણ એનાથી ઉપર ઊઠીને એમાંથી સાંગોપાંગ બહાર આવી શકીએ.

બસ, શરત માત્ર એટલી કે એવી મુસીબતથી મોઢું સંતાડવાનું નથી. જીવનમાં પડકાર તો આવવાના જ છે આથી એનાથી પીછેહઠ કરવાને બદલે એ પડકારોને અવસરમાં પલટી નાખવાનું શીખી લેવાનું છે પક્ષીરાજ ગરુડની જેમ! ◻

Powered By zota healthcare ltd.

ખેલેંગી ટીમ
જીતેગા ^દવા ઈન્ડિયા

ઓછા રોકાણ માં પોતાનો મેડિકલ સ્ટોર શરૂ કરો
ફક્ત દવાઈન્ડિયા સાથે
ફ્રેન્ચાઈઝી બનવા માટે સંપર્ક કરો **8471 009 009**

ઓફિશિયલ "લાઈફ કેર" પાર્ટનર



davaindia©
GENERIC PHARMACY



ભારતની સૌથી મોટી પ્રાઈવેટ જેનેરીક ફાર્મસી રીટેલ ચેઈન

દવાઈન્ડિયા જેનેરીક ફાર્મસી
1800 + પ્રોડક્ટ્સ
મીની સ્ટોર અને મેગા સ્ટોર

દવાઈન્ડિયા આયુર્વેદા અને વેલનેસ
800 + પ્રોડક્ટ્સ
મીની સ્ટોર અને મેગા સ્ટોર [ડ્રગ લાઈસન્સ ની જરૂર નથી]

દવાઓ ના બિલ પર ૯૦% સુધી ની બચત કરો

ડાઉનલોડ એપ







ફોલો કરો



www.davaindia.com
care@davaindia.com

ચીની આખલાને શિંગડેથી ઝાલો...

ભારત, જપાન, ઑસ્ટ્રેલિયા અને અમેરિકા એ ચાર દેશ હવે ભેગા થયા છે ચીન સામે વ્યૂહાત્મક ભાગીદારી કરવા, પણ ચીનને નાથવામાં સફળતા મળશે?

હીરેન મહેતા

ભુરાટો થયેલો આખલો વધારે જોરથી માથું હલાવે એવું અત્યારે ચીનનું થયું છે. ભારત ઉપરાંત ચીન અત્યારે તાઈવાન, વિયેતનામ, જપાન, ફિલિપિન્સ જેવા અનેક દેશ સામે તોફાને ચડ્યું છે. થોડુંય પોલું દેખાય ત્યાં ઘૂસીને બાધણું ઊભું કરવાની ચીન જેવી દાદાગીરી તાજેતરનાં વર્ષોમાં બીજા કોઈ દેશે દેખાડી નથી.

સામ્રાજ્ય વિસ્તારની ચીનની વધતી ભૂખ સામે ભારત, અમેરિકા, જપાન તથા ઑસ્ટ્રેલિયા એ ચાર દેશ હવે ઔપચારિક રીતે નજીક આવી રહ્યા છે. આ ચાર *(ક્વૉડ)* દેશ વચ્ચે રાજદ્વારી વાટાઘાટ અને સંયુક્ત લશ્કરી કવાયત તો ચાલતી જ રહેતી હતી, પણ હવે ચીન સામેનું આ અવિધિસરનું સંગઠન પણ ચારેય રાષ્ટ્રોના વિદેશમંત્રીઓની બેઠક સાથે નક્કર આકાર લેતું હોય એમ લાગી રહ્યું છે.

વ્યાપારી કે લશ્કરી હેતુસર થોડા દેશ ભેગા મળી સંગઠન બનાવે એમાં કશું નવું નથી. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકા અને તત્કાલીન અવિભાજિત સોવિયેત રશિયાની પડખે ચડેલા દેશોના નોખા નોખા ચોકા બન્યા હતા. ભારત, જપાન, અમેરિકા અને ઑસ્ટ્રેલિયાનું જૂથ એ રીતે થોડું અલગ પડે છે. *દુશ્મનનો દુશ્મન દોસ્ત* એ નાતે જ આ સંગઠન બન્યું છે.

ભારત અને જપાનને સરહદી વિવાદને કારણે અત્યારે ચીન સાથે વાંકું પડ્યું છે. ઑસ્ટ્રેલિયાના જનજીવનમાં ચીન એટલી હદે ઘૂસ્યું હતું કે હવે ઑસ્ટ્રેલિયન પ્રજાને ચીનનો તસુભાર હસ્તક્ષેપ પણ ખપતો નથી. અમેરિકા અને ચીન વચ્ચેનો વિખવાદ તો જગજાહેર છે. ચીન અત્યારે જગતજમાદાર તરીકે અમેરિકી આધિપત્યને ડગલે ને પગલે પડકારે છે. ટૂંકમાં, આ ચાર દેશ જુદી જુદી રીતે ચીનથી દુભાયેલા છે અને એમની આપસી દોસ્તી કરતાં ચીન સાથેની દુશ્મની આ *ક્વૉડ* સંગઠનનું વધારે મોટું ચાલક બળ છે.

ભારત અને જપાનના સંબંધ વર્ષોથી સુમેળભર્યા રહ્યા છે. પ્રાચીન સંસ્કૃતિનું થોડું જોડાણ પણ ખરું. એ પ્રમાણમાં ભારત અને ઑસ્ટ્રેલિયા તો બહુ મોડા મોડા દોસ્ત બન્યા છે તો અમેરિકાના ભારત સાથેના સંબંધ એનાં વેપારી હિત પર હંમેશાં વધુ આધારિત રહ્યા છે. ૧૯૭૧ના બાંગ્લાદેશ યુદ્ધ વખતે આ જ અમેરિકાએ ભારતને ડારવાના પ્રયાસમાં કોઈ કચાશ રાખી નહોતી. ૧૯૯૦ના દાયકામાં ભારતને નવી ટેક્નોલૉજી આપવામાં પણ અમેરિકાએ અનેક આડખીલી પેદા કરી હતી. એ તો હવે ભારતે વૈશ્વિક સ્તરે કાઠું કાઢવા માંડ્યું છે અને ચીનને એની સરહદે બાંધી રાખવા અમેરિકાને કોઈની જરૂર છે એટલે એણે ભારતનો સાથ લીધો છે.



ચીન સાથે દુશ્મનીના મુદ્દાને કેન્દ્રમાં રાખી આકાર લેનારા *ક્વૉડ* સંગઠનના ભવિષ્ય વિશે અત્યારથી કંઈ કહેવું વધુપડતું વહેલું ગણાશે. હમણાં તો ચાર દેશના વિદેશમંત્રીઓની બેઠકમાં તો ચીનનો ઉલ્લેખ જ બહુ ઓછી વાર કરવામાં આવ્યો. આ તો *છાશ લેવા જવું ને દોણી સંતાડવી* જેવી વાત છે. ચીન લડાખ મોરચે આવીને ભારતને ખુલ્લેઆમ લલકારે છે, આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા સામે હાકોટા ભરે છે તો ચીનનું નામ લેવામાં આટલો સંકોચ શા માટે?

દોસ્તી અને દુશ્મનીમાં અસમંજસની આવી સ્થિતિ ન ચાલે.

25% Discount
on Labour Charge

made with
perfection
set in style...

Happy
Navratri



HALLMARKED GOLD
GOLD YOU CAN TRUST
916

ભારત સરકાર માન્ય હોલમાર્ક જ્વેલર્સ



Vajubhai Jewellers

Palace Road, Rajkot. Ph.: 2232232, 2230901 90163 99001

બિહાર વિધાનસભાઃ પાસવાનની ગેરહાજરી પરિણામ બદલશે?

આમ તો *કાગનું બેસવું અને ડાળનું તૂટવું* જેવો આકસ્મિક આ ઘટનાક્રમ હતો. પાછલાં ઘણાં વર્ષોથી બિહારના રાજકારણ પર ઘેઘૂર વડલાની જેમ ફેલાઈ ગયેલા નીતિશ કુમારની હાજરીને કારણે ભાજપ જેવા રાષ્ટ્રીય પક્ષને માંડ પોતાની જગ્યા બનાવવા અવકાશ મળે છે એટલે નીતિશના *જનતા દળ (યુનાઈટેડ)* અને ભાજપ સિવાયના કોઈ પક્ષને તો અસ્તિત્વ ટકાવવામાં પણ વાંધો પડે એવી હાલત છે.

બાકી હતું તે બિહારી પ્રજાની રગેરગથી વાકેફ એવા લાલુપ્રસાદ જેલમાં છે એટલે વિરોધ પક્ષોને એક તાંતણે બાંધી શકે એવોય એક ઢંગનો આગેવાન બિહારમાં નથી. આ કારણે જ બિહારમાં વિધાનસભાની ચૂંટણી ઘોષિત થઈ ત્યારે અનેક રાજકીય નિરીક્ષકોએ નીતિશ કુમારની વધુ એક મુદત પાક્કી ગણાવી કાઢી હતી. એ પછી મર્યાદિત સંખ્યામાં મતદારો પર પ્રભુત્વ ધરાવતા રામવિલાસ પાસવાનના *લોક જનશક્તિ પક્ષે* નીતિશનું નેતૃત્વ સ્વીકારવાનો ઈનકાર કર્યો ત્યારેય કોઈને નીતિશ સામેનો ખતરો વધ્યો હોય એમ લાગ્યું નહોતું.

આ એક અતિ વિચિત્ર લાગે એવું પગલું હતું. પાસવાનનો પક્ષ ભાજપની સાથે ખરો, પણ નીતિશની સાથે નહીં! નીતિશ સાથે સરકારમાં ભાજપ ભાગીદાર અને પાસવાનના પક્ષ સાથેય એને સંબંધ. બિહાર ચૂંટણીનાં નવેસરથી સમીકરણ મંડાતાં હતાં ત્યાં રામવિલાસ પાસવાન મૃત્યુ પામ્યા. વિશ્વનાથ પ્રતાપ સિંહથી માંડી અટલ બિહારી વાજપેયી, દેવે ગૌડા, મનમોહન સિંહ, ગુજરાલ અને છેલ્લે નરેન્દ્ર મોદી સુધીના વડા પ્રધાનની સરકારમાં કોઈ ને કોઈ રીતે ગોઠવાઈ જવાની જબરી કુનેહ પાસવાનમાં હતી અને આ એક જ આવડતના જોરે એ વર્ષો સુધી ભારતીય રાજકારણમાં ટકી રહ્યા હતા. થોડા મહિનાથી રામવિલાસ માંદા હતા અને એમનો પુત્ર ચિરાગ જ પક્ષ સંભાળતો હતો. નીતિશના પક્ષ સાથે છેડો ફાડવાનો નિર્ણય ચિરાગનો જ હતો.



ફોટોઃ પીટીઆઈ

ચિરાગ તથા રામવિલાસ પાસવાનઃ પિતાની જેમ રાજકીય વફાદારી બદલાતી રહેશે?

હવે જોવાનું છે કે રામવિલાસનું મૃત્યુ ચૂંટણીમાં એમના પક્ષને કોઈ ફાયદો કરાવી શકે છે કે નહીં. ભારતના મતદારો ભાવુક છે અને લાગણીના પ્રવાહમાં તણાઈને વોટ આપે છે એના દાખલા ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા અને કંઈક અંશે ૧૯૯૧માં રાજીવ ગાંધીના કમોત પછી જોવા મળ્યા હતા. રામવિલાસ પાસવાન દલિત નેતા ખરા, પરંતુ દલિતમાં પણ સર્વમાન્ય નહીં. વળી, તળિયા વગરના લોટાની જેમ જે કોઈ પક્ષને બહુમતી મળે એને ભાણે જઈને બેસી જવામાં છોછ ન રાખવાને કારણે દલિતોમાં એમની ખાસ વિશ્વસનીયતા નહોતી. જો કે માણસ મરે પછી આવું બધું ભૂલી જવાતું હોય છે. એમનો પક્ષ ચોક્કસ રામવિલાસનું નામ વટાવી ખાવાનો પ્રયત્ન કરશે અને જાહેરમાં નીતિશ કુમારને થાબડભાણાં કરનારો ભાજપ પાછલે બારણે ચિરાગ પાસવાનને ઊંચે ચગવા માંજો આપશે. આજે નહીં તો કાલે, ભાજપને બિહારનું મુખ્ય પ્રધાનપદ જોઈએ છે. બદલાયેલા સમીકરણમાં ચિરાગ પાસવાન ભાજપ માટે સત્તાની નિસરણી બની શકે છે.

આ કૂચામાં હવે રસ-કસ નથી!

સુશાંતસિંહ રાજપૂત કોઈ ફિલ્મઅભિનેતાને બદલે એક સામાન્ય માણસ હોત તો એની આત્મહત્યાની કદાચ નોંધ પણ ન લેવાઈ હોત. એના આપઘાતના મહિનાએક પછી મોત સાથે કેફી દ્રવ્યોનો સંબંધ બહાર આવ્યો હોત તોય કોઈ ભોજિયાભાઈએ એની દરકાર ન કરી હોત. કોઈ પ્રકારના પુરાવા વગર માત્ર ને માત્ર સનસનાટી પેદા કરવા અમુક લોકો મમતે ચડ્યા અને બીજા ઘણા લોકો પોતાની ભાખરી શેકી લેવા વચ્ચે આવ્યા. આ કેસમાં એવા કેટલાય લોકો કૂદ્યા, જેને સુશાંત સાથે કોઈ લેવાદેવા નહોતી.

મુંબઈ પોલીસ પછી *સીબીઆઈએ* પણ કહી દીધું છે કે *આ સાદોસીધો આપઘાતનો* કેસ *હતો.* મુંબઈની જેમ દિલ્હીના તબીબોની ટુકડીએ પણ એમના ફોરેન્સિક રિપોર્ટમાં આ સ્પષ્ટ કર્યું છે. સુશાંતની હત્યા થઈ કે એને આત્મહત્યા કરવા મજબૂર કરવામાં આવ્યો એ બધી મનઘડંત વાત સાબિત થઈ છે. એને કેફી દ્રવ્યનું બંધન હતું તો એવા તો કેટલાય લોકોને છે. એ હતાશાથી પીડાતો હતો તો એવા લાખો લોકો આ માનસિક વ્યાધિ ભોગવે છે. એમનાં વ્યસન કે અપમૃત્યુને આવો તમાશો કેટલા લોકો બનાવે છે?


સવાલ અહીં કોઈની અવહેલના કરવાનો નથી, પણ વાસ્તવિકતા સ્વીકારવાનો છે. એના પરિવારજનો અને વકીલો હજી વધુ તપાસની માગણી કરે છે, પણ મુંબઈ જેવી બાહોશ પોલીસ અને *સીબીઆઈએ* આખો કેસ ખણખોદી નાખ્યો હોય પછી હવે આમાં નવું નીકળવા જેવું કશું નથી. શેરડીના સાંઠામાંથી પણ બધો રસ નીકળી ગયા પછી કૂચો જ રહે છે. સુશાંતના કુટુંબીજનો તપાસનું તથ્ય કબૂલી લે એમાં જ સમજદારી છે. ઝાઝું ન ભણેલા ગોવાળ પણ ગાયનું બધું દૂધ ઉસેડી લેતા નથી. ◘

feedback2hiren@chitralekha.com

SINCE 2008

રસોઈ માટે તૈયાર...

શ્રી હરિ®



રેડી-ટુ-કૂક મસાલા



શ્રી હરિ રેડી-ટુ-કૂક મસાલાનાં છે 52 સ્વાદ,
રમો નવરાત્રીનાં ગરબા ને રાસ,
લઈને સ્વાદિષ્ટ વાનગીઓનાં આસ્વાદ...

આપ સૌને નવરાત્રીની હાર્દિક શુભેચ્છાઓ...











બ્રેકફાસ્ટ, ફાસ્ટ ફુડ મસાલા	ગુજરાતી, કાઠીયાવાડી મસાલા	પંજાબી મસાલા	ચાઈનીઝ મસાલા	ફરાળી મસાલા	ડેઝર્ટ મસાલા	સીઝનલ મસાલા

★ હવે ઘેર બેઠાં ઓનલાઈન શોપીગ કરો, વેબ સાઈટ દ્વારા.... www.shriharimasala.com

RI HARI MASALA, Guj., INDIA. | E-mail: shriharimasalahalol@gmail.com |  CUSTOMER CARE : 94092 00015

ગુજરાત ડાયરી

મહાદેવના ગામમાં સરસ્વતીનું ધામ

બાર જ્યોતિર્લિંગમાં પ્રથમ ગણાતા સોમનાથ મહાદેવના મંદિરની ખ્યાતિ તો આખા જગમાં છે. પ્રભાસ પાટણ એ મહાદેવનું ગામ જ કહેવાય. ત્યાં ધાર્મિક સ્થળ તો અનેક છે, પરંતુ *સોમનાથ ટ્રસ્ટે* અહીં *યાત્રી સુવિધા કેન્દ્ર* ખાતે પુસ્તકાલય પણ શરૂ કર્યું છે. અનલૉક-પાંચની સાથે હવે આ ગ્રંથાલય પણ ધમધમી રહ્યું છે. સોમનાથ પુનઃ નિર્માણ ઉપરાંત સોમનાથના ઈતિહાસ અને પૌરાણિક વારસા સાથે જેમનું નામ અનન્ય રીતે જોડાયેલું છે એવા ગુજરાતી સાહિત્યના મહાન લેખક કનૈયાલાલ માણેકલાલ મુનશીનું નામ આ ગ્રંથાલયને આપવામાં આવ્યું છે.

*સોમનાથ ટ્રસ્ટ*ના જનરલ મૅનેજર વિજયસિંહ ચાવડા *ચિત્રલેખા*ને કહે છે કે સોમનાથમાં *ટીએફસી ભવન* ખાતે વિવિધ સુવિધાસભર *સ્વર્ગીય કનૈયાલાલ મુનશી ગ્રંથાલય* શરૂ કરવામાં આવ્યું છે, જેમાં ધાર્મિક-આધ્યાત્મિક પુસ્તક-નવલકથા-નાટકો-જનરલ નોલેજ સહિતનાં અનેક પુસ્તકો ઉપલબ્ધ છે, જ્યાં કોરોના વૈશ્વિક મહામારીને અનુલક્ષીને ખાસ સુરક્ષાની સરકારની ગાઈડલાઈન મુજબ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સોશિયલ ડિસ્ટન્સ સાથે વાચકોને બેસવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આ ગ્રંથાલય અત્યારે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે વરદાન સમું બન્યું છે. હાલમાં ગીર સોમનાથ જિલ્લાના ૩૦થી વધુ વિદ્યાર્થી અહીં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે આવે છે. વાંચનપ્રેમી લોકો માટે તો *સ્વર્ગીય કનૈયાલાલ મુનશી ગ્રંથાલય* ઉત્તમ સ્થળ બની રહેશે. ગ્રંથાલયમાં જોડાવા માટે ૯૯૭૮૬૧૪૦૨૩ આ મોબાઈલ નંબર પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.



નિરાંતે બેસીને વાંચવાનું મન થાય એવું ગ્રંથાલય.

બોલો, મિનિસ્ટર ખાદી ખરીદવી છે?

આઝાદી આંદોલનના ભાગ રૂપે દેશમાં *સ્વદેશી ચળવળ* શરૂ થયેલી. લોકો પરદેશી વસ્તુનો બહિષ્કાર કરતા. પરદેશી કપડાંની હોળી કરી લોકો ઘરે કાંતેલી ખાદીના પોશાક પહેરતા. ગાંધીજીની ઈચ્છા હતી કે દેશના દરેક ગરીબને એનું શરીર ઢાંકવા વસ્ત્ર મળે. એ માટે ગાંધીજી દેશભરમાં ખાદીનો પ્રચાર કરતા.

એ જમાનાની ખાદી અને અત્યારે ગાંધીજીની ૧૫૧ જન્મજયંતીએ વેચાતી ખાદીમાં જમીન-આસમાનનો ફરક છે. પહેલાંની ખાદી નાનામાં નાનો માણસ ખરીદી શકતો. આજે *ખાદી ગ્રામોદ્યોગ*માં મળતી કલકત્તી રિન્કલ ફ્રી માત્ર પૈસાદાર લોકો અને મોટા રાજકારણી જ ખરીદી શકે એમ છે. કદાચ આ જ કારણે વડોદરાના *ખાદી ગ્રામોદ્યોગ કેન્દ્ર*નો એક સેલ્સમૅન એ કલકત્તી રિન્કલ ફ્રી ખાદીને *મિનિસ્ટર ખાદી* તરીકે ઓળખાવે છે. એ ખાદીનો એક મીટરનો ભાવ રૂપિયા ૩૫૦૦ છે. જો કે *ખાદી ગ્રામોદ્યોગ*માં સસ્તી ખાદી પણ મળે છે, જે સામાન્ય લોકો ખરીદી શકે.



લો, સાડા ત્રણ હજાર રૂપિયે મીટરના ભાવની ખાદી.

કોલકાતા રિન્કલ ફ્રી ખાદીની વાત કરીએ તો કોલકાત્તાના વણકરો આ રિન્કલ ફ્રી ખાદી તૈયાર કરે છે. એ ખાદીની માગ ખૂબ છે. એના પ્રમાણમાં એનું ઉત્પાદન ઓછું છે એટલે અનેક નેતા એ ખાદી માટે ઍડ્વાન્સ બુકિંગ કરાવે છે. કલકત્તાની રિન્કલ ફ્રી ખાદી અંગે વડોદરાના *ખાદી ગ્રામોદ્યોગ કેન્દ્ર*ના મૅનેજર જસવંતભાઈ દલવાડી *ચિત્રલેખા*ને કહે છે કે અમારી પાસે રૂપિયા ૧૫૦થી માંડી રૂપિયા ૩૫૦૦ની કિંમતની જુદી જુદી ખાદી છે. હાલ ગાંધીજયંતીને કારણે ખાદી પર ૨૦થી ૩૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. આજે સમાજના દરેક વર્ગના લોકો ખાદીનાં વસ્ત્રો પહેરવાનું પસંદ કરે છે. આજનો યુવાવર્ગ ખાદીનાં વસ્ત્રો હોંશે હોંશે ખરીદે છે.

ગાંધીજયંતીથી દેશ બહારના ખાદી ભંડારમાં મહિના-દોઢ મહિના સુધી ખાદીનાં વસ્ત્ર પર ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. વડોદરાના ખાદી ભંડારમાં આ વર્ષે કોરોનાને કારણે ગાંધીજયંતીના દિવસે માત્ર રૂપિયા છ લાખની ખાદી વેચાઈ. ગયા વર્ષે ગાંધીજયંતીના એક જ દિવસે અહીં રૂપિયા ૩૦ લાખની ખાદી વેચાઈ હતી. ગયા વર્ષે દોઢ મહિનામાં રૂપિયા બે કરોડથી વધુનું વેચાણ હતું એ સામે આ વર્ષે ૭૭ દિવસમાં એક કરોડ અને પંદર લાખનું વેચાણ થવાની ધારણા છે.

ફૂડ સિક્યુરિટી ઍક્ટ હેઠળ વધુ ૧૦ લાખ પરિવારોને રાહતદરે અનાજ આપવાનો ઐતિહાસિક નિર્ણય



ગરીબ અને શ્રમજીવી વર્ગના લોકો માટે શ્રી વિજય રૂપાણીનો સંવેદનાસ્પર્શી નિર્ણય


રાજ્ય સરકારના નિર્ણયની મહત્વપૂર્ણ બાબતો

- આ નિર્ણયથી રાજ્યના વધુ ૫૦ લાખ લોકોને રાહતદરે અનાજનો લાભ મળશે
- આ નિર્ણય હેઠળ લાભાર્થીઓને દર મહિને વ્યક્તિદીઠ ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા રાહતદરે આપવામાં આવશે
- રાજ્યની તમામ દિવ્યાંગ વ્યક્તિઓ અને ગંગાસ્વરૂપ માતા અને બહેનોનો NFSA હેઠળ સમાવેશ
- વૃદ્ધ પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવતા વડીલોને પણ NFSA માં સમાવવામાં આવશે. NFSA હેઠળ અનાજ મેળવવાની વયમર્યાદા ૬૫ વર્ષથી ઘટાડીને ૬૦ વર્ષ કરવામાં આવી
- રાજ્યના વિવિધ શહેરો અને ગામડાઓમાં રિક્ષા, છકડો, મિનિ ટેમ્પો જેવાં વાહનો ચલાવીને રોજરોટી મેળવતા નાના વર્ગના લોકોને પણ અપાશે NFSA નો લાભ
- બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલા શ્રમિકોને પણ મળશે રાહતદરે અનાજનો લાભ
- NFSA માં સમાવિષ્ટ ન હોય તેવા BPL પરિવારોને પણ ફૂડ સિક્યુરિટી ઍક્ટના લાભો મળતા થશે

કોરોનાને કારણે લોકડાઉનના ત્રણ મહિના દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ૫.30 કરોડ લોકોને રૂ. ૩૩૯૪ કરોડના મૂલ્યનું ૧૨.૫૦ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું

રાજ્યમાં કોઈપણ ગરીબ કે શ્રમજીવી નાગરિકને ભૂખ્યાં પેટે ન સૂઈ રહેવું પડે એ માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે
-શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

z



ગિરનારની કમંડળ કુંડ ટૂક પર બાપુની રામકથા

***શુદ્ધો** અને સિદ્ધોની આ ભૂમિ પરથી આપ સૌને મોરારિબાપુના જય સિયારામ...*

જૂનાગઢમાં જ્યારે પણ કથા હોય ત્યારે મોરારિબાપુ આવું બોલીને એ દિવસની કથાની શરૂઆત કરે. પછી કથા દરમિયાન વારંવાર દત્ત ભગવાન, અંબાજી અને સમગ્ર ગિરનાર ક્ષેત્રનો ઉલ્લેખ કરતા જાય. અત્યાર સુધી ઘણી કથા બાપુએ ગિરનારના સાંનિધ્યમાં કરી છે, પરંતુ પહેલી વાર ગિરનાર પર્વત પર રામકથાનું આયોજન થઈ રહ્યું છે. જો કે કોરોનાની સ્થિતિને લીધે આ કથા પણ તાજેતરની ત્રણ કથાની જેમ શ્રોતા વગરની રહેશે, પરંતુ આ એક વિશિષ્ટ કથા હશે.

જે લોકો ગિરનારની યાત્રા કરી ચૂક્યા છે એમને ખબર છે કે ૩૩૩૦ ફૂટ ઊંચે અંબાજીની ટૂકે પહોંચ્યા પછી ગુરુ ગોરખનાથના શિખરે જઈ નીચે ઊતરતી વખતે ૩૨૪૫ ફૂટની ઊંચાઈએ કમંડળ કુંડની જગ્યા છે. દત્તાત્રેય ભગવાનના શિખરના રસ્તે એ આવે છે. દત્ત ભગવાનનો ત્યાં ધૂણો છે અને આટલી ઊંચાઈએ પણ ત્યાં વર્ષોથી અન્નક્ષેત્ર ચાલે છે. આ કમંડળ કુંડ પર બાપુ ૧૭થી ૨૫ ઑક્ટોબર, પહેલા નોરતેથી દશેરા સુધી કથા કહેવાના છે.

મોરારિબાપુએ કૈલાસ માનસરોવરમાં પણ રામકથાનું ગાન કર્યું અને કાશીમાં મણિકર્ણિકા ઘાટ પાસે પણ રામકથા કહી. કન્યાકુમારીમાં પણ કથા કરી. ૨૦૧૬માં માનસ રુખડ અને ૨૦૧૭માં *માનસ નાગર કથા* જૂનાગઢમાં કરી, પરંતુ ગિરનાર પર્વત પર આ પ્રથમ કથા છે એટલે એનું મહત્ત્વ છે.

ચિત્રલેખા સાથે વાત કરતાં મોરારિબાપુ કહે છે કે નવરાત્રિમાં એક અનુષ્ઠાન ગિરનાર પર થઈ રહ્યું છે એનો આનંદ છે. માતાજીને, દત્ત ભગવાનને પ્રાર્થના કે જલદી વિશ્વ કોરોનામાંથી મુક્ત થઈને પુનઃ દોડવા લાગે.

ગિરનાર પર્વત પર થઈ રહેલી આ કથાના નિમિત્તમાત્ર યજમાન રાજકોટના જયંતીભાઈ ચાંદ્રા છે. એક અઠવાડિયાથી વ્યવસ્થા માટે કમંડળ કુંડ પર પહોંચી ગયેલા જયંતીભાઈએ *ચિત્રલેખા*ને કહ્યું કે કથા માટે સરકારી તંત્રની મંજૂરી મેળવી લેવામાં આવી છે. એ પહેલાં ગિરનાર ક્ષેત્રના તમામ સાધુ-સંતો, જગ્યાના મહંતોના પણ આશીર્વાદ કથા માટે અમે લીધા છે. કમંડળ કુંડની કથા માટે મહંત મુક્તાનંદગિરિબાપુ, ભંડારીબાપુ, મંગલબાપુ, મિસ્ત્રીબાપુ તથા નીરવભાઈ પુરોહિતનો સહયોગ સાંપડ્યો છે.

કથામાં કોઈ શ્રોતા નહીં હોય. *આસ્થા* ટીવીચૅનલ અને સંગીતની દુનિયાની યુટ્યૂબ ચૅનલ પરથી કથા લાઈવ સવારે ૯:૩૦થી બપોરે ૧૨:૩૦ સાંભળી શકાશે.

આ પણ ઉપાય છે ઉઘરાણીનો

કોરોનાને કારણે અત્યારે ઘણી કપરી સ્થિતિ ઊભી થઈ છે. રોજગાર-ધંધાને સૌથી વધારે અસર પડી છે. ખાસ કરીને આવા સમયમાં માલની ખરીદી સામે પૈસાની ઉઘરાણીના પ્રશ્ન આવે છે. સિરામિક ઉદ્યોગ માટે જાણીતા મોરબીમાં પણ આ સમસ્યા આવી ત્યારે આ ક્ષેત્રના આગેવાનોએ જરા અલગ તરીકો અપનાવ્યો.

શરૂઆતમાં શાખ બાંધીને દેશનાં વિવિધ રાજ્યોમાંથી અમુક હોલસેલ સિરામિક ટ્રેડર્સ મોરબીના ટાઈલ્સ ઉત્પાદકો પાસેથી ગાડીઓ ભરી ભરીને માલની ખરીદી કરે છે. ત્યાર બાદ અમુક વેપારી સિરામિક યુનિટના પૈસા ધીમે ધીમે બાકી રાખવાનું શરૂ કરી અંતે હાથ ઊંચા કરી દે એને કારણે આ કારખાનેદારોની મોટી ઉઘરાણી ફસાઈ જતી હોવાના બનાવ બહુ બનતા. કોર્ટ-કચેરીના ચક્કરમાં પડવાનું મોટા ભાગે કારખાનેદારો ટાળતા હોવાથી આવા લેભાગુ વેપારી ફાવી જાય.

લૉકડાઉન અને ત્યાર બાદ અનલૉકના ગાળા દરમિયાન મોરબી સિરામિક ઉદ્યોગે કરોડો રૂપિયાનું ટર્નઓવર ગુમાવ્યું. મંદી અને બાંધકામ ઉદ્યોગમાં નિરુત્સાહી વાતાવરણને લઈને આમ પણ આ ઉદ્યોગ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ફસાયેલી ઉઘરાણી વસૂલવા કોઈકને નવો વિચાર આવ્યો. *સિરામિક ઉદ્યોગ ઍસોસિયેશન*ના પ્રમુખ નીલેશ જેતપરિયા *ચિત્રલેખા*ને કહે છે કે દરેક ફૅક્ટરીમાં પેમેન્ટ કલેક્શનનો કાર્યભાર સંભાળતા લોકોનું એક *વ્હૉટ્સઍપ ગ્રુપ* બનાવવામાં આવ્યું છે. આ ગ્રુપમાં રોજ ત્રણ ફૅક્ટરીનું લિસ્ટ શૅર કરવામાં આવે છે, જેની સાથે કોઈ પાર્ટીએ ચીટિંગ કર્યું હોય. આ લિસ્ટ ગ્રુપમાં આવ્યા બાદ તમામ મેમ્બર એવી ચીટર પાર્ટીને મેસેજ કરે છેઃ *તમે ચીટર છો? તમારે ભવિષ્યમાં મોરબીમાં કામ નથી કરવું કે શું?*

એક જ દિવસમાં એકસાથે આવા ૨૫૦ મેસેજ મળતાં શરમ-ક્ષોભના માર્યા કે આબરૂ જવાના ભયે તથા ભવિષ્યમાં મોરબી ખાતે વ્યાપાર નહીં કરી શકીએ એવી બીકને લઈને વેપારી સિરામિક યુનિટ સાથે સમાધાન માટે સામેથી સંપર્ક કરે છે. મોટા ભાગે તો અટકેલું પેમેન્ટ એકસાથે અથવા ટુકડે ટુકડે ચૂકવી આપે છે. આમ જે કામ માટે કાનૂની માર્ગ અપનાવવો પડે એ કામ ખૂબ સરળતાથી સંપન્ન થઈ જાય છે.



કોઈપણ મુશ્કેલીમાં ધરતીપુત્રોની પડખે
ઊભી રહેતી રૂપાણી સરકાર



ભારે વરસાદને કારણે ખરીફ પાકને થયેલા નુકસાન સામે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ખેડૂતો માટે જાહેર કર્યું રૂ. ૩૭૦૦ કરોડનું સહાય પેકેજ



રાજ્યના લગભગ ૨૭ લાખ ખેડૂતોને મળશે પાક નુકસાન સહાયનો લાભ



'પાક નુકસાનીનો સામનો કરી રહેલા ખેડૂતોની પડખે ઊભી છે રાજ્યની સંવેદનશીલ રૂપાણી સરકાર'- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

ઈશ્વરના દૂત માટે બારણાં ખુલ્લાં છે...

અચાનક માર્ચ, ૨૦૨૦માં આપણાં જીવનચક્ર કોરોનાએ થંભાવી દીધાં. સૌએ પોતપોતાની રીતે તકલીફ વેઠી. આ વિશે ભાવનગરના જાણીતા પીડિયાટ્રિક ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. કૌશલ ભટ્ટ *ચિત્રલેખા*ને જરા જુદી, પણ ઈમોશનલ વાત કરે છેઃ

'જે બાળકો મારા પેશન્ટ હતાં અને ઘરે હતાં એમાંથી અમુકને કસરતના અભાવે તકલીફો વધવા માંડી. સરકારે લૉકડાઉનમાં દવાખાનાં ખુલ્લાં રાખવાની તો છૂટ આપેલી, પણ ૨૧ દિવસના પહેલા લૉકડાઉનમાં લોકો બહુ બહાર આવતા નહોતા. સરકારે બીજું લૉકડાઉન જાહેર કર્યું ત્યારે તબીબોને પણ ખયાલ આવ્યો કે ફિઝિયોથેરાપીની જરૂર હોય એવાં બાળકોને સારાં કરવાં હશે તો કામ કરવું જ પડશે. જો કે હજી છ મહિના પછી પણ કોરોનાના ડરને કારણે લોકો ખાસ બહાર આવી શકતા નથી. આમ છતાં જે આવવા માગતા હતા એમના માટે અમે કામ શરૂ કર્યું.'



એક બાળદરદી સાથે ડૉ. કૌશલ ભટ્ટઃ કોરોનાના ડર કરતાં આમનો ઈલાજ વધુ જરૂરી છે.

કૌશલભાઈ ઉમેરે છે કે એ વખતે લોકો કહેતા કે અમે ડૉક્ટર *કોરોના વૉરિયર્સ છીએ*, પણ હું મારી જાતને કોરોના વૉરિયર કહી શકું એવું નહોતું. પીડિયાટ્રિક ફિઝિયોથેરાપીમાં અમારે કોરોના પેશન્ટના નહીં, પણ મોટા ભાગે એવાં બાળકોના તથા એમનાં માવતરના સંપર્કમાં આવવાનું હોય, જેમનો વિકાસ મંદ છે, મોડો છે, જે અતિશય ચંચળ છે કે જેમને બીજી કોઈ આનુવંશિક કે જન્મજાત બીમારી છે.

ડૉ. કૌશલ એમના ક્લિનિકને દિવસમાં બે વખત સોડિયમ હાઈપોક્લોરાઈડથી તથા બે વખત અલ્ટ્રાવાયોલેટ લાઈટથી સેનેટાઈઝ કરાવે છે. બાળકોનાં બધાં રમકડાં વારંવાર ચોખ્ખાં કરાવે છે. એ કહે છેઃ 'મારે *ચિત્રલેખા*ના માધ્યમ દ્વારા માવતરને એટલું જ કહેવું છે કે જો આપના બાળકને ફિઝિયોથેરાપીની, કસરતની જરૂર હોય તો જરાય ડર્યા વિના, સંકોચ વિના એનો ઈલાજ કરાવજો. એવું ન બને કે કોરોનાને લીધે આપનાં લાડલા-લાડલીને જીવનભરની ખામી રહી જાય. તમારી નજીકના ડૉક્ટરને અવશ્ય મળજો. એમનું માર્ગદર્શન લેજો. આળસ ન કરતા.'

મરણોત્તર ક્રિયાનો મલાજો

ઘરમાં કોઈનું મૃત્યુ થાય એ દિવસે ઘરનો ચૂલો ન સળગે એ પ્રથા આપણે ત્યાં બહુ સામાન્ય છે. કોઈ સગાંસંબંધી કે પડોશી મૃતકના ઘરે ખીચડી-શાક ઢાંકી જાય. હવે એ રિવાજમાં થોડો ફેરફાર આવ્યો છે, પણ રૂઢિચુસ્ત સમાજના લોકો હજી જૂના રિવાજને વળગી રહ્યા છે. વડોદરાના જગદીશભાઈ માખીજાનીએ એવા લોકો માટે અનોખી શ્રદ્ધાંજલિસેવા શરૂ કરી છે. મૃતકના પરિવારના લોકો તથા ઘરે આવેલા લોકો માટે (વિધિના દિવસો દરમિયાન) એ નિઃશુલ્ક ભોજન મોકલાવે છે. સાથે વિધિ માટે મહારાજની વ્યવસ્થા પણ પોતાના ખર્ચે કરે છે.



જગદીશભાઈ માખીજાનીઃ મરણ થયું હોય એ ઘરમાં ભોજનસેવા.

હાલ નિવૃત્ત જીવન જીવતા જગદીશભાઈ *ચિત્રલેખા*ને કહે છે કે લૉકડાઉન દરમિયાન એક રાતે કોઈ અજાણ્યા માણસે મારા ઘરનો દરવાજો ખખડાવ્યો. બહાર આવીને જોયું તો છ-સાત જણ હતા. એમાંના એક આધેડે કહ્યું કે *અમે તમારા બંગલા પાછળની ઝૂંપડપટ્ટીમાં રહીએ છે. ઝૂંપડપટ્ટીમાં એક વૃદ્ધનું મરણ થયું છે. એ વૃદ્ધના ઘરમાં કોઈની પાસે અગ્નિદાહ દેવાના પૈસા નથી. આપ થોડા રૂપિયાની મદદ કરો તો કાલે સવારે એ વૃદ્ધની નનામી સ્મશાનમાં લઈ જઈએ.* એ લોકોની વાત સાંભળી એમને જોઈતા રૂપિયાની મદદ કરી. એ પછી વિચારમાં પડી ગયોઃ *એ વૃદ્ધની પાછળ કરવાના સામાજિક રીત-રિવાજનું શું? એ માટે રૂપિયા ક્યાંથી લાવશે?* એ વિચારે મને સૂવા ન દીધો. એ રાત્રે જ નક્કી કર્યું કે જરૂરતમંદ લોકોને એમના સ્વજનના મૃત્યુ બાદ બનતી તમામ મદદ કરવી. આમ શ્રદ્ધાંજલિસેવાનો આરંભ થયો.

એ પહેલાં શહેરના કેટલાક બ્રાહ્મણો પાસેથી એમણે વિવિધ સમાજમાં પ્રચલિત મરણોત્તર ક્રિયા વિશે માહિતી ભેગી કરી. અસ્થિ વિસર્જનથી માંડી બારમા-તેરમા સુધીની વિધિ, એ પાછળ થતો ખર્ચ, વગેરેનો અંદાજ મેળવ્યો.

જગદીશભાઈ કહે છે કે મોટા ભાગે નીચલા વર્ગના લોકો આ સેવાનો લાભ લે. મોટા ભાગના ગુજરાતી પરિવાર ઘરમાં મરણના દિવસે ખીચડી-કઢી મગાવે છે. શહેરમાં મરાઠી વસતિ પણ ખાસ્સી વધારે છે. એ લોકો ખીચડી-કઢી પસંદ કરતા નથી. એ લોકોને એમની મરજી મુજબની વાનગી પહોંચતી કરીએ. છેલ્લા ત્રણ દિવસ મૃતક પરિવારના મોભીની પસંદગીની વાનગી મોકલાવીએ. ત્રણેય દિવસ અલગ અલગ મીઠાઈ બને. એમાં ગુલાબજાંબુ, શુદ્ધ ઘીના લાડુ કે મોહનથાળ હોય. એની સાથે ફરસાણમાં ફૂલવડી અને ગાંઠિયા ઉપરાંત પૂરી, શાક, કઢી કે દાળ અને છાશ. સાથે થર્મોકોલની ડિશ અને પ્લાસ્ટિકના કપ પણ ખરાં. એ ત્રણે દિવસ અમારા મહારાજ વિધિ કરાવે અને મરણના દિવસે શબવાહિની પણ અમે જ મોકલીએ. એ તમામ સેવા નિઃશુલ્ક. એ તમામ કાર્યમાં *સતનામ સખી*નો પૂરેપૂરો સહકાર મળે છે. અમારી સેવા વડોદરા શહેર પૂરતી મર્યાદિત છે. અને હા, શ્રદ્ધાંજલિસેવા સરકારી ગાઈડલાઈન પ્રમાણે ૫૦ લોકો માટે જ હોય છે.

આવી હેવાનિયત વચ્ચે કેમ ભણે ગુજરાત?

ઉત્તર પ્રદેશના હાથરસ દુષ્કર્મની કંપાવી દેનારી ઘટના પછી ગણતરીના દિવસોમાં ગુજરાતમાં પણ ઉપરાઉપરી દુષ્કર્મ-છેડતીની અનેક ફરિયાદ સામે આવી. આ હો-હામાં રાજપીપળામાં બનેલી એક ઘૃણાજનક ઘટના બહુ આંખે ન ચડી.

ઑક્ટોબરના પહેલા સપ્તાહની જ વાત છે. નર્મદા જિલ્લાના ડેડિયાપાડામાં રહેતી ૧૮ વર્ષની એક યુવતીને ૧૨મા ધોરણની પરીક્ષા માટે રાજપીપળા જવાનું હતું. પરીક્ષા કેન્દ્ર સુધી મૂકવા યુવતીનો ભાઈ એને બાઈક પર બેસાડી નીકળ્યો. રસ્તામાં ટાયરમાં પંક્ચર પડ્યું. એક તો યુવતીને સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચવાની ચિંતા અને કમભાગ્યે બીજી ચિંતા યુવતી હોવાની. બહેનને પાસેના બસસ્ટૉપ પર બેસાડી ભાઈએ સમજાવી કે એસટી બસ અથવા બીજું કોઈ સાધન મળે તો એ પરીક્ષા કેન્દ્ર પર પહોંચી શકે. ત્યાં સુધી પોતે બાઈક હાથેથી ખેંચી જઈ ક્યાંક ગૅરેજ શોધી પંક્ચર



કરાવવા નીકળે.

જો કે આ ઘટના જોઈ ગયેલા એક યુવકે અટવાયેલી યુવતીને મદદ કરવા પૂછી જોયું. અજાણ્યા યુવકે કહ્યું કે *જો યુવતી વિશ્વાસ કરતી હોય તો એ એને પરીક્ષા કેન્દ્ર સુધી પોતાની બાઈક પર મૂકી જાય.* પરીક્ષામાં સમયસર પહોંચવાની ચિંતામાં યુવતીએ અંતે અજાણ્યા યુવક પર વિશ્વાસ મૂક્યો, પણ અડધો રસ્તો કાપ્યા પછી જ યુવકે ચાલુ બાઈકે યુવતી સાથે અડપલાં કરવા માંડ્યાં અને અણછાજતી માગણી પણ કરવા લાગ્યો. યુવતીનો હાથ પકડી લઈ એણે બાઈક ધીમી પાડવાનું નામ ન લીધું. અંતે કંઈ ન સૂઝતાં યુવતી ચાલુ બાઈક પરથી કૂદી પડી.

પછી તો સમજી શકાય કે યુવતી પરીક્ષા તો ન આપી શકી અને અત્યારે ગંભીર ઈજા સાથે હૉસ્પિટલમાં સારવાર લઈ રહી છે. એ યુવતીનું આવું પગલું જીવલેણ પણ સાબિત થઈ જાત. પેલા અજાણ્યા યુવક વિરુદ્ધ તો હજી પોલીસ હવે તપાસ હાથ ધરી રહી છે.

સામાન્ય સંજોગોમાં તો ઠીક, પણ પરીક્ષાએ પહોંચવા જેવા તાકીદના સમયનો પણ ગેરલાભ લઈ યુવતીઓનું શોષણ કરવામાં જ્યાં ગુજરાતના યુવકો પાછા નથી પડતા ત્યાં આવા હેવાનોથી *બેટી બચાવો*ના નારા તો લગાવ્યા જ કરવા પડશે, પણ *બેટી પઢાઓ*નો નારો હજી કેટલા દાયકા સુધી પડકારજનક રહેશે એની કલ્પના કરવી મુશ્કેલ છે.

☐ **જ્વલંત છાયા-જિતેન્દ્ર રાદડિયા** (રાજકોટ) । **ગોપાલ પંડ્યા** (વડોદરા) । **કેતન મિસ્ત્રી** (મુંબઈ) । **સુનીલ મેવાડા** (અમદાવાદ)



માર્ગદર્શન કેમ્પ સુરત

નિઃસંતાનપણુ (ટેસ્ટ ટયુબ બેબી)

OPD



ડો. આશિષ વિરડીયા

M.S.(Gyne.) ગોલ્ડ મેડાલીસ્ટ
DNB(INDIA), FMAS (Endoscopy)
Fellow in Advance infertility (Mumbai)

લગનના ૧૫ વર્ષે સંતાન પ્રાપ્તિ
દક્ષાબેન રાજપાલસિંહ રૌલજી
(વેજપુર-વડોદરા)
મો. ૯૫૭૪૩૨૦૧૪૬



ગુલામબાબા મીલ કમ્પાઉન્ડ, આકાશ હોટલની પાછળ,
સંજીવની ICU ની સામે, લાલ દરવાજા, સ્ટેશન, સુરત.

 8000 38 38 36

વિશેષ

ભારતના આ આઠ સમુદ્રી કિનારા થયા બ્લુ પરીક્ષામાં પાસ!



નીલા આસમાન, નીલા સમંદર ઔર દૂધ કી સફેદી વાલી રેત... આવા કોઈ દરિયાકિનારે જનારા સાવ નીરસ આદમીને પણ કવિતા લખવાનું મન થઈ જાય. સવાલ એ છે કે ભારતમાં આવો કોઈ બીચ છે ખરો? તો જાણી લો કે સ્વચ્છતા સહિત અનેક આંતરરાષ્ટ્રીય માપદંડમાંથી પાર ઊતરેલા ભારતના આઠ દરિયાકિનારાને વિશ્વપ્રસિદ્ધ 'બ્લુ ફ્લૅગ' પ્રમાણપત્ર અપાવવા માટે ભારત સરકારે કમર કસી હતી અને આનંદના સમાચાર એ છે કે ભારતના આ આઠેઆઠ બીચને 'બ્લુ ફ્લૅગ' પ્રમાણપત્ર મળી ચૂક્યું છે.

સમીર પાલેજા (મુંબઈ)

કૃષ્ણની સુવર્ણનગરી દ્વારકા હવે બીજી એક સિદ્ધિ માટે પણ જાણીતી બનશે. વાત એમ છે કે ભારત સરકારના પર્યાવરણખાતાએ દેશના જે આઠ રળિયામણા દરિયાકિનારા માટે *બ્લુ ફ્લૅગ* તરીકે ઓળખાતું આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર મેળવવાની ભલામણ કરી હતી અને એ મેળવ્યું પણ ખરું, એમાં દ્વારકાથી બાર કિલોમીટર દૂર આવેલો *શિવરાજપુર બીચ*નો સમાવેશ છે. ગુજરાતની સરહદની અંદર કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે અસ્તિત્વમાં રહેલા દીવ-દમણનો *ઘોઘલા બીચ* પણ આ આઠ બીચની યાદીમાં છે.

અહીં પ્રશ્ન થાય કે *બ્લુ ફ્લૅગ ભલા કઈ બલાનું નામ છે?* તો જાણી લો કે ડેન્માર્કના કોપનહેગનસ્થિત *ફાઉન્ડેશન ફૉર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન* નામની એનજીઓ બ્લુ ફ્લૅગનાં પ્રમાણપત્ર આપે છે. બ્લુ ફ્લૅગ મેળવવા માટે એક, બે કે ત્રણ નહીં, પણ પૂરા ૩૩ કડક માપદંડમાં ખરા ઊતરવું પડે છે, જેના મુખ્ય ચાર વિભાગ છે: પર્યાવરણીય શિક્ષણ, દરિયાઈ સ્નાન માટેનાં પાણીની ગુણવત્તા, એન્વાયર્નમેન્ટ મૅનેજમેન્ટ અને કન્ઝર્વેશન તથા બીચ પર આપવામાં આવતી સલામતી તથા બીજી સેવાઓનું સ્તર.

આજે સૌથી વધારે બ્લુ ફ્લૅગ બીચ સ્પેનમાં છે. આવું પ્રમાણપત્ર આપવાનો હેતુ ઈકો ટુરિઝમને પ્રમોટ કરવાનો છે. યાદ રહે, ૨૦૧૮માં ઓડિશાના પુરી શહેરનો *ચંદ્રભાગા બીચ* બ્લુ ફ્લૅગ મેળવનારો એશિયાનો પહેલો બીચ બન્યો હતો.

અહીં એક આડવાત કરીએ તો ૧૯૮૬થી દર વર્ષે સપ્ટેમ્બરનો ત્રીજો શનિવાર *ઈન્ટરનૅશનલ કોસ્ટલ ક્લીન અપ ડે* તરીકે ૧૦૦ દેશમાં ઊજવવામાં આવે છે. *ઓશન કન્ઝર્વન્સી* નામના વૉશિંગ્ટનસ્થિત સંગઠને આ શરૂઆત કરી હતી. એમાં આ વખતની ઉજવણીનો થીમ હતો *ટ્રેશ ફ્રી કોસ્ટલાઈન અર્થાત્ કચરામુક્ત દરિયાકિનારો.* બસ, તો આ દિવસની ઉજવણીના પ્રસંગે જ ભારતના પર્યાવરણપ્રધાન પ્રકાશ જાવડેકરે ભારતના આઠ બીચને બ્લુ ફ્લૅગની રેસમાં મોકલવાની જાહેરાત કરી હતી.

આ ભલામણ કરતાં પહેલાં જે દરિયાકિનારા માટે નામાંકન મોકલવાની વિચારણા હતી એ કાંઠે સ્કૂબા ડાઈવિંગ કરાવીને કચરાનું પ્રમાણ, જળચરનું પ્રમાણ તથા *કોરલ બ્લીચિંગ* નામનો રોગ છે કે





દ્વારકા નજીકનો 'શિવરાજપુર', દીવ-દમણનો 'ઘોઘલા' અને આંદામાનનો 'રાધાનગર બીચ'... આ ત્રણ સહિત કોઈ એક દેશના આઠ સાગરી તટ એકસાથે 'બ્લુ ફ્લૅગ' મેળવે એ એક રેકૉર્ડ છે.



विशेष

આવા તે કેવા બીચ?

બે વર્ષ પહેલાં *ટ્રાવેલ.કૉમ* નામના પોર્ટલે વ્યાપક સર્વેક્ષણ કરીને દુનિયાના બાર સૌથી ક્લીન બીચ અને બાર સૌથી ગંદા-ગોબરા બીચની યાદી બનાવી હતી. એમાં પહેલો નંબર મધ્ય અમેરિકાની બેલીઝ ટાપુમાળાનો *એમ્બરગ્રીઝ કે* નામનો બીચ આવ્યો હતો.





સૌથી ચોખ્ખો મધ્ય અમેરિકાનો 'એમ્બરગ્રીઝ કે બીચ' તો સૌથી ગંદો એવો કેલિફોર્નિયાનો 'હન્ટિંગટોન બીચ'.

આ કિનારા પર સ્વચ્છતા ઉપરાંત રંગબેરંગી પરવાળા તથા કાચબા સહિતની દરિયાઈ સૃષ્ટિ મુખ્ય આકર્ષણ છે.

બીજા નંબરે વિયેતનામના અગ્નિ ખૂણે આવેલી ટાપુમાળા કોન ડાઓનો એક ટાપુ કોન સોન છે. અહીં સ્વચ્છતાનું કારણ પાંખી વસતિ છે. બીચને સમાંતર દોડતી ગ્રેનાઈટના પર્વતની હારમાળા આ દરિયાકિનારાને એકદમ રમણીય બનાવે છે.

આ યાદીમાં રહેલા ગંદા કિનારામાં કેલિફોર્નિયાનો *હન્ટિંગટોન* બીચ છે. આ બીચ *ગાર્બેજ પેચ* તરીકે ઓળખાતા વિસ્તારમાં છે.

ઑરેન્જ કાઉન્ટીની ગટરોમાંથી બધું પાણી આ બીચમાં ઠલવાય છે. વૈજ્ઞાનિક અભ્યાસમાં આ બીચ પર અસંખ્ય હાનિકારક બૅક્ટેરિયા મળી આવ્યા છે. આવો જ બીજો સૌથી ગંદો બીચ કેનેડાના એરી લેકની વચ્ચે આવેલો *પેલી આઈલૅન્ડ* છે. આ કિનારાની આસપાસ ભૂરી-લીલી શેવાળોના રાફડા છે, જે પાણીને ઝેરી બનાવે છે. રાસાયણિક ખાતરયુક્ત તથા ઔદ્યોગિક કચરાવાળું પ્રવાહી આ વિસ્તારમાં ઠલવાતું હોવાથી કિનારો તદ્દન બેહાલ છે.

ટ્રાવેલ.કૉમે ગંદા બીચની યાદીમાં ગોવાના દરિયાકિનારા (કોઈ ચોક્કસ બીચ નહીં)ને પણ સ્થાન આપ્યું છે. કારણ એટલું જ કે આ કિનારા પર ગાયનાં ધણ ફરતાં હોય છે અને ઘણા પ્રવાસીઓનો પગ પોદડા પર પડી જાય છે!

નહીં એની પણ તપાસ કરવામાં આવી. આ આઠ બીચમાં પાછલાં બે વર્ષમાં દરિયામાં ઠલવાતા કચરામાં ૮૦ ટકા જેટલો ઘટાડો થયો છે. વિજ્ઞાનીઓ, પર્યાવરણવિદો તથા અન્ય નિષ્ણાતોની બનેલી રાષ્ટ્રીય જ્યુરીની ભલામણ પછી આ આઠ બીચની પસંદગી થઈ.

શિવરાજપુર અને *ઘોઘલા* સિવાય કર્ણાટકના *કાસરગોડ* તથા *પડુબિદ્રી*, કેરળનો *કપ્પાડ*, આંધ્રનો *ઋષિકોંડા*, ઓડિશાનો *ધ ગોલ્ડન બીચ* તથા આંદામાન દ્વીપસમૂહના હેવલોક આઈલૅન્ડનો *રાધાનગર બીચ* પણ બ્લુ ફ્લૅગનું સમ્માન મેળવી શક્યા છે. તમામની ખાસિયત અને તાસીર જુદી છે. શિવરાજપુરનો બીચ એની ચોખ્ખાઈ અને દરિયાનાં ભૂરાં પાણીના સાંનિધ્યમાં ચમકતી સફેદ રેતી માટે જાણીતો છે. અહીંના દરિયામાં ક્યારેક ડૉલ્ફિન જોઈ શકાય છે. અમુક પક્ષી પણ છે. આંદામાનના રાધાનગર બીચને તો ૨૦૧૭માં ટ્રિપ ઍડ્વાઈઝરે *વર્લ્ડ્સ ટ્રાવેલર્સ ચૉઈસ એવૉર્ડ વિનિંગ બીચીઝ*ની યાદી રજૂ કરી એમાં એને ટૉપ ટેનમાં આઠમું સ્થાન મળ્યું હતું. પ્રકાશ જાવડેકરે આઠ બીચની ભલામણ જાહેર કરવા ઉપરાંત ભારતના પોતાના માપદંડ પણ જાહેર કર્યા, જેને નામ આપવામાં આવ્યું છે *બીચ એન્વાયર્નમેન્ટ ઍન્ડ એસ્થેટિક મૅનેજમેન્ટ સર્વિસીસ* (બીમ્સ). *બીમ્સ*નું સ્લોગન છે *આઈ ઍમ સેવિંગ માય બીચ.*

*કોસ્ટલ એન્વાયર્નમેન્ટ રેગ્યુલેશન્સ*નાં ધારાધોરણ અનુસાર *બીમ્સ* કાર્યક્રમ અંતર્ગત ભારતના બીચીસ-દરિયાકિનારા પર પ્રદૂષણ ટાળવાના ઉપાયોથી માંડીને સ્વચ્છતા, સલામતી અને સર્વાંગી વિકાસ પર પણ ધ્યાન આપવામાં આવશે.

*બીમ્સ*ના મિશન લીડર સંજય જલ્લા કહે છે કે આવતાં પાંચ વર્ષમાં ભારતના ૧૦૦ બીચને બ્લુ ફ્લૅગ મળે એવી નેમ સાથે અમે કામ કરીએ છીએ.



ઓડિશાના પુરી શહેરના લાંબા દરિયાકિનારે અનેક સ્થળે આંખે ઊડીને વળગે એવી સ્વચ્છતા જોવા મળે છે. અહીંનો 'ચંદ્રભાગા બીચ' બે વર્ષ અગાઉ 'બ્લુ ફ્લૅગ' મેળવી ચૂક્યો છે.

આ માટે લાયકાતપાત્ર કિનારાની શોધ ચલાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ૨૦૨૦-૨૧માં વીસ બીચની પસંદગી કરીશું. આવતા વર્ષે લક્ષદ્વીપના *બંગરામ બીચ,* સિંધુદુર્ગ (મહારાષ્ટ્ર)ના *ભોગવે બીચ* તથા દમણના *મીરામાર બીચ*ની પસંદગી થઈ શકે. કેરળનો *કોવલમ* તથા પુડુચેરીનો *એડન બીચ* પણ શૉર્ટ લિસ્ટ થઈ શકે.

હવા, પાણી અને જળપ્રદૂષણની વ્યાપક અસર જોઈ રહેલા લાખો લોકો હવે પર્યાવરણ જાળવણી માટે જાગ્રત થઈ રહ્યા છે. પ્રદૂષણ ફેલાવતી પ્રવૃત્તિને લોકો હવે જાકારો આપી રહ્યા છે. આવા લોકો પ્રવાસે જવાનું વિચારે ત્યારેય ત્યાંની સ્વચ્છતા, વગેરેનું ધ્યાન સૌથી પહેલાં રાખે. આપણા થોડા સમુદ્રી કિનારા બ્લુ ફ્લૅગ મેળવે તો એ વિસ્તારમાં પર્યટકોની સંખ્યા પણ વધી શકે.

મંગળવાર, ૧૩ ઑક્ટોબરની સાંજે આ લખાઈ રહ્યું છે ત્યારે ભારતે ભલામણ કરેલા આઠેઆઠ બીચને *બ્લુ ફ્લૅગ* વિજેતા જાહેર કરવામાં આવ્યા છે, જે એક રેકોર્ડ છે. એટલું જ નહીં, દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રદૂષણ નિયંત્રણ માટે ભારતને આંતરરાષ્ટ્રીય નિર્ણાયકો દ્વારા ત્રીજા નંબરનું ઈનામ પણ આપવામાં આવ્યું છે. જપાન, દક્ષિણ કોરિયા અને યુએઈ અન્ય એશિયન રાષ્ટ્રો છે, જેમને કેટલાક બ્લુ ફ્લૅગ મળ્યા છે. એમને બ્લુ ફ્લૅગ મેળવતાં પાંચથી છ વર્ષ લાગ્યાં હતાં, પણ ભારતે આ સિદ્ધિ માત્ર બે વર્ષમાં મેળવી છે.

મૂળ તો બ્લુ ફ્લૅગ ફ્રાન્સમાં ચાલેલી એક એવી ચળવળનું નામ હતું, જેમાં શાળાનાં બાળકો પાસે એક પ્લાસ્ટિકની બૉટલમાં એમનાં નામ તથા નજીકના બીચનાં નામ લખેલી ચબરખી લખીને મગાવવામાં આવી હતી. એકઠી થયેલી બૉટલ્સને ફ્રેન્ચ આર્મીએ દરિયામાં પધરાવી હતી. આ બૉટલો પછી બીજા જ કોઈ બીચ પર તણાઈ આવી હતી. આ ઘટનાથી શાળાનાં બાળકોને શિક્ષણ મળ્યું કે દરિયાદેવ કશું પોતાની પાસે રાખતા નથી, પણ પાછું આપી દે છે એટલે કચરો નાખીને એમને પ્રદૂષિત કરવા નહીં.

ફાઉન્ડેશન ફૉર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન સંસ્થા જેન એરિક્સને ૧૯૮૭માં શરૂ કરી હતી. એમણે બ્લુ ફ્લૅગ આપવાની શરૂઆત કરી ત્યારે માત્ર યુરોપના બીચ પૂરતી એ સીમિત હતી. પછી ૨૦૦૧માં સાઉથ આફ્રિકા આ કાર્યક્રમમાં જોડાયું. આજે ૭૦ દેશ જોડાયેલા છે. આ સંસ્થા કહે છે કે અમારો હેતુ સંરક્ષણનાં શિક્ષણનો પ્રસાર કરવાનો છે. સંરક્ષણ ફક્ત પર્યાવરણનું નહીં, પણ એમાં રહેતા લોકોનું, એના પર નભતા સમાજનું, એમાંથી નફો મેળવતા બિઝનેસનું અને એના પર અવલંબિત સમગ્ર ઈકો સિસ્ટમનું થવું જોઈએ. બીચ ઉપરાંત બંદર તથા સસ્ટેનેબલ બોટસેવાને પણ આ સંગઠન બ્લુ ફ્લૅગ આપે છે. અત્યાર સુધી ૪૬ દેશનાં ૪૬૬૪ બીચ, બંદર અને બોટને બ્લુ ફ્લૅગ સર્ટિફિકેટ મળ્યું છે. આ સંસ્થા *ગ્રીન કી* નામનું સર્ટિફિકેશન પણ આપે છે. એ હોટેલ એકોમોડેશન્સ માટે આપવામાં આવે છે. ૬૫ દેશની ૩૨૦૦ હોટેલ્સ કે રિસોર્ટ્સ, વગેરેને એ મળી ચૂક્યું છે. ભારતમાં હજી સુધી કોઈને મળ્યું નથી. કદાચ કોઈએ અરજી પણ નહીં કરી હોય. ◘

feedback2samir@chitralekha.com

...કે હાય સંગ છૂટ્યો સાહેલડી જી રે!

કોકિલકંઠી ગાયિકા કૌમુદી મુનશીના સ્વર વીરમ્યાઃ ટૂંકી બીમારી બાદ મુંબઈમાં અવસાન.

ગયા મંગળવારે (૧૩ ઑક્ટોબરે) ૯૨ વર્ષની વયે જેમનું અવસાન થયું એ કૌમુદીબહેન મુનશીનું નામ કાને પડતાં જ દિલ-દિમાગમાં સુરાવલિ વહેતી થાય ને સ્મરી આવે આ રચનાઃ *તમે થોડુંઘણું સમજો તો સારું... કે રાજ વહેતા વાયરાને કેમ કરી વારું...*

તબલાંસમ્રાટ કિશન મહારાજ તથા શહનાઈના શહેનશાહ બિસ્મિલ્લા ખાંના બનારસમાં ગંગાઘાટે ૩ ફેબ્રુઆરી, ૧૯૨૯માં કૌમુદીબહેનનો જન્મ. માતા અનુબહેન એટલે *ગ્રામલક્ષ્મી*વાળા રમણલાલ વસંતલાલ દેસાઈનાં બહેન, જ્યારે પિતા કુંવર નંદલાલ મુનશી બાહોશ વહીવટકાર. કૌમુદીબહેનના દાદાજી રાજા માધવલાલ મુનશી બ્રિટિશ વાઈસરૉય લૉર્ડ મિન્ટોની સલાહકાર સમિતિના સભ્ય હતા.

મુનશીપરિવાર આમ તો વડનગરનો, પણ કૌમુદીબહેનના વડવા સાતેક પેઢીથી બનારસમાં સ્થાયી થયેલા. રાજા મુનશીના મહેલ જેવા ઘરમાં ગાનારી સ્ત્રીઓ નિયમિત આવતી. એમાંનાં એક એટલે ઠૂમરીસમ્રાજ્ઞી સિદ્ધેશ્વરી દેવી. બાળવયે કૌમુદીબહેન ચકોર કાનસેનની જેમ બધું ગ્રહણ કરે. ગળું પણ સારું એટલે સ્વકાને સાંભળેલી રચના એ ગાતાં.

૧૯૫૦માં *બનારસ યુનિવર્સિટી*માંથી બીએની ડિગ્રી તથા શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસર તાલીમને ઝોળીમાં સમેટી ૨૧ વર્ષી કૌમુદીબહેન મુંબઈ આવ્યાં. જો કે ઉછેર-તાલીમ બનારસના હિંદી વાતાવરણમાં થયેલાં એટલે ગુજરાતી ઉચ્ચારણમાં તકલીફ પડતી. અહીં એમના મામાના દીકરા (ર.વ. દેસાઈના પુત્ર) અક્ષયભાઈ દેસાઈ વહારે આવ્યા. એમણે કૌમુદીબહેનને થોડાં ગુજરાતી ગીત શીખવ્યાં. મુંબઈનગરીમાં જ કૌમુદીબહેન પંડિતની હરોળમાં મૂકી શકાય એવા નિનુ મઝુમદાર-દિલીપ ધોળકિયા-અજિત મર્ચન્ટ-અવિનાશ વ્યાસના સંપર્કમાં આવ્યાં.



પ્રદીપ વ્યાસ

કૌમુદી મુનશી (૧૯૨૯-૨૦૨૦)

મુંબઈમાં એમણે *ઑલ ઈન્ડિયા રેડિયો* પર ગાવાની શરૂઆત કરી. એ જ *ઑલ ઈન્ડિયા રેડિયો*માં ગાયક-સ્વરકાર-ગીતકાર નિનુ મઝુમદાર ગુજરાતી પ્રોગ્રામ ડિરેક્ટર. એમના નેજા હેઠળ કૌમુદીબહેન પહેલાં કોરસમાં અને બાદમાં સોલો ગીત ગાતાં. ૧૯૫૪માં સર્જાયેલી ફિલ્મ *ભાઈસાહેબ* માટે નિનુભાઈએ એમની પાસે એક યુગલગીત ગવડાવ્યું.

ફિલ્મના હીરો તથા ગાયક હતા સીએચ (ચંદ્ર) આત્મા. એ અરસામાં નિનુભાઈલિખિત, સ્વરાંકિત એક ગીત કૌમુદીબહેને એવું રજૂ કર્યું કે આ ગરબા-ગીત એમની ઓળખ બની ગયું. શબ્દોઃ *ચોરાશી ભાતનો સાથિયો રે માંડ્યો, કે લાલ રંગ ખૂટ્યો સાહેલડી જી રે... અધૂરી ભાતે મારો સાહ્યબો રિસાયો, કે હાય સંગ છૂટ્યો સાહેલડી જી રે!*

એ સમયે *એચએમવી*એ એમના કંઠે ગવાયેલા આઠ ગરબાની લોન્ગ પ્લે રેકૉર્ડ બહાર પાડેલી.

કૌમુદીબહેને ૧૯૫૪માં નિનુ મઝુમદાર સાથે લગ્ન કર્યાં. નિનુભાઈનાં આ બીજાં લગ્ન હતાં. પ્રથમ લગ્ન શારદા ઠાકર સાથે થયેલાં. એમના અવસાન બાદ એમણે કૌમુદીબહેન સાથે લગ્ન કર્યાં. પ્રથમ લગ્નથી થયેલાં નિનુભાઈનાં સંતાનો એટલે ગાયિકા રાજુલ મહેતા, નારીવાદી કર્મશીલ કટારલેખિકા સોનલ શુક્લ તથા રંગભૂમિ-ફિલ્મ-ટીવીઅભિનેત્રી મીનળ પટેલ, જ્યારે કૌમુદીબહેનના પુત્ર એટલે જાણીતા સર્વોત્તમ સ્વરકાર ઉદય મઝુમદાર. લગ્ન બાદ નિનુભાઈએ પત્નીને ઠૂમરીસમ્રાજ્ઞી સિદ્ધેશ્વરી દેવી પાસે તાલીમ લેવા મોકલ્યાં.

કૌમુદીબહેનને મુંબઈમાં યોજાતા સંગીતના કાર્યક્રમોમાં, વિલે પાર્લેના એમના નિવાસસ્થાન *પ્રદીપ*માં એમ અનેક વાર મળવાનું થતું. આવી એક મુલાકાતમાં એમણે રાજ કપૂરનો કિસ્સો કહેલો. કૌમુદીબહેનના ગીત-સંગીતના કાર્યક્રમમાં રાજ કપૂર હાજર. એ અવસરે કોઈએ એમની ઓળખાણ કરાવીઃ *યે નિનુ મઝુમદાર કે વાઈફ.* નમસ્કારાદિ બાદ આસપાસ જોઈ રાજ કપૂરે હળવેકથી કહ્યુંઃ *આપકે હસબન્ડ કા એક ગાના મૈંને અપની ફિલ્મ મેં લિયા થા...* આટલું બોલી એ ત્યાંથી સરકી ગયા. એ ગીત એટલે *સત્યમ્ શિવમ્ સુંદરમ્*નું *યશોમતી મૈયા સે બોલે નંદલાલા...* જો કે પતિ-પત્ની બન્ને એટલાં શાલીન કે આ વાતને મુદ્દો બનાવી ક્યારેય હોબાળો મચાવ્યો નહીં.

સિદ્ધેશ્વરી દેવી ઉપરાંત તાજ એહમદ ખાન પાસે પણ કૌમુદીબહેન ગઝલગાયકી શીખેલાં. આમ હિંદી-ગુજરાતી ઉપરાંત ઉર્દૂ તથા વ્રજ ભાષા પર પ્રભુત્વ ધરાવતાં કૌમુદીબહેન દાદરા-ઠૂમરી-ચૈતી-કજરી-ગઝલ, વગેરે સહજતાથી રજૂ કરતાં. એક ફિલ્મમાં એમણે ગીતા દત્ત સાથે કજરી ગાઈ હતી.

જાણીતાં ગાયિકા જાહ્નવી શ્રીમાંકર, ઉપજ્ઞા પંડ્યાથી લઈને ન્યુ યોર્કમાં ફાલુ તરીકે જાણીતાં ફાલ્ગુની દલાલ શાહ જેવાં અનેકનાં ગુરુમા કૌમુદીબહેને રજૂ કરેલાં પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંપ્રદાયનાં પદ આજે પણ ઘર-ઘરમાં ગુંજે છે.

◻ **કેતન મિસ્ત્રી** (મુંબઈ)

કવર સ્ટોરી

અંબાજીની ટૂકને આંબી શકાશે આઠ મિનિટમાં...

સ્કંદપુરાણ જેવા ગ્રંથમાં જેનું સુંદર વર્ણન છે, જૈનદર્શને જેનો મહિમા ગાયો, સનાતન હિંદુ ધર્મની ધજા જેની ચટ્ટાનો પર ફરકે છે અને જેની તળેટીની ગુફામાંથી 'સંઘમ શરણમ્ ગચ્છામિ'નો ગહેરો ધ્વનિ પડઘાય છે એ તીર્થ એટલે ગિરનાર. ગુરુ દત્તાત્રેયજી, મા અંબિકાની કૃપા અને દાતાર શરીફની દુઆ એની આબોહવામાં છે એવા ગિરનાર પર હજારો લોકો જાય છે. હવે અંબાજીની ટૂક સુધી પહોંચનારા લોકોની સંખ્યા લાખોમાં થશે, કારણ કે હવે ત્યાં એશિયાનો સૌથી આધુનિક રોપ-વે તૈયાર થઈ ચૂક્યો છે.

જ્વલંત છાયા । જિતેન્દ્ર રાદડિયા (ભવનાથ તળેટી-જૂનાગઢ)


—આહા... જુઓ તો પેલું ભવનાથ ટેમ્પલ છેને... ત્યાં પાણી દેખાય એ દામોદર કુંડ?

- ના ના, એ તો પેલું તળાવ છે. સામે સફેદ દીવાલ દેખાય એ દાતારની જગ્યા.

- વાઉ, બ્યુટિફુલ! આહા! જુઓ તો જંગલની વચ્ચે પેલું મંદિર કેટલું સરસ લાગે છે?

યાત્રા જેમ જેમ ઉપર જશે એમ કુદરતના પટારામાંથી એક અજાયબ સૃષ્ટિ ખૂલતી જશે. એમાં પણ ઋતુ ચોમાસાની કે એ પછીની હશે તો આંખોમાં હરિયાળું વિસ્મય અને હૈયેથી ફક્ત







આહ્‌લાદ છલકાશે. આ રોમાંચ પોણા આઠ મિનિટમાં પૂર્ણ થશે. સૂચના મળશેઃ *ધીરે સે ઊતરીએ... લાઈન મેં જાઈએ...* અને આપણને એમ થશે કે લો બસ, પહોંચી પણ ગયા? હજી હમણાં તો બેઠા'તા.

આ સફર હશે ગિરનાર તળેટીથી અંબાજીની ટૂક સુધી. પગથિયાં ચડીને પહોંચતાં અઢીથી ત્રણ કલાક કે એથીય વધારે સમય લાગે, પરંતુ ૩૩૩૦ ફૂટની આ ઊંચાઈ પર હવે આઠ મિનિટમાં પહોંચી જવાશે, કારણ કે વર્ષોથી જેની પ્રતીક્ષા હતી એ ગિરનાર રોપ-વે તૈયાર છે.

એશિયાના અત્યાર સુધીના સૌથી આધુનિક

પગથિયાંને બદલે રોપ-વે લો અને જલદી જલદી અંબાજીની ટૂકે પહોંચો. ત્યાંથી મેળવો આસપાસનો અદ્‌ભુત નજારો. ટ્રૉલીમાં ચઢતાં-ઊતરતાં પણ કંઈકેટલું જોવાનું છે?

ટેક્નોલૉજીથી નિર્માણ પામેલા આ રોપ-વેનું લોકાર્પણ નજીકના ભવિષ્યમાં થશે. સૌની ઈચ્છા તો એવી છે કે જૂનાગઢના સ્વતંત્રતા દિવસ, ૯ નવેમ્બરે રોપ-વેનું લોકાર્પણ થઈ જાય તો સારું. મુખ્ય મંત્રી વિજય રૂપાણી અને અન્ય આગેવાનો આ માટે પ્રયત્નશીલ પણ છે. રોપ-વેના નિર્માણ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અંગત રસ લીધો છે તો વિજય રૂપાણી પણ વડાલ કે જૂનાગઢની આસપાસ ક્યાંય હોય તો નિશ્ચિત કાર્યક્રમમાંથી સમય ફાળવીને રોપ-વે સાઈટની મુલાકાતે આવ્યા છે અને સ્થાનિક તંત્ર સાથે સતત એમણે સંકલન સાધ્યું છે. રોપ-વે વિશે તદ્દન ઝીણવટભરી વિગત માટે *ચિત્રલેખા* પહોંચ્યું તળેટીમાં એ સ્થળે, જ્યાંથી આ રોપ-વેની ટ્રૉલી અંબાજીની ટૂક સુધી જવાની છે. એ યાત્રા ફક્ત ટ્રૉલીની નહીં, પરંતુ જૂનાગઢના, સૌરાષ્ટ્રના પ્રવાસન ક્ષેત્રના વિકાસની ઊંચાઈ વધારનારી યાત્રા હશે.

રાજ્યના પ્રવાસનમંત્રી જવાહર ચાવડા *ચિત્રલેખા*ને કહે છે કે રોપ-વેથી પ્રવાસનના નકશા





વર્ષ ૨૦૦૭માં નરેન્દ્ર મોદી મુખ્ય પ્રધાન હતા ત્યારે આ યોજનાનું ખાતમુહૂર્ત થયું, વચ્ચે અનેક અડચણ આવી અને હવે વિજય રૂપાણીના શાસનકાળમાં રોપ-વે થઈ રહ્યો છે શરૂ.

પર ગુજરાત અલગ રીતે ઊભરી આવશે. જૂનાગઢ, ઉપરકોટ અને મહોબ્બત ખાનના મકબરાનું નવીનીકરણ પણ ચાલી રહ્યું છે. અમારી પેઢીના લોકો નાના હતા ત્યારથી રોપ-વેની વાત સાંભળતાં આવ્યા છીએ. નરેન્દ્રભાઈએ આ યોજનાને વેગ આપ્યો હતો અને હવે ઉદ્ઘાટન થઈ રહ્યું છે ત્યારે એ વિભાગની જવાબદારી પણ મારી પાસે છે એટલે મારા માટે તો આ આનંદનો અવસર છે. આગામી દિવસોમાં જૂનાગઢ રાષ્ટ્રીય કક્ષાનું પ્રવાસન કેન્દ્ર બનશે.

આ રોપ-વે યોજનાની કહાની તો રોચક છે જ, પરંતુ યાત્રીઓ આ ઊંચા તીર્થ સુધી પહોંચી શકે એ માટે પ્રયાસ વર્ષોથી થતા આવ્યા છે. તળેટીથી ગિરનારની પહેલી ટૂક માળી પરબ સુધીનાં પગથિયાં સાવ તૂટી ગયાં હતાં. ત્યાંથી ઉપર પણ લગભગ હાલત એ જ હતી. અંબાજીથી આગળ તો પગથિયાં જ નહોતાં. છેક વર્ષ ૧૮૮૯માં જૂનાગઢના એ સમયના દીવાન હરિદાસ દેસાઈએ એક સમિતિ બનાવીને લોટરીની ટિકિટની યોજના ઘડી. પ્રથમ ઈનામ હતું રૂપિયા ૪૦,૦૦૦, બીજાં બે ઈનામ ૧૦,૦૦૦-૧૦,૦૦૦નાં. એમ છેક પાંચ રૂપિયા સુધી મળી કુલ ૧,૧૫,૦૦૦નાં ઈનામ રાખવામાં આવ્યાં. લોટરીનો ડ્રો થયો. ઈનામ અપાઈ ગયા પછી સાડા ત્રણ લાખ રૂપિયા બચ્યા. એમાંથી તળેટીથી અંબાજી સુધીનાં પાકાં, કાળા પથ્થરનાં પગથિયાં બન્યાં. વર્ષોથી યાત્રીઓ તળેટીથી માળી પરબ, જૈન દેરાસર એટલે કે ઉપરકોટ થઈને અંબાજી પહોંચે છે. વચમાં રાણકદેવીનો પથ્થર, સતીનાં દેરાં જેવી અનેક જગ્યા આવે. અધ્યાત્મ, અગમ-નિગમનો કોઈ સાદ દેતો ભૈરવજપનો વિશાળ પથ્થર પણ સતત દેખાય... એમ અંબાજી પહોંચાય.

પછી શ્રદ્ધાની સાથે હિંમત પણ હોય એ લોકો આગળ યાત્રા ચાલુ રાખી ગિરનાર પર્વતમાળાના સૌથી ઊંચા એવા ગોરખનાથના શિખરે થઈ કમંડલ કુંડ અને દત્તાત્રેયજીની ટૂકે પહોંચે. જો કે એ તો અત્યંત દુર્ગમ ચડાણ છે. બીજો રસ્તો ભરતવન, શેષાવન થઈને પથ્થરચટ્ટી અને ત્યાંથી અંબાજી સુધી પહોંચાડે.

આપણે તો જો કે આધુનિકતાની ઊડાનની વાત કરી રહ્યા છીએ. ગિરનાર પર્વતનો જ હિસ્સો એવા પૌરાણિક જટાશંકર મહાદેવના મંદિરે જવાના રસ્તે અને ઉપર અંબાજી સુધી આ રોપ-વેનું કામ અંતિમ ચરણમાં ચાલી રહ્યું છે. *ચિત્રલેખા*એ જ્યારે એની





લૉકડાઉનમાં ખાસ ન અટક્યું કામ: એકસાથે આઠ જણ બેસી શકે એવી મોટી ટ્રૉલી ગિરનારની તળેટીથી ભરાતી જશે અને આશરે પાંચ સેન્ટિમીટર જાડા કૅબલ પર સરકતી એ ટ્રૉલી પહોંચશે ટૂક પર.

મુલાકાત લીધી ત્યારે રેસિડન્ટ મૅનેજર દિનેશ પુરોહિતના માર્ગદર્શનમાં વિવિધ ટુકડી કામ કરી રહી હતી. ઑસ્ટ્રિયાથી આવેલા આઠ ટેક્નિશિયનમાંથી મિકેનિકલ વિભાગની જવાબદારી સંભાળી રહેલા નીક સાઈકર *ચિત્રલેખા*ને કહે છે કે મેં અત્યાર સુધીમાં અલગ અલગ સ્થળે બાવીસ જેટલા રોપ-વેનાં નિર્માણમાં કામ કર્યું છે. આ અનુભવ ઘણો અલગ હતો. જો કે હવે બધું ગોઠવાઈ ગયું છે. અમે રોજ પાંચ વાર ટ્રાયલ કરીએ છીએ.

ભારતમાં જ્યાં રોપ-વે છે ત્યાં એક કૅબિનમાં ચાર કે છ યાત્રી બેસી શકે છે. જૂનાગઢનો રોપ-વે એવો પ્રથમ રોપ-વે છે, જેમાં એકસાથે આઠ મુસાફરનું પરિવહન થશે. લોઅર સ્ટેશન એટલે કે તળેટીથી રોપ-વેની ટ્રૉલી પ્રત્યેક સેકન્ડે પાંચ મીટરની ઝડપે ચાલશે. ઉપરથી નીચે-નીચેથી ઉપર પહોંચવામાં એને આઠ મિનિટનો સમય લાગશે. આઠ યાત્રી બેસી શકે એવી કુલ પચ્ચીસ ટ્રૉલી છે અને એનું પરીક્ષણ પણ સંપન્ન થઈ ગયું છે. દરેક ટ્રૉલી કે કૅબિનમાં માઈક્રોફોન, લાઉડસ્પીકર સહિતની સુવિધા છે. દર એક કલાકે ૮૦૦ યાત્રીઓનું પરિવહન થશે. લોઅર સ્ટેશનથી અપર સ્ટેશન અંબાજી સુધી રોપ-વેનું અંતર ૨૧૨૬.૪૦ મીટરનું એટલે કે લગભગ ૨.૩૨ કિલોમીટરનું છે. સવારે ૮થી સાંજે ૬ વાગ્યા સુધી રોપ-વે ચાલુ રહેશે. દિવસ દરમિયાન ૮૦૦૦ યાત્રી રોપ-વેમાં જઈને પરત આવી શકે એવો અંદાજ છે. અને હા, પૂનમ હશે ત્યારે રાત્રે પણ રોપ-વે ચાલુ રાખવાની વિચારણા અત્યારે છે. વર્ષો પહેલાં જેના માટે નવ કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો હતો એ રોપ-વે હવે ૧૩૦ કરોડમાં બની રહ્યો છે. બધી સામગ્રી ઑસ્ટ્રિયાથી આવી છે. આમ તો એપ્રિલ કે મે મહિનામાં રોપ-વે શરૂ થઈ જાત, પરંતુ કોરોનાને લીધે લૉકડાઉન આવ્યું અને બે મહિના કામ બંધ રહ્યું. અનલૉક-૨માં મર્યાદિત શ્રમિકો સાથે અને વિદેશથી આવેલા ટેક્નિશિયન્સને મુશ્કેલી ન થાય એ તકેદારી રાખીને કામ આગળ વધ્યું.


૨૦૦૭માં તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે આ યોજનાનું ખાતમુહૂર્ત થયું. વચ્ચેના ગાળામાં કેન્દ્રીય પર્યાવરણમંત્રી જયરામ રમેશે જૂનાગઢની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ કેન્દ્રીય વન્યજીવન બોર્ડ દ્વારા યોજનાને મંજૂરી મળી, પણ ખરું કામ તો છેક ૨૦૧૮માં શરૂ થયું. દેશમાં અનેક જગ્યાએ રોપ-વે બનાવતી કંપની *ઉષા-બ્રેકો* (ઉષા માર્ટિન લિમિટેડ ભારત અને બ્રિટિશ રોપ-વે એન્જિનિયરિંગ કંપની-બ્રેકો)એ બે વર્ષમાં એ પૂર્ણ કર્યું. રોપ-વેમાં કેબલ માટે અલગ અલગ અંતરે કુલ આઠ પિલર છે, જેમાંથી એક પિલર કુતુબ મિનાર જેટલો એટલે કે ૭૨ મીટર ઊંચો છે. એનું કામ શરૂ થયું અને લૉકડાઉનનો અમલ થયો! ઑસ્ટ્રિયાથી ઑનલાઈન-વિડિયો કૉલિંગથી આ પિલરનું ઈન્સ્ટૉલેશન ઈજનેરોએ અહીંના સ્ટાફ પાસે કરાવ્યું. વળી, છઠ્ઠા અને સાતમા પિલર વચ્ચે એક કિલોમીટરનું અંતર છે. મોનો કેબલ ડિટેચેબલ ગ્રિપ સિસ્ટમનો ઉપયોગ રોપ-વેના નિર્માણ માટે થયો છે, જેને લીધે ટ્રૉલી ઝડપી પવનનો પણ સામનો કરી શકશે.

*ગિરનાર યાત્રાધામ વિકાસ મંડળ*ના ડિરેક્ટર, ભૂતપૂર્વ કૉર્પોરેટર શૈલેશ દવે *ચિત્રલેખા*ને કહે છે કે દર વર્ષે ૪૦ લાખ લોકો ભવનાથ વિસ્તારની મુલાકાતે આવે છે. રોપ-વે બની ગયા પછી વર્ષે ૮૦ લાખ પ્રવાસી-યાત્રીઓ આવે એવી ધારણા છે. જૂનાગઢની વાર્ષિક આવકમાં રૂપિયા ૨૦૦ કરોડનો વધારો થવાનો અંદાજ છે. રોપ-વે યોજનાની સાથે ગિરનાર પર્વત પર અને નીચે રહેલી ધર્મશાળા,

નમીએ ગિરનાર તું ને નમીએ ગિરનાર...

અત્યાર સુધી કારતક મહિનામાં થતી પરિક્રમા અને મહાશિવરાત્રિએ ભરાતા મેળાના દિવસોમાં જૂનાગઢમાં ભીડ રહેતી. હવે યાત્રીઓ ઉપરાંત પર્યટકો પણ આવશે. આ ગિરનાર ક્ષેત્રનો મહિમા તો અનેરો છે. *મહાભારત*ના વન પર્વમાં *ઉજ્જયંત પર્વત* તરીકે એનું વર્ણન છે. હરિવંશ અને સ્કંદપુરાણમાં પણ છે. સ્વામી વિવેકાનંદે આવીને કેટલોક સમય ગાળ્યો. ગિરનારનું એક નામ *રૈવતાચળ* પણ છે.

જીર્ણદુર્ગ એટલે કે જૂનાગઢ ગામથી છ કિલોમીટરના અંતરે આવેલો આ પર્વત આયુષ્યમાં હિમાલયથી પણ મોટો છે. ગિરનાર પર અંબાજી અને દત્તાત્રેયની વચ્ચે આવેલું ગુરુ ગોરખનાથનું શિખર આ પર્વતનું સૌથી ઊંચું શિખર છે. ચારેય યુગમાં એમનો અવતાર હોવાનું મનાય છે. ગિરનારની આસપાસ ખોડિયાર, લાખામેડી, કાબરો સહિતના ડુંગરો છે. ગિરનાર ક્ષેત્રમાં જ આવેલો દાતારનો પર્વત પણ શ્રદ્ધાળુઓનું સ્થાનક છે. એનું પૌરાણિક નામ *કુમુદ પર્વત* છે. ત્યાંથી ઉપર સિદ્ધધૂણો છે. કહેવાય છે કે નાથ સંપ્રદાયના સાધુઓ ત્યાં ધૂણો ચેતવીને સાધના કરતા. અહીં ત્રણ પર્વત છે રૈવત, કુમુદ અને ઉજ્જૈન, જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં પ્રતીક છે. ગિરનારનું મહત્ત્વ ખનિજ સંપત્તિની દૃષ્ટિએ પણ ઘણું છે. એના બંધારણમાં ડોલોમાઈટ અને બોક્સાઈટ બે મુખ્ય ખનિજ છે. આ અંગે *બનારસ હિંદુ યુનિવર્સિટી*એ ૧૯૨૫-૨૬માં સંશોધન કરાવ્યું હતું. બ્રિટિશ અધિકારી કર્નલ જેમ્સ ટોડ ૧૮૨૨ના ગાળામાં સોરઠમાં આવ્યા ત્યારે એમણે ગિરનારની મુલાકાત લીધી હતી. ગોરખનાથજીના શિખરે એમને એક અઘોરીની મુલાકાત પણ થઈ હતી. ઑસ્ટ્રેલિયાથી ડૉ. જ્હોન વેનર નામના વિજ્ઞાની દર વર્ષે જૂનાગઢ આવે છે.



આધુનિક કવિઓએ તો ગિરનારને પોતાનાં સર્જનમાં ઝીલ્યો છે. સંસ્કૃતના મહાકવિ ગણાતા માઘે *શિશુપાલ વધ* નામના પોતાના કાવ્યમાં પણ ગિરનારનું સરસ વર્ણન કર્યું છે. આજે પણ *યુટ્યૂબ* પર *નમીએ ગિરનાર તું ને નમીએ ગિરનાર* ગીત ધૂમ મચાવે છે. જો કે ગિરનાર તો અનંત છે...





જુઓ, ત્યાં દેખાય છે એ ટોચે લઈ જશે તમને ઊડનખટોલા. આ યોજના સાકાર થવા પાછળ અનેક લોકોની મહેનત ઊગી નીકળી છે.

વગેરેના વિકાસ માટે પણ સતત પ્રયાસ થયા, જેના પગલે આ વિકાસ મંડળની રચના થઈ. અન્ય એક ડિરેક્ટર અને પ્રવાસન નિગમના ભૂતપૂર્વ સભ્ય પ્રદીપ ખીમાણી *ચિત્રલેખા*ને કહે છે કે સોરઠના વિકાસ માટે આ સુવર્ણ યોજના છે. ગિરનારની યાત્રા હવે ઉંમરલાયક લોકો, શારીરિક દિવ્યાંગ લોકો પણ કરી શકશે. આ યોજના ખરેખર એક સિદ્ધિ છે.

*યાત્રાધામ વિકાસ બોર્ડ*ના ભૂતપૂર્વ ડિરેક્ટર યોગી પઢિયાર કહે છે કે આ નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. જૂનાગઢના સાંસદ રાજેશ ચૂડાસમાએ પણ આ યોજના આગળ વધારવા પ્રયાસ આદર્યા. રોપ-વે યોજનાની સૌથી અગત્યની વાત એ છે કે થોડા સૈદ્ધાંતિક મતભેદ સિવાય કોઈ ધર્મ, કોઈ વર્ગે એનો વિરોધ નથી કર્યો. આ યોજના જૂનાગઢની પ્રજા માટે ખરા અર્થમાં ઉપલબ્ધિ છે.

અંબાજી ટૂક-મંદિરના મહંત તનસુખગિરિબાપુ કહે છે કે હવે અહીં વધારે લોકો આવશે. યાત્રીઓ માટે અહીં પણ સુવિધાની જરૂર છે.

ગિરનાર માટે રોપ-વે હોવો જોઈએ એવી વિચારણા ક્યારે શરૂ થઈ? સરકાર તો પછી ચિત્રમાં આવી. ૧૯૬૯માં જાણીતા દાતા, શેઠ

ઊડનખટોલાથી કોનો થશે ઉદ્ધાર?

રોપ-વે શરૂ થતાં જૂનાગઢ આવનારા લોકોની સંખ્યા વધશે. અગાઉ પ્રવાસીઓ રાત્રિરોકાણ વગર સાસણ કે સોમનાથ જતા રહેતા, એના બદલે અહીં રોકાણ કરશે. સ્થાનિક વેપાર-ધંધાને ચોક્કસ લાભ થશે. જો સિંહદર્શન પણ અહીં શરૂ થશે તો આ શહેરના પ્રવાસ માટે ઓછામાં ઓછા બે દિવસનું આયોજન થઈ શકે. જૂનાગઢમાં તળેટી વિસ્તારમાં વિવિધ સમાજની ધર્મશાળા છે. પરદેશી કે ભદ્ર વર્ગ રોકાઈ શકે એવો એક રિસોર્ટ અને અમુક હોટેલ છે. હવે હોટેલ ઉદ્યોગને ફાયદો થશે. *સરોવર પોર્ટિકો હોટેલ*ના મૅનેજિંગ ડિરેક્ટર સંજય કોરડિયા *ચિત્રલેખા*ને કહે છે કે શહેરમાં અત્યારે ૩૦ જેટલી હોટેલ છે, જેમાં ૧૦૦૦ જેટલા રૂમની સુવિધા છે. રોપ-વેની શરૂઆત થતાં હવે જે લોકો ગિરનાર ચડી શકતા નહોતા એ પણ આવી શકશે, જેથી પ્રવાસીઓની સંખ્યા વધશે.

જૂનાગઢના કલેક્ટર ડૉ. સૌરભ પારધીના માર્ગદર્શનમાં અત્યારે રોપ-વે અને પર્યટન વિકાસનાં અન્ય કામ ચાલી રહ્યાં છે.

અહીં પૂનમે મહારાષ્ટ્રથી મોટી સંખ્યામાં લોકો આવે છે. ગિરનાર ચડી બીજા દિવસે ટ્રેનમાં જતા રહે. પગથિયાં ન ચડી શકે એવા લોકો પણ આવશે અને રોકાશે એવી ધારણા છે. ઉપરકોટનું રિનોવેશન ચાલુ છે એટલે હેરિટેજમાં રુચિ ધરાવતા પ્રવાસી પણ આવશે. ફક્ત હોટેલ ઉદ્યોગ નહીં. અહીંની દુકાનો, રિક્ષાચાલકોને પણ એનો લાભ થશે. પરિક્રમા કે શિવરાત્રિના મેળામાં વધારે કમાતા રિક્ષાચાલકોને હવે કાયમ સારો વકરો મળી રહેશે.



સંજય કોરડિયાઃ રોપ-વે પર્યટનને નવી ઊંચાઈએ લઈ જશે.

*ઉષા-બ્રેકો કંપની*ના પબ્લિક રિલેશન ઑફિસર દીપક કપલીશ કહે છે કે સાસણ જાય એ લોકો સોમનાથ જાય, સોમનાથથી યાત્રાળુઓ દ્વારકા જાય, પરંતુ જૂનાગઢ જાય જ એ જરૂરી નથી. ગિરનાર ચડે-ઊતરે ત્યાં સમય પણ વધારે જાય, પરંતુ હવે અંબાજી ટૂક સુધી જઈને પરત આવવામાં અડધો દિવસ પણ ન લાગે. મતલબ કે લોકો પાસે જૂનાગઢ આવી સોમનાથ-દ્વારકા જવાનો વિકલ્પ રહેશે. આમ જુઓ તો ત્રણેય ધાર્મિક સ્થળ છે એટલે રિલિજિયસ ટુરિઝમની એક સર્કિટ બની જશે. સાથે માધવપુર ઉપરાંત વીરપુર કે પોરબંદર પણ પ્રવાસીઓ આ સાંકળમાં જઈ શકશે. ગુજરાતના પ્રવાસન ક્ષેત્રનો ચહેરો આ રોપ-વેને લીધે બદલાઈ જશે.

ડોલીવાળાઓને દુકાન તો મળશે, કમાણી થશે?





રોપ-વેને લીધે જૂનાગઢના પ્રવાસન અને અર્થતંત્રને ફાયદો થશે એવા દાવા વચ્ચે અગત્યનો પ્રશ્ન તો ડોલીવાળાનો છે. ૧૯૯૭માં *ડોલી ઍસોસિયેશને* આ મુદ્દે કોર્ટમાં કેસ પણ કર્યો હતો. જો કે પછી તો અરજી પાછી ખેંચાઈ અને વડી અદાલતે લાઈસન્સ ધરાવતા ડોલીવાળાઓને રોજગારીના વિકલ્પ આપવા હુકમ કર્યો હતો. એ અનુસાર ડોલી અને તેડાગરમાંથી અમુકને દુકાન, રોપ-વેમાં નોકરી, સ્વરોજગારી માટે લોન, સાંથણી માટે જમીન સહિતના પર્યાય ઠેરવવામાં આવ્યા.

*ડોલી ઍસોસિયેશન*ના પ્રમુખ રમેશ બાવળિયા *ચિત્રલેખા*ને કહે છે કે ૧ નવેમ્બર, ૧૯૭૯થી ઍસોસિયેશન અસ્તિત્વમાં છે. ગિરનાર પર જૈન દેરાસરની ટૂક સુધીના ૫૦૦૦, અંબાજી સુધીના ૮૦૦૦ અને દત્તાત્રેય સુધીના ભાવ ૧૦,૦૦૦ રૂપિયા છે. એક વ્યક્તિને ડોલીમાં ઊંચકીને ઉપર લઈ જવા માટે બે કે વધારે માણસ હોય. તળેટીથી ડોલીમાં જૈન મંદિર સુધી પહોંચતાં અઢી કલાક, અંબાજી ટૂક પહોંચતાં ત્રણ કલાક અને દત્તાત્રેય સુધી પહોંચતાં પાંચ કલાક જેટલો સમય લાગે છે. ઉપર જતી વખતે બાળકો કે સામાન સાથે હોય એને ઊંચકવાનું કામ તેડાગર મજૂર એટલે કે મહિલા કરે છે, જેનો ચાર્જ અલગથી લેવામાં આવે છે.

રમેશ બાવળિયા: વર્ષોથી અહીં રોજી-રોટી કમાતા લોકોને એમની આજીવિકાની ચિંતા થાય એ સ્વાભાવિક છે.

રમેશભાઈ કહે છે કે ગિરનાર પર રોપ-વેની વાત આવી ત્યારે અમે લોકોએ સરકાર પાસે ચાર માગણી રાખી હતી. એમાંથી સરકારે દુકાનો આપવાની માગણી સ્વીકારી છે, જેમાં ભવનાથ તળેટી પાસે જિલ્લા પંચાયતના ગેસ્ટ હાઉસ સામે આવેલા પાર્કિંગની જગ્યામાં ૧૦૪ દુકાનો બનાવી આપવામાં આવશે. આ દુકાનો રોપ-વેથી થોડી દૂર છે, પરંતુ પ્રશાસને એવું આશ્વાસન આપ્યું છે કે રોપ-વેની ટિકિટ બારી ત્યાં બનાવવામાં આવશે. આમ થશે તો પણ લોકો અમારી દુકાનની મુલાકાત લેશે કે કેમ એ પ્રશ્ન ઊભો જ છે. એ ઉપરાંત, ૧૯૭ સભ્યોમાંથી ૧૦૪ જીવંત લાઈસન્સવાળા લોકોને જ દુકાન મળી છે, અન્ય લોકોનાં મૃત્યુ થયાં છે, જેથી એમના પરિવારજનોને પણ કંઈક લાભ મળે એવી માગણી અમે કરી છે.

નાનજી કાલીદાસ મહેતાએ સ્વખર્ચે ગિરનાર રોપ-વે બનાવી આપવા તૈયારી દર્શાવી હતી, પરંતુ એ તો થયું નહીં. ૧૯૮૫માં ગુજરાત પ્રવાસન નિગમે ગિરનાર રોપ-વેની દરખાસ્ત જૂનાગઢ કલેક્ટર મારફત કરી હતી. ૧૯૯૪માં પ્રવાસન નિગમ અને *ઉષા-બ્રેકો કંપની* વચ્ચે કરાર પણ થયા, પરંતુ વન્યવિસ્તારની જમીન, કોઈ ધર્મ સંગઠનનો થોડો વાંધો-વિરોધ, યાત્રીઓને ડોલી દ્વારા ઉપર લઈ જતા-લાવતા લોકોનો પોતાની રોજીને લીધે સ્વાભાવિક વિરોધ, વગેરે કારણે મોડું થતું ગયું.

બીજી બાજુ, જૂનાગઢના અનેક આગેવાનોએ આ યોજના માટે સતત પ્રયાસ કર્યા. ૧૯૮૧માં પ્રથમ વાર સર્વે માટે ટુકડી આવી ત્યારે પૂર્વ કાયદામંત્રી સ્વર્ગીય દિવ્યકાંત નાણાવટીએ સૂચન કર્યું હતું કે એક રોપ-વે ગિરનાર પર અને બીજો દાતારના પર્વત પર કરવો જોઈએ. બન્નેનું લોઅર સ્ટેશન વિલિંગ્ડન ડેમ પાસે રાખી શકાય. જો કે એ શક્ય ન બન્યું. જૂનાગઢના ભાજપના અગ્રણી સ્વર્ગીય સૂર્યકાન્ત આચાર્ય, સ્વર્ગીય ભાવનાબહેન ચીખલિયા, સ્વર્ગીય નારસિંહ પઢિયારે પણ આ મુદ્દે સતત પ્રયાસ કર્યા હતા. ધારાસભ્ય મહેન્દ્ર મશરૂએ તો એક લાખ લોકોની સહી કરાવી હતી અને એના પર લોહીનાં છાંટણાં કરીને કેન્દ્રમાં રજૂઆત મોકલી હતી! પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે સુનાવણી રાખી ત્યારે સ્વર્ગીય નારસિંહભાઈ પઢિયારે તમામ પક્ષ, સમાજને રોપ-વેની તરફેણ કરવા લેખિત જાહેર અપીલ કરી હતી અને ૭૦૦ લોકોએ એક અવાજે કહ્યું હતું કે રોપ-વે બનવો જોઈએ. મહામંડલેશ્વર શ્રી ભારતીબાપુ, શ્રી શેરનાથબાપુએ પણ સંતોની રજૂઆતની આગેવાની લીધી હતી.

દર વર્ષે બેસતા વર્ષની સવારે અનેક લોકો સૂર્યોદય જોવા ગિરનાર તળેટીએ જતા હોય છે. આ વર્ષે કદાચ એ લોકો નવા વર્ષે અંબાજીના આશિષ રોપ-વેમાં જઈને લઈ શકે તો નવાઈ નહીં. જાણીતા કવિ ન્હાનાલાલની પંક્તિ હવે સાકાર થઈ રહી છે. એમણે લખ્યું હતું:

ઊગ્યું સ્હવાર સુખરૂપ સખી અમારું, યાત્રા હજો શુભ હવે ઊર્ધ્વગામી

માંડી સિંહાસન રવિ ગિરનાર શૃંગે યાત્રાળુને કનક-અંગૂલિથી નિમંત્રે.

■ તસવીરો: **નીશુ કાચા**

પૂરક માહિતી-તસવીરો: વિજય ત્રિવેદી (જૂનાગઢ)



માના ગરબા સૂના પડ્યા રે લોલ...

કોવિડિયા દુષ્કાળને લીધે સરકારી નિર્ણય મુજબ ગુજરાતમાં નવરાત્રિનાં કોઈ મોટાં આયોજન થવાનાં નથી ત્યારે બંધબારણે કે શેરી–ટેરેસમાં લોકો નાચ્યા વગર રહી શકશે કે કેમ એ પણ પ્રશ્ન છે.

મહેશ શાહ (અમદાવાદ)

હાલ કોરોના મહામારીના લીધે અનેક પર્વ-તહેવાર-ઉત્સવની રંગેચંગે ઉજવણી ન થઈ. ગુજરાતમાં સૌથી લાંબો અને સળંગ નવ રાત સુધી ઊજવાતો નવરાત્રિનો ગરબા ઉત્સવ આ વખતે સૂનો પડ્યો છે.

જો કે ગુજરાત સરકારે પ્રોફેશનલ ગરબાથી માંડીને શેરીગરબા યોજવાની મંજૂરી આપી નથી એટલે અમુક ભાવિકો અને ખેલૈયા કોઈ તરકીબ યોજીને ગરબા ગાશે-રમશે. જેમ લૉકડાઉનમાં શાળા-કૉલેજ બંધ હોવાને લીધે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે ઍક્ચ્યુઅલ ક્લાસને બદલે વર્ચ્યુઅલ ક્લાસ એટલે કે ઑનલાઈન ભણતરનો પ્રયોગ થયો એ જ રીતે હવે વર્ચ્યુઅલનું નવલું






અમે બંધબારણે ગાઈશું... તમે બંધબારણે રમો રે રાજ: રેકૉર્ડિંગ સ્ટુડિયોમાંથી રેલાતાં ગીત-સંગીતના તાલે રાસ-ગરબા આ વર્ષે ન્યુ નૉર્મલ ગણાશે.





અરવિંદ વેગડા: આ વર્ષે ઓન્લી ઑનલાઈન ગરબા.



ડૉ. પાર્થ ઓઝા: યુએસ-યુકેવાસીઓ માટે વર્ચ્યુઅલ ગરબા.

રૂપ નવરાત્રિમાં વર્ચ્યુઅલ ગરબા રૂપે જોવા મળવાનું છે.

પાર્ટી-બેઠકોમાં ગવાતા લોકપ્રિય ગુજરાતી ગીત *ભાઈ ભાઈ* ફેમ વિખ્યાત ગાયક અમદાવાદના અરવિંદ વેગડા *ચિત્રલેખા*ને કહે છેઃ 'હું આ વખતે ઑનલાઈન ગરબા ગવડાવીશ, જેમાં એક સ્ટુડિયોના સ્ટેજ પરથી નિર્ધારિત સમયે ગરબા ગાઈશ. આગોતરું બુકિંગ કરાવનારી સોસાયટી, ફ્લૅટ, કમ્યુનિટી-ગ્રુપ વિરાટ એલઈડી સ્ક્રીન પર ઈન્ટરનેટ થકી એ જોઈ શકશે અને એના તાલે સરકારી નિયમાનુસાર ગરબા રમી શકશે.'

અરવિંદભાઈની જેમ અમદાવાદના જાણીતા પ્લેબૅક સિંગર અને ગરબાગાયક ડૉ. પાર્થ ઓઝા તથા એમના પિતા જાણીતા સુગમ સંગીત તેમ જ ગરબાગાયક સંજય ઓઝા અમેરિકા અને યુકેવાસીઓ માટે વર્ચ્યુઅલ ગરબાના ચાર શો કરવાના છે. ડૉ. પાર્થ ઓઝા *ચિત્રલેખા*ને કહે છેઃ 'નવરાત્રિ નિમિત્તે મેં ગરબાનો મ્યુઝિક વિડિયો *ગરબે ઘૂમે તું...* રિલીઝ કર્યો છે, જેનું ગીતલેખન તુષાર શુક્લનું તથા સ્વરાંકન ઋષિ વકીલનું છે.'

ઑનલાઈન ગરબા વિશે *ચિત્રલેખા*એ અમદાવાદના પાર્શ્વગાયક દેવાંગ પટેલ સહિત ત્રણ ગાયક સાથે વાત કરી. જવાબ સરખો મળ્યોઃ *દેશ અને વિદેશોમાં વાત ચાલે છે, પરંતુ બુકિંગ ફાઈનલ થયાં નથી.*

ઑનલાઈન ગરબા યોજવા માટે લોકોનો ઉત્સાહ ઓછો હોવાના મૂળમાં બે કારણ છે. એકઃ ઑનલાઈન ગરબા યોજવાનું ખર્ચાળ છે અને બીજુંઃ ઑનલાઈન ગરબા માણવાનો ખેલૈયાનો અનુભવ નવોસવો છે, કહો કે પહેલવહેલો જ છે. ગરબાગાયક કેવી રીતે દેખાશે-કેવી રીતે રમાડશે એ અંગે લોકોને સમજ નથી કે એ દ્વિધા અનુભવે છે. આ સંજોગમાં ગરબા આયોજનનો ખર્ચ બચાવવા ગરબાની ઑડિયો-વિડિયો સીડી વગાડીને ગરબા રમશે.

ગુજરાતમાં અમુક સંસ્થા ઑનલાઈન ગરબા કૉમ્પિટિશન યોજવાની છે. ગાંધીનગરનાં કોમલબા જાડેજા અને *રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના-ગુજરાત*ની

ન રાસ, ન રંગ, ન રોનક...







ખરીદદારોના સ્વર્ગ સમા અમદાવાદના પ્રસિદ્ધ લૉ ગાર્ડનના નવરાત્રિ-માર્કેટમાં એકલ-દોકલ શૉપર્સ... જે દિવસે બોણી થઈ જાય એ દિવસ બેસ્ટ.

ચોમેર ફેલાયેલા મંદીના વાવાઝોડાએ બધાં માર્કેટની જેમ નવરાત્રિ માર્કેટને પણ ભીંસમાં લીધું છે.

છેલ્લાં પચાસેક વરસથી અમદાવાદી ખેલૈયાઓનું મનગમતું સરનામું લૉ ગાર્ડનનું *નવરાત્રિ માર્કેટ* રહ્યું છે. નવ દિવસ નવા-નવા નવ પોશાકમાં સજીધજી ગરબે ઘૂમવાનો ઉત્સાહ તો આ વખતે કોઈનો નથી જળવાવાનો. પરિણામે નવરાત્રિના પરંપરાગત પોશાકનાં વેચાણમાં મોટાં ગાબડાં પડ્યાં છે. નવરાત્રિની રાતોમાં આકાશે તારા ચમકતા હોય એમ ગુજરાતની ભૂમિ પર રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ યુવક-યુવતીઓના ચહેરા ચમકતા હોય, સાથે બહુરંગી પોશાક એક્સેસરીઝ તરીકે ઓળખાતા તારલા, ચણિયા-ચોળીમાં લટકતા કાચના ટુકડા, કેડિયા પર ઝગમગતી સોનેરી પટ્ટી કે ચૂડીદાર-પાઘડી-ચૂંદડી પરનાં આકર્ષક ભરત પણ પોતાની ભાત ઉપસાવતાં હોય! બે મહિના આગોતરા આનું શૉપિંગ શરૂ થઈ જાય. ગરબા-ગીત-સંગીત-નૃત્યના મહોત્સવમાં આ રંગોની ઊછળતી છોળ અને પરંપરાગત પોશાકનું આગવું મહત્ત્વ હોય છે, જે આ વર્ષે ફીકું રહ્યું. બે પેઢીથી લૉ ગાર્ડન માર્કેટમાં જાતે સીવણ કરી પારંપરિક વસ્ત્રો વેચતા શંભુભાઈ ચખવાડિયા *ચિત્રલેખા*ને કહે છેઃ

'સામાન્ય નવરાત્રિમાં રોજનો ઓછામાં ઓછો દસ હજાર વકરો હોય. ઘણી વાર બમણો પણ હોય. અત્યારે મહિના-દીથી દુકાન ખોલીને બેઠા છીએ, પણ દિવસ દરમિયાન બોણી થઈ જાય તો ભયો ભયો. બોણી થાય એ દિવસ સારો ઊગ્યો માનીએ છીએ... એટલે સમજો છો? એક દિવસમાં એકાદી ચોળી કે એકાદ આખો પોશાક વેચાય તો એને પણ અત્યારે અમે સારો દિવસ ગણીએ છીએ. આ વર્ષે હજી સુધી એક દિવસમાં બે ગ્રાહક ખરીદી કરી ગયા હોય એવો વકરો જોવા નથી મળ્યો.'

શંભુભાઈ માર્કેટના ઘણા વેપારીની જેમ કાચો માલ શહેરમાંથી અથવા કચ્છથી લાવીને જાતે સીવણ કરી જાતભાત-રંગબેરંગની વરાઈટી સાથે પરંપરાગત વસ્ત્રો તૈયાર કરે છે, જ્યારે અમુક વેપારી શહેર અથવા કચ્છથી સીધો તૈયાર માલ લાવીને વેચે છે.

જેમ કે માયાબહેન સોલંકી. એ કહે છેઃ 'આ વર્ષની શી વાત કરીએ? સાચું કહીએ તો ગયા વર્ષે પણ કાંઈ બહુ સારી ખરીદી નહોતી રહી.' છેલ્લા અઢી દાયકાથી *નવરાત્રિ માર્કેટ*માં રત એવાં માયાબહેન ઉમેરે છે કે નવરાત્રિમાં થવું જોઈ એવું વેચાણ તો ગયા વર્ષે પણ નહોતું થયું, પછી આ વર્ષે તો પૂછવાનું જ શું? દુકાન ખોલીને તો બેસવું પડે ને? આ માસ્ક ને એવું બધું, ફરજિયાત ચોકી રાખી છે. એ બધું જાળવીને બેઠાં છીએ, પણ ખરીદી તો થવી જોઈએ ને! હવે તો કદાચ આ બધું માથે પણ પડે. અમે તો પોશાક જાતે નથી બનાવતાં, પણ બધો સામાન કચ્છથી રોકડ ખરીદીમાં તૈયાર લઈ આવીએ છીએ એટલે રોકેલા પૈસા પાછા આવે તોય બહુ.

□ **સુનીલ મેવાડા** (અમદાવાદ)

મહિલા પાંખનાં કાર્યકારી અધ્યક્ષા ભાવનગરનાં તૃપ્તિબા રાઓલે પ્રાચીન અને અર્વાચીન ગરબા, હીંચ, દાંડિયારાસ, થાળીરાસની ગ્રુપ તેમ જ માતા-પુત્ર એમ બે કૅટેગરીની કૉમ્પિટિશન યોજી છે.

સામાન્ય સંજોગમાં યુવા ખેલૈયા ગરબા જોવા-રમવા મોડી રાત સુધી શહેરમાં ફરતા હોય છે. એ વખતે ચા-નાસ્તાની જ્યાફત ઉડાવતા હોય છે. હાલ કોરોના કાળમાં નવરાત્રિ પૂર્વે અમદાવાદના અમુક વિસ્તારોમાં ચા-નાસ્તાની લારી, હોટેલ, કૉફી શૉપ, વગેરે જગાએ યુવાનોનાં ટોળાં જોવા મળ્યાં. એમાં ઘણા યુવાનો સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવ્યા વિના અને માસ્ક યોગ્ય રીતે પહેર્યા વિના ટોળે વળ્યા હતા. એમાં કોરોના સંક્રમણની સંભાવના હતી. કોરોના પ્રોટોકોલ ભંગના આવા કિસ્સા અટકાવવા અમદાવાદના મ્યુનિસિપલ કમિશનરે ૨૯ સપ્ટેમ્બરથી શહેરના ૨૭ વિસ્તારમાં રાત્રે દસ વાગ્યા પછી ભેગા થવા પર પ્રતિબંધ મૂકી દીધો છે.

અમદાવાદની *ઈન્સ્ટાઈલ ડાન્સ એકેડેમી*ના કોરિયોગ્રાફર હીરેન પટેલ કહે છેઃ 'ગયા વર્ષે નવરાત્રિના બે મહિના પહેલાં મારે ત્યાં રોજ અંદાજે બસ્સો જેટલાં યુવક-યુવતી ગરબાની પ્રેક્ટિસ કરતાં, પરંતુ આ વખતે કોરોનાના ડરના લીધે સંખ્યા ઘટીને ત્રીસ જેટલી થઈ. ખેલૈયાના ઉત્સાહ અને એમની સાથેની વાતચીતના આધારે કહી શકું કે કોરોનાના કેસ અને એ સંદર્ભમાં સરકારની માર્ગદર્શિકાના લીધે યુવા ખેલૈયા ઘરઆંગણે કે બહાર જઈને ગરબા રમી શકશે એ નિશ્ચિત નહોતું, પરંતુ એમણે રોજ ઉત્સાહભેર રાસ અને ગરબાની પ્રેક્ટિસ કરીને ગરબા ગાવાનો શોખ પૂરો કરી લીધો છે.'

□ તસવીરોઃ **પ્રજ્ઞેશ વ્યાસ**

મોરી સૈયર... આમાં ઈંધણાં વીણવા ક્યાં જાવું?

ગુજરાતમાં નવરાત્રિનાં કોઈ મોટાં આયોજન થવાનાં નથી ત્યારે મુંબઈમાં કેવોક છે માહોલ?



આવી તમારી યાદ: ફાલ્ગુની પાઠકના સૂરતાલે હિલોળે ચડેલા મુંબઈગરા...

કેતન મિસ્ત્રી

મુંબઈની નવરાત્રિ આ વખતે વિક્રમસર્જક બની રહેવાની. ના... ના... રાસરાણી ફાલ્ગુની પાઠક મંગળ ગ્રહ પરથી મેદાન પર એન્ટ્રી કરવાની છે એવો વિક્રમ નહીં, પણ દાંડિયા ક્વીન ત્રણ દાયકા કરતાં વધુ સમય બાદ પહેલી વાર *ઈંધણાં વીણવા ગઈ'તી મોરી સહિયર!* એવું ગાશે નહીં એ રેકૉર્ડ. મુંબઈ-ગુજરાત કે દેશભરના અન્ય ઉત્સવોને જેમ કોરોના વાઈરસ નડ્યો એવો નવરાત્રિને પણ નડ્યો છે.


જો કે આ વર્ષની મુંબઈની નવરાત્રિની વાત કરતાં પહેલાં બે નામની અવશ્ય નોંધ લેવી પડે: કિશોર મનરાજા તથા ધ *બીટર્સ*ના બિપિનચંદ્ર જે. ચૂનાવાલા. ભલે નવરાત્રિની ઉજવણી મોટે પાયે થવાની નથી આમ છતાં ગીત-ગરબા-સંગીત ને રાસની રમઝટના પૂરક બની ગયેલા આ બે અતિલોકપ્રિય કલાકારોની ગેરહાજરી ખેલૈયા જરૂર અનુભવશે.

દરમિયાન ગણેશોત્સવની જેમ જ મહારાષ્ટ્ર સરકાર તરફથી નવરાત્રિ વિશે માર્ગદર્શિકા બહાર પડી ગઈ છે, જેમાં માતાજીની મૂર્તિની ઊંચાઈ (જાહેર ઉત્સવ માટે) ચાર ફૂટ તથા પ્રાઈવેટ ગરબી માટે બે ફૂટ રાખવામાં આવી છે. પાલિકાએ મંડળોને વિનંતી કરી છે કે આ વર્ષે તમે રાસ-ગરબાની રમઝટ બોલાવવાને બદલે લોકોમાં કોવિડ-૧૯, મેલેરિયા-ડેન્ગ્યુ જેવા રોગચાળા વિશે જાગરૂકતા આણો, ઉત્સવ-મૂર્તિદર્શન-આરતી, વગેરે ઑનલાઈન જ રાખો. જો કોઈ મંડપમાં આવે તો યોગ્ય અંતર જાળવવું તથા એનું થર્મલ સ્કેનિંગ ફરજિયાત કરવું. મંડપમાં પાંચથી વધુ લોકોએ ભેગા ન થવું, વગેરે.

મુંબઈના પશ્ચિમી પરા બોરીવલીના કોરા કેન્દ્ર વિસ્તારમાં આશરે ૪૦,૦૦૦ ચોરસફૂટના મેદાન પર દસ હજાર ખેલૈયા માટે વિરાટ નવરાત્રિનું આયોજન કરનારા ગણેશ નાયડુ *ચિત્રલેખા*ને કહે છે: 'અમે અમારા તરફથી રાજ્ય સરકારને વિવિધ રજૂઆત કરી, પણ એ બધી વ્યર્થ નીવડી છે.'

નાયડુ ઉમેરે છે કે છેલ્લે અમે મેદાન પર માત્ર ઑર્કેસ્ટ્રાની (સિંગર્સ-સાજિંદાને ગાવા-વગાડવાની) અનુમતિ માગેલી, જે અમે ઑનલાઈન ટેલિકાસ્ટ કરવા માગતા હતા. અમારા સાજિંદાની જમાવટ જોતાં જોતાં ખેલૈયા ઘેરબેઠાં રાસ-ગરબા રમી શકે, એન્જોય કરી શકે, કેમ કે લોકો છ મહિનાથી ઘરે બેસીને કંટાળી ગયા છે. એમને પણ ધાર્મિક ઉત્સવની સાથે મનોરંજન જોઈએ છે. જો કે આ માટે સુદ્ધાં અમને પોલીસ પરમિશન ન મળતાં હવે અમે બોરીવલી વિસ્તારના કોઈ મોટા બૅન્ક્વે હૉલમાં આયોજન કરવાનું નક્કી કર્યું છે, જ્યાં સાજિંદા વગાડે અને ત્યાંથી વર્ચ્યુઅલ ગરબા ટેલિકાસ્ટ કરીશું.

જો કે *બીટ ૧૬*વાળા તુષાર સોનિગ્રા કહે છે:



પાર્થિવ ગોહિલઃ મેદાન પર તો નહીં, પણ વર્ચ્યુઅલ ગરબાનું લગભગ નક્કી છે.



સંજય સાવંતઃ મુંબઈનું ઠેકાણું પડ્યું નથી ત્યાં વિદેશપ્રવાસની તો ક્યાં વાત કરવી?



મનીષા સાવલાઃ હજારોની મેદની સામે ગાવાનો જે ઉત્સાહ હોય એ સ્ટુડિયોમાં-વર્ચ્યુઅલ ગરબામાં ન આવે.

'વર્ચ્યુઅલ નવરાત્રિ એ એટલો એક્સાઈટિંગ આઈડિયા નથી, કેમ કે વડીલવર્ગ ભક્તિભાવે માતાજીના ગરબા માણે, પણ જે યુવાવર્ગ છે એને તો સૂરતાલના સથવારે રમવું છે, નાચવું છે, જે વર્ચ્યુઅલ નવરાત્રિમાં શક્ય નથી એટલે આ વર્ષે નવરાત્રિ ફીકી રહેવાની, બલકે એની સાથે સંકળાયેલા સાજિંદા, ટેક્નિશિયનો માટે સર્વાઈવલનો સવાલ ઊભો થયો છે.'

બીજી બાજુ, જાણીતા સ્વરકાર પાર્થિવ ગોહિલ સસ્મિત વદને કહે છેઃ 'આ વખતે એકદમ નવું કરીશું... એટલે કે લગભગ કંઈ નહીં કરીએ...' પાર્થિવ જો કે ઉમેરે છે કે એમને ઑનલાઈન ગરબા રમાડવા માટેની ઑફર્સ આવી છે, પણ હજી કંઈ નક્કી થયું નથી એટલે એ વિશે કહી શકાશે નહીં.

વધુ માહિતી આપતાં એ કહે છે કે નવરાત્રિ જેવા ઉત્સવ કે પછી એક સ્થળે ભેગા થવા માટેના દરેક રાજ્યના અલગ અલગ નિયમ છે. અમારો આઈડિયા એવો છે કે નવરાત્રિ માટે અલગથી શૂટિંગ કરી એને અમુક વેબસાઈટ પરથી રજૂ કરીશું. જ્યાં જે નિયમ હોય એ મુજબ વિશાળ પરદા પરથી એ રજૂ થશે ને શેરીગરબાથી લઈને ઘરમાં, બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં, ટેરેસ પર નિયમાનુસાર રાસપ્રેમી એને માણશે. કોઈ જગ્યાએ જમીન પર કૂંડાળાં ચીતરી એક-એક કૂંડાળામાં બેઠાં બેઠાં ખેલૈયા રમે એવું પણ બની શકે. આ માટે બેસીને માણી શકાય એવી ધૂનના ગરબાની મ્યુઝિક વિડિયોઝ બહાર પાડીશું.

છેલ્લાં અઢાર વર્ષથી ફાલ્ગુની પાઠક સાથે ગરબાની જોડી જમાવનારા લોકપ્રિય સ્વરકાર સંજય સાવંત કહે છેઃ 'દર વર્ષે મે અથવા મોડામાં મોડા જૂનમાં અમારા કૉન્ટ્રાક્ટ થઈ જતા હોય છે. એ પછી ચાલે તડામાર તૈયારી, રિહર્સલ્સ, વગેરે. આ બધું જ આ વર્ષે અમે મિસ કરીશું.'

એ ઉમેરે છે કે આ તેમ જ ૨૦૨૧નું પણ લગભગ અડધું વર્ષ કદાચ ઘરે જ બેસી રહેવું પડશે.

નવરાત્રિ કે એ પ્રકારના સંગીતના લાઈવ કાર્યક્રમ રજૂ કરનારા નાના-મોટા કલાકારો તથા એમની સાથે સંકળાયેલા સાજિંદા, સાઉન્ડ એન્જિનિયરો, પ્રકાશ આયોજકો, વગેરે કપરા સમયમાંથી પસાર થઈ રહ્યા છે.

સુપ્રસિદ્ધ ગાયિકા મનીષા સાવલાએ પણ છેલ્લા છ મહિના આરામની સાથે નિયમિત રિયાજ કર્યા. જો કે ગયા અઠવાડિયે એમણે *સુગમનો રંગ* આલબમ બહાર પાડ્યું, જે ગુજરાતી ભાષાનાં અત્યંત લોકપ્રિય એવાં ગીતોનું એક મૅશઅપ છે.

છેલ્લાં અનેક વર્ષથી ઈશાન મુંબઈના પરા ડોમ્બિવલી તથા આસપાસની જનતામાં *રાસરંગ*ના નેજા તળે સૂર-સંગીતથી રાસ-ગરબાની રમઝટ બોલાવનારાં મનીષાબહેન *ચિત્રલેખા*ને કહે છેઃ 'નવરાત્રિ તો ક્રાઉડ એટલે કે જનમેદનીનો ઉત્સવ છે. સામે ચાર-પાંચ હજાર ખેલૈયા હિલોળા લેતા હોય ત્યારે જે ગાવાનો આનંદ આવે એ ઘરમાં બેસીને પાંચ-પચ્ચીસ જણ સામે ગાવાથી ન મળે. અમારી પોતાની વાત કરું તો નવરાત્રિ જેવા લાઈવ આયોજનમાં મુખ્ય ગાયકો ઉપરાંત સ્ટેજ પર પાંત્રીસથી વધુ તો સાજિંદા અને જુદા જુદા ટેક્નિશિયન હોય છે. આમાં તમે ઑનલાઈન શું કરી શકો? આમ છતાં હું માતાજીને વંદના અર્પવા દરરોજ એક ગરબો મારા ફૅન્સ માટે અવશ્ય ગાઈશ, જે મારા ફેસબુક પેજ તથા યૂટ્યૂબ ચૅનલ પર રજૂ કરીશ.'

ટૂંકમાં, ઓણ સાલ નોરતાંમાં માટલીમાં માતાજીના જવારા વાવી એની પૂજા-અર્ચના થશે, ગરબી, ઘટસ્થાપન તથા માતાજીની આરાધના, અનુષ્ઠાન, ઉપવાસ જરૂર થશે, કદાચ શેરીમાં સરકારી નિયમોને અનુસરી પાંચ-સાત જણ ગરબા રમશે, પણ પરી હૂં મૈં... પર ઊછળી ઊછળીને રમવાનું?

જસ્ટ ફરગેટ ઈટ! ◻

feedback2ketan@chitralekha.com

બળવંતની બોબડી બંધ!

નવરાત્રિની સીઝનમાં પણ તું રાત્રે દુકાને કામ કરીશ તો તારાવાળી પાયલ બીજા કોઈની સાથે રાસડા લેતી થઈ જશે...

મહેશ શાહ (અમદાવાદ)

‘મેહુલિયા, ફોન તો ઉપાડ. સવારથી ત્રણ ફોન કર્યા. મેસેજ પણ કર્યા. વેબ-સિરીઝ જોતો હતો કે બેબ-સિરીઝ?’ ચિંતને ફોન પર પૂછ્યું.

‘બેબ-સિરીઝ? એ શું છે?’

‘બેબ એટલે બેબલીઓ-છોકરીઓ... તું હજી બકો જ રહ્યો, બકાભાઈ થયો જ નહીં.’

મેહુલની ઊંઘ હજી ઊડી નહોતી: ‘બેબ-સિરીઝ જોવાનાં નસીબ ક્યાંથી, યાર... સૂતો હતો. કાલે પપ્પાએ દુકાનમાં રાતપાળી કરાવેલી. પિદૂડી નીકળી ગઈ મારી.’

‘પિદૂડી નીકળી, પણ ધૂમ પૈસાય કમાઓ છો ને તમે મેડિકલ સ્ટોરવાળાઓ.’

‘છોડ ને, યાર...’

‘જો, નવરાત્રિની સીઝનમાં પણ તું રાત્રે દુકાને જઈશ તો તારાવાળી પાયલ કોઈની સાથે રાસડા લેતી થઈ જશે.’

પાયલનું નામ આવતાં જ મેહુલની સુસ્તી ઊડી ગઈ.

‘પપ્પા દુકાને જાય પછી સરકીને તારા ઘેર આવું છું.’ મેહુલે ફોન કટ કર્યો.

કોરોના સર્વવ્યાપી થયો છે અને સર્વવ્યાપી ઈશ્વરની આરાધનામાં પણ ભારે નડ્યો છે. ગુજરાત સરકારે ગરબા મહોત્સવ રદ કર્યો એટલે ક્લબ, પાર્ટી પ્લૉટ, ફાર્મ હાઉસ અને ગરબા આયોજકોએ વાત ઝીલી લેવી પડી, પરંતુ ઘણી સોસાયટી-શેરીમંડળો દ્વિધામાં છે: *ગરબા કરવા કે નહીં?*

મેહુલ જ્યાં રહે છે એ *વિનાયક સોસાયટી*ની મીટિંગમાં પ્રમુખશ્રીએ જાહેરાત કરી: ‘આપણી સોસાયટીમાં પંદર જણને કોરોના થયો. પરમાનંદદાદા તો ગુજરી ગયા. હાલમાં બે ફૅમિલી હોમ આઈસોલેશનમાં છે. કોરોના સંક્રમણનો ભય યથાવત્ છે એટલે ગરબા કૅન્સલ.’

એક વડીલ ઊભા થઈને રીતસરના ધૂણવા માંડ્યા: ‘અલ્યાઓ, માતાજીનું સ્થાપન અને ગરબા નહીં કરો તો કંઈક ન થવાનું થશે...’

પ્રમુખવિરોધી જૂથના એક પડોશી અને ચારેક યુવતીએ એકસૂરે કહ્યું: ‘ગરબા તો કરવા જ પડશે, ન કરવા હોય તો રાજીનામું આપો.’

પ્રમુખશ્રી હાય હાય...

પ્રમુખની ખુરસીમાં ગમે તે હોય, પણ કેટલાક ટીખળીઓ *હાય... હાય* કર્યા વિના રહેતા નથી. આ



હાયકારો હિસ્ટેરિયાનું સ્વરૂપ લે એ પહેલાં અનુભવી પ્રમુખે વાત વાળી લીધી:

‘ઓકે... ઓકે... કૉમન પ્લૉટમાં દોઢસોની જગામાં રોજ ૭૫ જણને ગરબા રમાડીશું. એ પહેલાં ખેલૈયા કઈ કઈ તારીખે ગરબા રમવા ઈચ્છે છે એનું ફૉર્મ ભરાવીશું અને ડેઈલી પંચોતેરને ગરબાના પાસ અને માસ્ક આપીશું.’

પ્રમુખ સાહેબ જિંદાબાદ...

વિરોધીઓએ તરત જ પાટલી બદલી ત્યાં તો પ્રમુખશ્રીએ હળવેકથી ઉમેર્યું: ‘જુઓ, સ્પૉન્સર મળે એમ ન હોવાથી ઘરદીઠ હજાર રૂપિયાનો ફાળો ઉઘરાવવો પડશે.’

ફાળો શબ્દ સાંભળીને અમુકને એવી ફાળ પડી કે એ સીધા હોમ ક્વૉરન્ટીન થવા ભાગ્યા. પેલા વડીલ પણ વિરાટ કોહલીની ઝડપે નાઠા.

હરખપદૂડી યુવતીઓએ પગારકાપનું બહાનું કાઢ્યું. કોઈએ *કોરોનાને કારણે આવેલી શારીરિક અશક્તિને કારણે ગરબા નહીં રમી શકાય* એવું જાહેર કર્યું. ટૂંકમાં, મીટિંગ અને ગરબા બન્ને કૅન્સલ કરવા પડ્યાં.

ચિંતન જ્યાં રહે છે એ *મૃદંગ સોસાયટી*માં જો કે આવો સીન થતો અટક્યો. પ્રમુખે નોટિસ બોર્ડ પર સૂચના મુકાવી: *સરકારે નવરાત્રિમાં શેરીગરબાની મંજૂરી આપી નથી એટલે આપણે ફક્ત ૧૫મીએ રાત્રે પ્રિ-નવરાત્રિ સેલિબ્રેશન કરીશું, જેમાં ખેલૈયાનું શૂટિંગ કરીને વર્ચ્યુઅલ ગરબા કૉમ્પિટિશનમાં મોકલીશું. મિકીવિકી બ્રધર્સ મનોરંજક કાર્યક્રમ આપશે. દરેક મેમ્બરે ઘેરથી ખુરસી લાવીને માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીને બેસવું.*

પછી તો ગરબા માણવા મૃદંગવાસીઓ સમયસર ગાર્ડનમાં ગોઠવાઈ ગયા.

એનાઉન્સરે કહ્યું: ‘પહેલી આઈટેમ ટ્રેડિશનલ રાસ.’

માડી, ભવસાગરને માર્ગે કોરોના કેમ જાગે છે... જાગે છે, હવે શું માગે છે?

સ્પીકર ગુંજવા માંડ્યું. રોજ અગાસી પર પ્રેક્ટિસ કરનારા બાર ખેલૈયાએ રાસની જોરદાર રમઝટ મચાવી. એમાં થોડા સોસાયટીવાળા પણ જોડાયા. એક આધેડ ભાઈ સ્ટેપ ચૂકીને ગડથોલિયું ખાઈ ગયા. સોશિયલ ડિસ્ટન્સ રાખીને રાસ રમવાનાં આગ્રહી એક બહેનના માથે ચિંતનનો દાંડિયો ઝીંકાયો એમાં થોડી હો-હા થઈ, પણ બહેન સ્પોર્ટ્સમૅન સ્પિરિટથી ચોકની બહાર નીકળી ગયાં.

પછી વારો આવ્યો આર્ટિસ્ટ *મિકીવિકી બ્રધર્સ*ની

ગરબા કૉમેડીનો.

વિકી એકલો જ આવેલો. એણે કહ્યું: 'અમે ટ્વિન બ્રધર મિકીવિકી છીએ. અમને પ્રોફેશનલ ફી મળે તો બન્ને ભાઈ પરફૉર્મન્સ આપીએ. ઓછા પૈસા મળે તો એકલો મિકી અને માનદ સેવા હોય તો હું વિકી એકલો જાઉં. સૌને વિકીના માનદ પ્રણામ.'

બે જણમાં ગુસપુસ થઈ: *આ જતીનભાઈ, સાવ મફતિયા આર્ટિસ્ટ લઈ આવ્યા...*

એ સાંભળીને અમુક લોકો પ્રમુખ સામે જોવા માંડ્યા ત્યાં તો વિકીએ આગળ ચલાવ્યું:

'અમારાં મમ્મી-ડેડી ટીચર હોવાથી અમને ઘણી વસ્તુ શિક્ષક કે વિષયના દૃષ્ટિકોણથી જોવાની ટેવ પડી છે. મારી જેમ ઘણા છોકરા માટે છોકરી ફેરવવી એ પ્રેમસિદ્ધ અધિકાર હોય છે.'

આ સાંભળીને *મૃદંગ સોસાયટી*માં *મસ્તાની* તરીકે ઓળખાતી સિમોની વિરોધ કરવા ઊભી થઈ.

જો કે વિકીએ કહ્યું: 'બહેના, મેં મારા અધિકારની વાત કરી છે... અને આ જમાનામાં તો હવે આવું બોલવાનું ચાલે છે. જુઓ, ઘણા વડીલોના મોઢા પર પણ આ સાંભળીને લાલી આવી ગઈ.'

બધા હસી પડ્યા. સિમોની બેસી ગઈ.

વિકીએ વાત આગળ વધારી: 'બારમાસીની જેમ અમુક સીઝનલ પ્રેમી પણ ગરબામાં છોકરીને ફરવા-ફેરવવા લઈ જાય છે. એ પ્રેમપ્રવૃત્તિમાંથી એને જુદા જુદા વિષયનું જ્ઞાન મળે છે. એનો મતલબ કે છોકરી જે વિષયમાં એક્સ્પર્ટ હોય એના આધારે એની પાસેથી છોકરાને ઘણું શીખવા મળે.'

એ પછી વિકીએ છોકરીઓને જે વિષય ગમતા હોય એ પરથી વર્ણન શરૂ કર્યું, જેમ કે ગણિત કન્યાને બહાર લઈ જવામાં પેટ્રોલ અને નાસ્તા-કૉફીના ખર્ચનું આંકડાકીય અનુમાન કરીને ખર્ચ બચાવવાની કળા હસ્તગત કરી શકાય. અમુક વખત કન્યાને પટાવીને એનું કાર્ડ ઘસાવી દેવાનું ગણિત શીખી શકાય. ભૂગોળ ગર્લફ્રેન્ડને નવરાત્રિમાં બાઈક પર રાત્રે જુદા જુદા પાર્ટી પ્લૉટ, ક્લબ અને ફાર્મ હાઉસમાં લઈ જવામાં શહેરની ભૂગોળનો પરિચય મળે છે. નાગરિકશાસ્ત્ર ગર્લફ્રેન્ડના પરિવારના સભ્યો કઈ જગાએ પહોંચ, લાગવગ કે ઓળખાણ ધરાવે છે એ જાણી શકાય છે એના આધારે રિલેશનશિપ કેવી રાખવી એનો નિર્ણય લઈ શકાય છે. શારીરિક શિક્ષણમાં છોકરીના શારીરિક બાંધા પરથી અને એની સાથેની વાતમાંથી જાણી શકાય કે એના પરિવારમાં મસલમૅન કોણ છે?



આ જમાનામાં આવું બોલવાનું ચાલે છે. જુઓ, ઘણા વડીલોના મોઢા પર પણ લાલી આવી ગઈ.

આ સાંભળીને કોઈકે કમેન્ટ કરી: 'આમનું ટ્યુશન લેવા જેવું છે.'

વિકીએ કહ્યું: 'અમારી પાસે ઍક્ચ્યુઅલ, વર્ચ્યુઅલ અને પ્રેક્ટિકલ એમ ત્રણ પૅકેજ છે.'

બધા હસી પડ્યા. મફતમાં મનોરંજન કરવા આવેલો વિકી શાંત પડ્યો એટલે એનાઉન્સર ફરી પ્રકટ્યા. એમણે કહ્યું: 'હવે રજૂ થાય છે સરપ્રાઈઝ ગરબા આઈટમ.'

અચાનક પીપીઈ કિટધારી એક કપલ સ્ટેજ પર આવ્યું. સ્કાય બ્લુ કિટ પર ગામઠી ભરતકામ અને રંગીન આભલાં હતાં. કેડ પર કંદોરો હતો. ચહેરા પર ફેસ શીલ્ડ તથા માથે સાફો બાંધેલો. યુવકના હાથમાં માસ્ક અને યુવતીના હાથમાં ઈન્જેક્શન હતું. એમણે દરદીને સારવાર આપવાના અભિનય સાથે હોઠ ફફડાવ્યા અને પ્રિ-રેકૉર્ડેડ ગીત શરૂ થયું:

હું માસ્ક લેવા ગઈ'તી મોરી સહિયર, માર્કેટમાં માસ્ક વ્હોરવા ગઈ'તી...

આ તમાશો જોઈને અમુક લોકો હસ્યા, પણ પ્રેક્ષકગણમાં બેઠેલા મેહુલના પપ્પા ઉશ્કેરાઈને ઊભા થઈ ગયા: 'બંધ કરો આ મજાક. કોરોના વૉરિયર્સને કૉમેડી વૉરિયર્સ કેવી રીતે બનાવી શકો?'

*વિનાયક સોસાયટી*માં ગરબા ન થયા એટલે મેહુલના પપ્પા *મૃદંગ સોસાયટી*માં પ્રિ-સેલિબ્રેશન ગરબા જોવા ટપકી પડેલા. એમનો મેડિકલ સ્ટોર એટલે આસપાસની બધી સોસાયટીવાળા ઓળખે.

એમની રાડારાડ સાંભળીને કિટ કપલ સ્ટૅચ્યૂ થઈ ગયું. અમુક પ્રેક્ષકો કાકાની કીટકીટથી છેડાયા.

કાકા, બેસી જાવ... બેસી જાવ એવા પોકાર થયા.

પણ કાકા જેનું નામ... એ તો તાડૂક્યા: 'સમજો છો શું તમારા મનમાં? અમે કોરોના વૉરિયર્સ રાત-દિવસ એક કરીને લોકોની સેવા કરીએ છીએ અને તમે મશ્કરી કરો છો. ઊભા રહો, હમણાં પોલીસ બોલાવું છું.'

કાકા મોબાઈલ કાઢીને પોલીસને ફોન કરે ત્યાં તો કિટ કપલમાંથી એકે ફેસ શીલ્ડ હટાવીને જવાબ આપ્યો: 'અંકલ, અમે અસલી પીપીઈ કિટ પહેરી નથી. હું ફૅશન ડિઝાઈનિંગની સ્ટુડન્ટ છું એટલે નવું કાપડ ડેવલપ કરીને ડ્રેસને કિટનો લુક આપ્યો છે.'

'પપપપપ... પાયલ?'

છોકરીનું મોઢું જોઈને કાકો બઘવાઈ ગયો.

'હા, હું પાયલ ને આ તમારો મેહુલ...'

પાયલે યુવકનું ફેસ શીલ્ડ ઉતારી નાખ્યું. મેહુલ મૂંઝાઈ ગયો.

બધાએ તાળી પાડી. આખા વિસ્તારમાં બધાને ખબર હતી કે મેડિકલ સ્ટોરવાળો મેહુલ હેર કટિંગ સલૂનવાળા કરસનની દીકરી પાયલ જોડે ફરે છે, જે મેહુલના પપ્પાને પસંદ નથી. પપ્પા પાસે બળવો કરવાનું મેહુલનું ગજું નહોતું એટલે ગરબા નિમિત્તે ચિંતન અને પાયલે એક ચાન્સ લીધો.

'નાલાયક, દુકાને બેસવાને બદલે ફાલતુ લોકો જોડે ગરબા રમે છે?'

કાકો મેહુલ તરફ ધસવા માંડ્યો ત્યારે પ્રેક્ષકગણમાં બેઠેલાં એક ડોશી ઊભાં થયાં:

'લ્યો, બોલો... બાપો ફાલતુ સોસાયટીમાં, ફાલતુ લોકોના ગરબા જોવા આવી શકે, પણ છોકરો ફાલતુ લોકો જોડે ગરબા ન રમી શકે?'

પછી પ્રેક્ષકો પણ ગિન્નાયા:

'બળવંતભાઈ, જરા તો શરમ રાખો.'

'બળવંતલાલ, તમને આ શોભતું નથી.'

પ્રેક્ષકોનાં શબ્દબાણથી વીંધાયેલા બળવંતલાલ આગળ વધવું કે પાછા વળી જવું એ નક્કી ન કરી શકવાથી ત્રિશંકુની જેમ ઊભા રહી ગયા. ત્યાં પ્રમુખ પણ ઊભા થયા:

'બળવંતલાલ, કરો કરો... હવે પોલીસને ફોન કરો.'

શરમાઈને બળવંતલાલ બેસી ગયા. મેહુલ અને પાયલે ફરી સ્ટેપ્સ શરૂ કર્યા.

લાઉડસ્પીકરમાંથી ગીત વહેવા માંડ્યું:

હું માસ્ક લેવા ગઈ'તી મોરી સહિયર... 

feedback2mahesh@chitralekha.com

ચિત્રલેખા
પ્રિયદર્શિની
૨૬ ઑક્ટોબર, ૨૦૨૦ આજની ટ્રેન્ડી-શનલ નારીનું મૅગેઝિન



નિર્જીવ દીવાલોને રંગછટાથી જીવંત કરે છે રોગાન

ચાર ચોટલા મળે એટલે ઘરના ઓટલા જ ભાંગે એવું નથી. અહીં તો સુરતની આઠ યુવતી મળી ઘર બનાવવા–સજાવવાનું કામ કરે છે. એક આર્કિટેક્ટના ચિત્રકળાના શોખમાંથી જન્મેલી પ્રવૃત્તિ આજે વિવિધ કળા કંડારવા સુધી પહોંચી છે.

ફયસલ બકીલી

સુરતમાં આર્કિટેક્ચરનો અભ્યાસ કરી પોતાના જ સહાધ્યાયી નિશાંત ગાંધીને પરણેલી વૈભવી શાહ લગ્ન બાદ થોડો સમય પુણે રહેવા ગયેલી. નિશાંત જયેશ ગાંધી મૂળ ભરૂચના અને સુરતની સ્કેટ કૉલેજમાંથી આર્કિટેક્ટ બન્યા. એ પછી એમણે વિચાર્યું કે વ્યવસાયના અનુભવ માટે થોડો સમય બહાર રહેવું અને પસંદ કર્યું પુણે. બન્ને એક આર્કિટેક્ટને ત્યાં નોકરી કરવા લાગ્યાં. વૈભવીને બાળપણથી ચિત્રકળાનો શોખ હતો, ભરતનાટ્યમમાં પણ એણે વિશારદ મેળવી છે.

સુરતના બહુ જાણીતા ચિત્રકાર સ્વર્ગસ્થ

જગદીપ સ્માર્તે વૈભવીના પિતા અને જાણીતા ફોટોગ્રાફર અજય શાહને સૂચન કરેલું કે વૈભવીએ ફાઈન આર્ટ્સમાં આગળ વધવું જોઈએ, પણ એ બની આર્કિટેક્ટ. કળા પ્રત્યેનો એનો લગાવ યથાવત્ રહ્યો. પુણેમાં એને સમય મળે ત્યારે દુપટ્ટા, પરદા, ચાદર, તકિયાનાં કવર જેવી વસ્તુને પોતાની શૈલીથી રંગ કરતી. એની ઉપરની ભાત અને રંગસંયોજન એટલાં સારાં થતાં કે એ પરદો કે ચાદર કળાનો એક નમૂનો દેખાય. ઘરમાં શોખ માટે શરૂ થયેલા આ કાર્યને એ સોશિયલ મિડિયા પર મૂકવા લાગી. પ્રશંસા તો મળી જ, સાથે ઘણા ઓળખીતા આવું બનાવી આપવાની માગ પણ કરવા લાગ્યા. પછી શું? શોખ પણ સચવાયો અને આવક પણ થવા લાગી. વૈભવીએ જૉબ છોડી અને થોડા જ સમયમાં એ બન્ને ફરી સુરત આવી વસ્યાં.

સુરતના ન્યુ સિટીલાઈટ વિસ્તારમાં આવેલું એમનું ઘર જ સ્ટુડિયો પણ છે. આ ઘર વૈભવીએ બહુ માવજતથી સજાવ્યું છે. બહારથી જુઓ તો એ લીલોતરીથી ઘેરાયેલું જ લાગે. અનેક પ્રકારનાં છોડ અને શાકભાજી એમણે ઉછેર્યાં છે અને એના માટે ખાતર પણ એ ઘરમાં જ બનાવે છે. ઘરની દીવાલો અને દરવાજા અલગ અલગ ચિત્રોથી શોભે છે.

વૈભવી ગાંધી *પ્રિયદર્શિની*ને કહે છેઃ 'સુરતમાં આર્કિટેક્ટનાં કેટલાંક ગ્રુપમાં હું સક્રિય થઈ. એ ગ્રુપમાં કેટલાક મારી સાથેના હતા તો કેટલાક સિનિયર પણ. આ વાત પાંચેક વર્ષ પહેલાંની. એ સમયે સુરતમાં વિદેશથી આવતાં તૈયાર ફર્નિચર અને એની સાથે આવતી ફ્રેમનું ચલણ હતું, પણ કંઈ બધાને એ ગમતું નહોતું. આર્કિટેક્ટ પણ કંઈક નવું આપવા વિચારતા જ હોય છે. એમાંથી કેટલાક સાથે કામ શરૂ કર્યું. આર્કિટેક્ટ અને ઈન્ટિરિયર ડિઝાઈનરના વિચાર ભેગા થતા ગયા અને નવા પ્રયોગ દ્વારા અમે કેટલાંક કળાત્મક કામ કર્યાં. એ કોઈ ચોક્કસ શૈલીનાં નહોતાં, પરંતુ દરેક વખતે અમે અલગ જ કામ કરતાં અને લોકોને એ પસંદ આવતું ગયું.'

વૈભવીની સાથે સૌપ્રથમ કાદમ્બરી આઈતોડા જોડાઈ અને *એક સે ભલે દો* એમ વૈભવી અને કાદમ્બરીની જોડીએ બે વર્ષ કામ કર્યું. પછી વૈભવીનાં ભાભી એટલે સલોમી તરજ શાહ જોડાયાં. નણંદ-ભાભીની જોડી કરતાં એ મિત્રો વધુ લાગે છે. આમ બેનાં ત્રણ થયાં અને અત્યારે આ ગ્રુપ બન્યું છે આઠ મહિલાનું. વૈભવી, કાદમ્બરી, સલોમીની સાથે જ અદિતિ મશરૂવાલા, ઝીલ કોલડિયા, ક્રિષ્ણા કાકડિયા, ઉપાસના કલકત્તાવાળા અને ખુશબૂ શાહ. બધાં આર્કિટેક્ટ અથવા ઈન્ટિરિયર ડિઝાઈનરનું બૅકગ્રાઉન્ડ ધરાવે. બધાં કામ આ યુવતી જાતે જ કરે.

આ તો થઈ ટીમની વાત, આ ગ્રુપનું નામ 'રોગાન' કઈ રીતે પડ્યું?

વૈભવી કહે છેઃ 'કચ્છી રોગાન કળા સાથે એને સંબંધ નથી. આપણી બોલચાલની ભાષામાં આપણે ઘરનું રિનોવેશન કરવાનું હોય કે નવા ઘરને સજાવવાનું હોય તો બોલીએ કે *રંગ-રોગાન* કરવાનું છે. બસ, એટલે અમે *રોગાન* નામ પસંદ કર્યું. ઘરને રંગ તો થાય, અમે એને વધુ સજાવીને આપીએ. એ અમારું નામ અને કામ. ઘર કળાત્મક તો હોય જ, સાથે એ દેખાવડું પણ હોય અને આંખને ગમે એવું હોય.'

રોગાન એ એક નવી યુવા પહેલ છે, જે આધુનિક ભારતીય જીવનશૈલી સાથે જૂની લોક અને આદિવાસી કળાના જોડાણનું સાયુજ્ય કરે છે. *રોગાન*ના કલાકારો એકલાં ભીંતચિત્રો બનાવે છે એવું નથી, એમાં એમની હથોટી સારી છે, પણ સાથે જ એ મ્યુરલ્સ તથા કાપડ કે લાકડાં પર ચિત્ર કે ભરતકામ પણ કરે.

વૈભવી કહે છેઃ 'દીવાલ, લાકડાંની જેમ જ અલગ અલગ મેટલ અને લાઈટ પણ પેઈન્ટ કરી છે. *આઈટી* ક્ષેત્રની એક ઑફિસમાં અમે અનેક






'નો રિપીટ થિયરી!': ભીંતચિત્ર હોય કે કાષ્ઠકામ અથવા તો કાપડ પરનું ભરત, કોઈ પણ ઘર કે ઑફિસમાં ડિઝાઈનની વિવિધતા જળવાઈ રહે એની 'રોગાન'ના કલાકારો ચીવટ રાખે છે.



'રોગાન'ની યુવા ટીમ પોતાના ઘરની જવાબદારી સંભાળવા ઉપરાંત આર્કિટેક્ટની સમયમર્યાદામાં કામ પૂરું કરવા રાત-દિવસ એક કરે છે. અને હા, બધાં કામ જાતે જ કરવાનાં!



વૈભવી ગાંધીઃ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની સાથે અમે જુદી જુદી શૈલી આત્મસાત્ કરીએ છીએ.

કી-બોર્ડ લાવીને એના વડે એક કળાત્મક નમૂનો પણ બનાવ્યો હતો. એક બંગલામાં અંદર ઓપન લિફ્ટ મૂકેલી, પણ એની પાછળ કેટલાક પાઈપ અને કૅબલ દેખાતા હતા. અમે એ બે માળની આખી દીવાલ પર એકસરખું એક જ ચિત્ર બનાવીને એને કળાત્મક બનાવી. હવે બંગલામાલિકને ત્યાં આવતા મહેમાનો બીજાં રાચરચીલાં કરતાં લિફ્ટની પાછળના ચિત્ર વિશે વધુ પૂછે છે.'

સલોમી શાહ કહે છેઃ 'અમે એક ઘરની જે ડિઝાઈન કરીએ એ બીજી જગ્યાએ જોવા ન મળે, કારણ કે અમે જે ચિત્ર કે મ્યુરલ બનાવીએ છીએ એ બધું હાથથી જ બનાવીએ છીએ અને અમે પુનરાવર્તન નથી કરતાં. ઈન્ટિરિયર ડિઝાઈન થાય પછી અમે એને અનુરૂપ શું સારું લાગશે એ પહેલાં વિચારીએ, એના નમૂના બનાવીએ અને પછી એ કામ શરૂ કરીએ. ચિત્ર હોય, રંગોનું સંમિશ્રણ પણ હોય કે એમ્બ્રોઈડરી હોય, જેવી દીવાલ અને સ્થળ.'

વૈભવીની પ્રથમ સાથી કાદમ્બરી આઈતોડા કહે છેઃ 'સામાન્ય રીતે અમે બપોરથી સાંજ દરમિયાન ભેગાં થઈને કામ કરીએ છીએ, કારણ કે અમારામાં કેટલાંક પરિણીત છે અને ઘરની જવાબદારી પણ છે. ઘરની દીવાલો પર ચિત્ર બનાવવા અમે ૪૫ ડિગ્રીમાં પાલખ અને સીડી ઉપર ચઢીને પણ કામ કર્યું છે અને ઠંડીમાં પણ. આર્કિટેક્ટની ડેડલાઈન મુજબ અમારે કામ કરવાનું હોય છે એટલે ગુણવત્તા જાળવીને, કળા સાથે સમાધાન કર્યા વિના સમયમર્યાદામાં કામ પૂરું કરવાનું હોય છે.'

'રોગાન'ની આ બહેનો કામ કરે છે કઈ રીતે?

એમણે એક પદ્ધતિ વિકસાવી છે. એમની ડિઝાઈન પ્રમાણે એક સૅમ્પલ બને. ક્લાયન્ટ અને આર્કિટેક્ટનાં સૂચન મુજબ એમાં ફેરફાર થાય અને અંતિમ કામ થાય. એક લાંબી પ્રક્રિયા આ બહેનો પહેલાં પોતાની રીતે કરે છે. ચર્ચા કરે, વિચારે, સૂચન કરે અને પછી જે નીપજે એ સામૂહિક વિમર્શનું ઉત્તમ ફળ હોય છે. *રોગાન* દ્વારા અત્યાર સુધી જે ૨૦૦થી વધુ ઘર-ઑફિસની સજાવટ થઈ છે એ જોઈએ ત્યારે જ સમજાઈ જાય કે આ કંઈક વિશેષ છે. વૈભવી અને સાથીઓ એને *આર્ટ ઈન્ટિગ્રેશન* મતલબ કે *કળાનું એકીકરણ* કહે છે. અને એમનું કામ લાગે પણ છે કે આ વિવિધ કળાઓનું એકીકરણ છે.

વૈભવી ગાંધી સમજાવે છેઃ 'મધુબની, વારલી, પિછવાઈ, ગોંડ, સાંઝી આર્ટ (પટ્ટચિત્ર), કેરેલા મ્યુરલ કે રાજસ્થાની કળા જેવી ભારતીય લોકકળાશૈલી, આફ્રિકાનું મસાઈ પેન્ટિંગ સહિત અનેક લોકકળા અને સમકાલીન શૈલીનું અમે સંયોજન કરીએ છીએ. આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની સાથે અમે વિવિધ ભારતીય શૈલી આત્મસાત્ કરીએ છીએ. આ કળા અમે જોઈ છે, એની વર્કશૉપ કરી છે અને ઑનલાઈન એમાંથી ઘણું શીખ્યાં છીએ. અમે જે કરીએ છીએ એવું બીજા પણ કરે છે, પરંતુ અમારી જેવું યુવતીઓનું ગ્રુપ નથી.'

- પણ આવી કળા લોકો સ્વીકારે છે?

વૈભવી કહે છેઃ 'ઘરના નિર્માણના અંતિમ તબક્કામાં અમારું કામ આવે છે એટલે બજેટની મુશ્કેલી રહે છે, સાથે જ અમારા કામને અને પ્રક્રિયાને ઘણા લોકો હજી સમજતા નથી એટલે પણ ભાવ બાબતે રકઝક થાય છે. અમે નીરસ કે સપાટ લગતી દીવાલોને જીવંત બનાવીએ છીએ. એકસરખાં રાચરચીલાંને દર્શનીય બનાવીએ છીએ. જે વિદેશી રંગ અને મટીરિયલ અમે વાપરીએ છીએ એને ૧૦ વર્ષ સુધી કોઈ વાંધો ન આવે સિવાય કે ભેજ આવે કે બીજી કોઈ રીતે નુકસાન થાય. અમે ઘરની સજાવટમાં રંગ અને રોગાનમાં કળાને ઉમેરી છે અને લોકોને એ પસંદ આવી છે.'

વાત તો સાચી જ છે. ખિસ્સાને પરવડે તો *રોગાન* દ્વારા રંગવામાં આવેલી દીવાલ મન મોહી લે એવી તો છે જ.

■ તસવીરોઃ **તરજ શાહ**

નોખું-અનોખું

આ ક્લાઉડ કિચન તે વળી શું છે?

કોરોનાએ અનેક ધંધા ચોપટ કરી નાખ્યા તો એ સામે આપણે ત્યાં પ્રમાણમાં નવા કહી શકાય એવા કેટલાક વ્યવસાય માટે તક ઊભી કરી દીધી. હોટેલમાં જવા પર નિયંત્રણ છે તો એનું સ્થાન લઈ રહ્યાં છે સ્વાદિષ્ટ ભોજન પીરસતાં આ ‘રસોડાં’.

ગોપાલ પંડ્યા (વડોદરા)

વાહનવ્યવહાર, સ્કૂલ-કૉલેજ, કારખાનાં, હોટેલ, સિનેમા, વગેરે બંધ થઈ ગયાં. લૉકડાઉનની પણ પાછી મુદત પર મુદત પડતી રહી. અનલૉકના નામે જૂન મહિનાથી રહેતે રહેતે કામકાજનાં થોડાં સ્થળ શરૂ થયાં છે, પણ અમુક વ્યવસાયને કાયમ માટે તાળાંય લાગી ગયાં છે.

એમાં કેટલીક રેસ્ટોરાંનો પણ સમાવેશ છે. ખાસ તો શહેરોમાં એકલા રહેતા પુરુષો, વર્કિંગ કપલ્સ તથા અઠવાડિયે-દસ દિવસે બહાર ખાવા જતા લોકોને એને કારણે તકલીફ થઈ ગઈ. એમની માગ સંતોષવા માટે શહેરના કેટલાક શેફ અને ચટાકેદાર ભોજન તૈયાર કરનારાઓએ *ક્લાઉડ કિચન*નો આરંભ કર્યો. આજે છ મહિનાના અંતે એકલા વડોદરા શહેરમાં ચાલીસ જેટલાં ક્લાઉડ કિચન ભોજનપ્રેમીઓ માટે મનપસંદ ડિશ તૈયાર કરી એમના ઘરે મોકલાવે છે. કોરોનાએ ઘણા ધંધા બંધ પાડ્યા તો કેટલાક નવા માટે તક પણ ઊભી કરી, એમાં એક છે ક્લાઉડ કિચન!

ક્લાઉડ કિચન એટલે સાદા શબ્દમાં *કિચન વિધાઉટ સીટિંગ એરેન્જમેન્ટ.* કોઈના કિચનમાં ભોજન તૈયાર થાય. ત્યાં ગ્રાહક માટે બેસીને ખાવાની હોટેલ જેવી વ્યવસ્થા ન હોય. બીજા કોઈના રસોડે બનેલું ભોજન લોકોએ પોતાના ઘરે બેસીને આરોગવાનું. મુંબઈ, દિલ્હી અને બેંગલુરુ જેવાં શહેરોમાં પાછલાં થોડાં વર્ષથી છૂટક છૂટક ક્લાઉડ કિચન શરૂ થયાં છે અને એમાંથી અમુકે તો મોટું નામ પણ કમાઈ લીધું છે. હવે વડોદરામાં પણ આ નવી વ્યવસ્થા દિન-પ્રતિદિન વધુ ને વધુ પ્રચલિત થઈ રહી છે.

શહેરમાં લાંબા સમયથી હોટેલ, રેસ્ટોરાં કે કાફે વ્યવસાય માટે માર્ગદર્શન આપતા જિજ્ઞેશભાઈ પટેલ ક્લાઉડ કિચનના વધતા ચલણ









| જિજ્ઞેશ પટેલ **| નિમિષા પટેલ** **| સોહમ વ્યાસ**

વડોદરા જેવા શહેર માટે ક્લાઉડ કિચનનો વિચાર પ્રમાણમાં નવો છે, પણ લૉકડાઉનમાં હોટેલ્સ બંધ રહેવાથી જોતજોતાંમાં એનું ચલણ વધી ગયું છે.

વિશે કહે છે કે રેસ્ટોરાં શરૂ કરવા મસમોટી જગ્યા જોઈએ. એમાં કિચન અને લોકોને બેસવાની વ્યવસ્થા કરાવવી પડે. અલગ અલગ વાનગી માટે જુદા જુદા નિષ્ણાત શેફ રાખવા પડે. રેસ્ટોરાંનાં ફર્નિચર અને ઍરકન્ડિશનર, વગેરે પાછળનો ખર્ચ અલગ. એના બદલે ક્લાઉડ કિચન શરૂ કરીએ તો માત્ર રૂપિયા ૨૫,૦૦૦થી પાંચ લાખ સુધીના રોકાણમાં જુદી જુદી વાનગી બનાવીને લોકોને મોકલી શકાય. રોકાણના પ્રમાણમાં એમાં કમાણીની તક પણ વધુ રહે.

આજે વડોદરામાં ક્લાઉડ કિચન દ્વારા પરંપરાગત નૉર્થ કે સાઉથ ઈન્ડિયન ઉપરાંત મેક્સિકન, જપાનીઝ, થાઈ, ચાઈનીઝ, ઈટાલિયન, ઈન્ટરકોન્ટિનેન્ટલ, વગેરે ડિશ (વેજ-નૉન-વેજ બન્ને પર્યાય) તૈયાર કરી શહેરના લોકોનાં ઘરે મોકલવામાં આવે છે એ પણ હોટેલ કરતાં લગભગ અડધા ભાવે. એ શક્ય છે, કારણ કે ક્યારેક ત્રણ કે ચાર હોટેલવાળા એક જ કિચનમાં પોતાના ઑર્ડરની વાનગી મર્યાદિત સંખ્યાના શેફ પાસે તૈયાર કરાવે છે. એમના માટે આમ શેફ અને કિચનનો ખર્ચ બચે છે. અંતે તો એનો ફાયદો ગ્રાહકને જ મળે છે. એ લોકો દેશ-વિદેશની જાણીતી ડિલિવરી કંપનીના બૉય પાસે વાનગી મોકલાવતા નથી.

વડોદરામાં મોટા ભાગના ક્લાઉડ કિચન સંચાલકો પાસે પોતાના ડિલિવરી બૉય છે. એને કારણે ડિલિવરીનો ખર્ચ પણ વધુ થતો નથી. બીજું, પોતાની વાનગી અંગે ક્લાઉડ કિચનવાળા જાહેરાત કરતા નથી. એ માટે સોશિયલ મિડિયાનો વધુ ઉપયોગ થાય છે અને એ દ્વારા ગ્રાહકોને જાણ થાય છે. અમુક ક્લાઉડ કિચન સંચાલકોએ ઑર્ડર માટે ઍપ પણ બનાવી છે. ક્યારેક કોઈ ગ્રાહક પોતે પણ બીજા લોકોને પોતાના મનપસંદ ક્લાઉડ કિચન વિશે માહિતી આપે છે. આમ દિવસે દિવસે એમના ગ્રાહકની સંખ્યા વધતી રહે છે.

રેસ્ટોરાંની જેમ કેટલાંક ક્લાઉડ કિચનમાં પાછી કોઈ ને કોઈ સ્પેશિયાલિટી હોય. શહેરના જાણીતા શેફ સોહમ વ્યાસે *ક્લે પૉટ* નામનું ક્લાઉડ કિચન શરૂ કર્યું છે. *ક્લે પૉટ*ના કિચનમાં પંજાબી વાનગી જ બનાવવામાં આવે છે. એ તમામ વાનગી માત્ર માટીનાં પાત્રોમાં તૈયાર કરવામાં આવે છે. એને કારણે વાનગીમાં માટીની સુગંધ ભળી જાય, જે ઘણા સ્વાદરસિયાને ખૂબ આકર્ષે છે. સોહમે ઑસ્ટ્રેલિયામાં શેફ બનવાની તાલીમ લીધી છે.

ચિત્રલેખા સાથેની વાતચીતમાં સોહમ વ્યાસ કહે છે કે લૉકડાઉન દરમિયાન ક્લાઉડ કિચનનો વિચાર આવ્યો. એમાં કંઈક નવું કરવાની ઈચ્છા હતી. એ ઈચ્છા પૂરી કરવા માટે *મટકા વાનગી* તૈયાર કરવાનું વિચાર્યું. આજે પચ્ચીસથી વધારે પંજાબી વાનગી મટકામાં તૈયાર કરું છું. એ સાથે વાનગીને સર્વ પણ મટકામાં જ કરું છું. શહેરની કોઈ પણ રેસ્ટોરાં કરતાં અડધોઅડધ ભાવે હું વેચું છું. હું મારા પોતાના કિચનમાં જ વાનગી તૈયાર કરું છું. ગુણવત્તામાં કોઈ બાંધછોડ કરતો નથી. એને કારણે નવા નવા ગ્રાહક *ક્લે પૉટ કિચન*ના દ્વારે દોડી આવે છે.

વડોદરાનું આવું ઔર એક ક્લાઉડ કિચન ચલાવતાં નિમિષાબહેન પટેલ પંજાબી, ચાઈનીઝ, ઈટાલિયન, મેક્સિકન, વગેરે પ્રકારની આઈટેમ્સ ઉપરાંત ફરસાણ અને મીઠાઈ બનાવવામાં પણ નિપુણ છે. પોતાના ઘરના કિચનમાં જ એ બધી વાનગી તૈયાર કરે છે. નિમિષાબહેન *ચિત્રલેખા*ને કહે છે કે રસોઈ બનાવવામાં મને બીજા કોઈની દખલ પસંદ નથી. એને કારણે તમામ વાનગી હું જાતે તૈયાર કરું છું. ખાસ તો મારા હાથે તૈયાર થયેલી રાજસ્થાની વાનગી લોકોને ખાસ પસંદ પડે છે. એ માટે રાજસ્થાન જઈ મસાલા લાવું છું.

શહેરના મિતેશભાઈ શાહ વળી સાવ નોખું ક્લાઉડ કિચન ચલાવે છે. *હેમિક ક્લાઉડ કિચન*ના નામે મિતેશભાઈ લોકોને ડાયેટ નાસ્તા બનાવીને પહોંચાડે છે. રોજિંદા ઉપયોગમાં લેવાતા નાસ્તા મહિલાઓ દ્વારા તૈયાર કરાવે છે. *રોસ્ટેડ ડાયેટ* ફૂડની શ્રેણીમાં અનેક પ્રકારના નાસ્તા એમના કિચનમાં બનતા હોય છે. ગ્રેન ડાયેટ ભેળ, પૌંવા, ઓટ્સ, જુવાર-બાજરાનું સૂકું ચવાણું, હોલગ્રેન ચેવડા, વગેરે ૪૫ જાતના નાસ્તા સાથે ૩૫ જાતના ખાખરા તો ખરા જ! મિતેશભાઈ સવારે કે બપોરે ગરમાગરમ નાસ્તાની વ્યવસ્થા પણ કરે. એ માટે ૨૪ કલાક પહેલાં ઑર્ડર આપવાનો.

હવે તાળાબંધી તબક્કાવાર દૂર થઈ રહી છે તેમ છતાં હોટેલમાં ગ્રાહકોની સંખ્યા મર્યાદિત રાખવાની હોવાથી અને લોકો પણ હજી થોડો સમય બહુ બહાર નીકળવાનું ટાળે એમ હોવાથી ક્લાઉડ કિચનની લોકપ્રિયતાનો ટ્રેન્ડ જળવાઈ રહે એમ લાગે છે. કદાચ સમય એવો પણ આવે કે શહેરમાં રેસ્ટોરાં કે કાફે કરતાં ક્લાઉડ કિચનની સંખ્યા વધી જાય. 



સુમેળ

● Affiliate with the best because you deserve the best. 100% Privacy. No Public display of bio data of you loved once on online portal. 100% personalized services. Visit Website, www.tarunishroff.co.in. to know more.

વરરાજા

● સાઉથ મુંબઈ સ્થિત, વૈષ્ણવ પરિવારની USA સ્થિત, 1994 બોર્ન, 5'.7", MS કન્યાને યોગ્ય Abroad સ્થિત યુવકના વડિલો કોન્ટેક્ટ કરે. ''ફાલ્ગુની મહેતા''. ૧૨, જમનાબાઈ બીલ્ડીંગ, ઉમરપાર્ક, વોર્ડન રોડ, મુંબઈ-૩૬. 23674093 . Email: falgunimehtas@gmail.com

● રાજકોટ સ્થિત, પૂનાથી અભ્યાસ કરેલ શ્રીમંત કડવા પટેલ ઉદ્યોગપતિની કુંવારી ૧૯૮૨ સમકક્ષ યુવક સેતુ વેવિશાળ રાજેશ ઠક્કર ૦૯૪૨૮૨ ૫૦૦૦૨

● મુંબઈ જૂહુ સ્થિત, વૈષ્ણવ કુંવારી ૧૯૯૪ માસ્ટર્સ ભણેલી સાંભળવા માટે હીઅરીંગ મશીનનો ઊપયોગ કરે છે. સેતુ વેવિશાળ રાજેશ ઠક્કર ૦૯૪૨૮૨ ૫૦૦૦૨

વરરાજા

● Inviting Alliance for Very Well educated 1994 born, Gujarati Vaishnav Girl, 5'.4" tall coming from a very reputed Gujarti vaishnav family. Interested Vaishnav boys from Metro Cities or abroad, Mail Biodata to support@tarunishroff.co.in

● Inviting proposals for a well-educated & settled, 1982 born, UK citizen, beautiful Gujarati Vaishnav girl. 5'.4" tall, the family is based in Delhi. Suitable boys share bio data to support@tarunishroff.co.in

કન્યા

● રાજકોટનાં બ્રાહ્મણ યુવક 1991 M.E (Mechanical) ડ્રયાબીટીસ ટાઈપ-1 ધરાવતા સમકક્ષ કન્યા. સેતુ વેવિશાળ રાજેશ ઠક્કર ૦૯૪૨૮૨ ૫૦૦૦૨

કન્યા

● મુંબઈ સ્થિત, સાધન સંપન્ન વૈષ્ણવ વણિક પ્રોફેશનલ પરિવારના દેખાવડા, 1993 બોર્ન, 5'.11", MD Doctor યુવકને યોગ્ય કવોલીફાઈડ કન્યાના વડિલો કોન્ટેક્ટ કરે. ''ફાલ્ગુની મહેતા''. ૧૨, જમનાબાઈ બીલ્ડીંગ, ઉમરપાર્ક, વોર્ડન રોડ, મુંબઈ ૩૬. 23619076. Website : www.falgunimehta.com

● બ્રિટીશ સિટીઝન લંડન સ્થિત જૈન યુવક 1986 બોર્ન, 5'.2" ગર્વમેન્ટ જોબ ધરાવતા માટે ઓછો અભ્યાસ પણ આવકાર્ય. કોમ્પ્યુટરને અંગ્રેજીનુ જ્ઞાન જરૂરી. જ્ઞાતીબાધ નથી. સેતુ વેવિશાળ રાજેશ ઠક્કર ૦૯૪૨૮૨ ૫૦૦૦૨

ઔષધ ઉપચાર

ગળો અને તુલસી યુક્ત આપના સ્વાસ્થ્યનો સંરક્ષક

કડુ કરીયાતુ પ્લસ ટેબલેટ

કડુ કરીયાતુ, તુલસી અને ગળો જેવી ઔષધિઓના ગુણોથી ભરપૂર જે શરીરની રોગપ્રતિકારક ક્ષમતા વધારવામાં મદદરૂપ છે.

KADU KARIYATU

શ્રી નરનારાયણ આયુ. ફાર્મસી

AN ISO 9001 - 2015 & GMP CERTIFIED COMPANY

ગુજરાત : M.: 94281 09072

મુંબઈ : M.: 86919 33330

સુમેળ

● અતિ ધનાઢ્ય, ગર્ભ શ્રીમંત ફેમેલીના યુવક, યુવતીની યોગ્ય જીવનસાથીની પસંદગી માટે સંપર્ક કરો. ચાંદની દલાલ - એલિટ મેચ મેકર 9925018706

જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં પહોંચે ચિત્રલેખાની સપ્તપદી

ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

દાંડી કુટિર - ધ ગાંધી મ્યુઝિયમ

મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત

વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીના જીવન પર આધારિત વિશ્વનું સૌથી મોટું વિશાળ મ્યુઝિયમ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં.....



DANDI KUTIR

THE GANDHI MUSEUM

82 મિનિટના અભૂતપૂર્વ મલ્ટીમીડિયા પ્રદર્શનનો રોમાંચક અનુભવ :

• ૧૪થી વધુ અત્યાધુનિક ટેક્નોલોજી સાથે વૈવિધ્યપૂર્ણ રજૂઆતો

પરિવાર, મિત્રો અને સબંધીઓ સાથે મુલાકાત લેવાનું અદભુત સ્થળ

અમદાવાદથી માત્ર ૨૦ મિનિટનાં અંતરે.

આજે જ મુલાકાત લો

મંગળવાર થી રવિવાર । સવારે ૧૦.૩૦ કલાકે થી સાંજે ૫.૦૦ કલાક

(સોમવારે બંધ રહેશે)

દાંડી કુટિર, મહાત્મા મંદિર, ગાંધીનગર : ૩૮૨૦૧૬, ગુજરાત, ભારત.

info@dandi-kutir.com I www.dandi-kutir.com I 079 232 55793



રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ

પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું

સપ્તપદી/સુપર માર્કેટ જાહેરખબરના દર

સુપર માર્કેટઃ પ્રથમ ૨૦ શબ્દોના : રૂા. ૭૮૫/-

વધારાના શબ્દ દીઠ : રૂા. ૪૦/-

સુપર માર્કેટ ડિસ્પ્લે :

બ્લેક/વ્હાઇટ : ૪ સેં.મિ. X ૧ કોલમના : રૂા. ૫૨૫૦/-

વધારાના કોલમ સેં.મિ. દીઠ રૂા. ૧૦૦૦/-

કલર : ૫ સેં.મિ. X ૧ કોલમના : રૂા. ૯૪૦૦/-

વધારાના કોલમ સેં.મિ. દીઠ રૂા. ૧૮૫૦/-

સપ્તપદીઃ પ્રથમ ૨૦ શબ્દોના : રૂા. ૬૨૫/-

વધારાના શબ્દ દીઠ : રૂા. ૩૦/-

નોંધ : (૧) કલાસિફાઈડમાં સ્વીકારાતા શબ્દો માત્ર ૧૦૦.

(૨) આથી અગાઉના બધા જ દર અને યોજનાઓ રદ બાદલ થાય છે.

અહીં નથી પહોંચ્યો કોરોના, હોં...

વધતા તાપમાન સામે લડી રહેલા એન્ટાર્કટિકાને ભાગે હજી કોરોનાથી મુકાબલો કરવાનો તો નથી આવ્યો, પણ બીજી અનેક નવી સમસ્યા અને નવા પડકાર પૃથ્વીને ઠંડી રાખતા આ પ્રદેશની રાહ જોઈ રહ્યા છે.

સુનીલ મેવાડા (અમદાવાદ)

એન્ટાર્કટિકામાં હવે શિયાળો પૂરો થવા આવ્યો છે અને નવી સીઝન (કહેવું હોય તો કહેવાય ઉનાળો-માઈનસ વીસ ડિગ્રી તાપમાન સાથેનો ઉનાળો!)માં સંશોધન માટે વિજ્ઞાનીઓ અહીં આવી રહ્યા છે ત્યારે સૌથી મોટી તકેદારી એ જ રાખવામાં આવી રહી છે કે કોઈ મુલાકાતી અહીં કોરોનાના વિષાણુ ન લઈ આવે. અમેરિકાના સંશોધકોની નવી ટીમને લઈ એક વિમાન થોડા દિવસ પહેલાં જ એન્ટાર્કટિકા પાસે લૅન્ડ થયું, જે ગયા એપ્રિલ મહિના પછી અહીં આવેલું પહેલું વિમાન હતું.

વિસ્તારમાં ભારતથી આશરે ચાર ગણો મોટો આ ખંડ પૃથ્વીનો સૌથી ઠંડો પ્રદેશ છે અને ગરમ થતી જતી પૃથ્વીને ઠંડી રાખનારું સૌથી મહત્ત્વનું પરિબળ પણ એન્ટાર્કટિકા જ છે. અહીં સામાન્ય રીતે ઝીરોથી નીચે (માઈનસ) ૬૦ ડિગ્રી સેલ્સિયસથી માઈનસ ૨૦ ડિગ્રી સુધી તાપમાન રહે છે. અરે, માઈનસ ૮૯ સુધીનું તાપમાન નોંધાયું છે. પૃથ્વીનું ૭૦ ટકા શુદ્ધ પાણી અહીં સંગ્રહિત છે. એન્ટાર્કટિકાનો બધો બરફ ઓગળી જાય તો દુનિયાના ૭૦ ટકા ભૂભાગ પર ફેલાયેલા સમુદ્રની સપાટી ૨૦૦ ફૂટ જેટલી ઊંચી આવી જાય. આખા ખંડ પર ૪૫ સંશોધન કેન્દ્ર-રિસર્ચ બેઝ છે. ઉનાળામાં વધુ ૩૦ ફીલ્ડસ્ટેશન તૈયાર કરવામાં આવે છે. આ બધામાં મળી શિયાળા (માર્ચથી સપ્ટેમ્બર)માં ૧૦૦૦ સુધી અને ઉનાળા (ઑક્ટોબરથી ફેબ્રુઆરી)માં ૫૦૦૦ સુધીની લોકવસતિ અહીં રહે છે.

સળંગ ત્રણથી છ મહિનાની રાત અને સળંગ ત્રણથી છ મહિનાના દિવસને લીધે અહીં માણસનું રહેવું ખૂબ જોખમી અને પડકારજનક છે.




આજની તારીખે એન્ટાર્કટિકામાં ભારતના બે કૅમ્પ સક્રિય છે. આપણા વિજ્ઞાનીઓ છેક દક્ષિણ ધ્રુવ સુધી અભ્યાસ કરવા જઈ આવ્યા છે.

છેલ્લાં સો-સવા સો વર્ષથી જ માણસનો સ્પર્શ પામેલા આ પ્રદેશ પર માણસ ઈચ્છીને પણ અવળચંડાઈ-લડાઈ કરી શકે એમ નથી એટલે નાનાં-મોટાં ચાલીસેક રાષ્ટ્રોએ સાથે મળી આખા એન્ટાર્કટિકાને સૈન્યપ્રવૃત્તિ-ન્યુક્લિયર-માઈનિંગ, વગેરેથી મુક્ત રાખી ત્યાં માત્ર વૈજ્ઞાનિક સંશોધન કરવા માટેના કરાર કર્યા છે.

૨૦૦૯માં એન્ટાર્કટિકા જઈ આવેલા અમદાવાદના વિજ્ઞાની અને ભારતીય અવકાશવિજ્ઞાન સંશોધન સંસ્થા *(ઈસરો)*ના નિવૃત્ત સંશોધક દીપક મારુ *ચિત્રલેખા*ને જણાવે છેઃ

'એન્ટાર્કટિકામાં અત્યાર સુધી સંશોધનોમાં ઘણું સારું કામ થયું છે. ત્યાં માત્ર વિજ્ઞાનીઓ અભ્યાસ માટે જ જઈ શકે એટલા હેતુથી જ સુવિધા થઈ હતી. જો કે પાછલાં વર્ષોમાં બીજા ઘણા હેતુ ભળ્યા છે, જેમાં ખાસ તો ગેરકાયદેસર ટુરિઝમ ઈન્ડસ્ટ્રી છે. એ યોગ્ય વ્યવસ્થા વગર ચાલે છે ને લાંબા ગાળે નુકસાનકારક સાબિત થઈ શકે. મોટા ભાગના વિજ્ઞાનીઓ સહમત છે કે એન્ટાર્કટિકામાં ખૂબ જ ખનિજ છે. ઘણાં બધાં રિસર્ચ વર્ક એ માટે જ ચાલે છે. જો કે એન્ટાર્કટિકામાંથી ખનિજ મેળવવાની દોડ શરૂ થઈ તો એ પણ જોખમી સાબિત થઈ શકે છે. એન્ટાર્કટિકામાં સૌને રસ છે, કારણ કે એ એકમાત્ર ખંડ બૅક્ટેરિયા ફ્રી છે. ભૂગર્ભ પ્રાકૃતિક તત્ત્વોથી

એન્ટાર્કટિકા છે તો આપણે છીએ...

મુંબઈના વિજ્ઞાની ડૉ. અજય ધર ૧૯૮૫-૮૬થી ૨૦૧૫-૧૬ એ ૨૦ વર્ષમાં બાર વખત એન્ટાર્કટિકા જઈ કપરાં સંશોધન પાર પાડી આવ્યા છે અને અનેક વાર આપણા સંશોધકોની ટીમને લીડ કરી ચૂક્યા છે. વર્ષો સુધી *ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ જિયોમેગ્નેટિઝમ*માં સેવા આપી નિવૃત્તિ પછી પણ એન્ટાર્કટિકાના એમના બહોળા અનુભવ અને ઊંડી વૈજ્ઞાનિક સૂઝને લીધે ભારતના એન્ટાર્કટિકા પ્રોગ્રામ્સમાં એમની સક્રિય ભૂમિકા રહે છે. ૧૯૮૧માં ભારતે પહેલી વાર એન્ટાર્કટિકા પ્રોગ્રામ માટે ટીમ મોકલી હતી, પણ વરસો સુધી જરૂરી વાહનોના અભાવને લીધે દક્ષિણ ધ્રુવમાં જવાની સફળતા નહોતી મળી. અજય ધરની આગેવાનીમાં એ જોખમી પ્રવાસ પાર કરવાની સિદ્ધિ ભારતે ૨૦૧૦માં મેળવી હતી.

એન્ટાર્કટિકાની સ્થિતિ અને મહત્ત્વ વિશે *ચિત્રલેખા* સાથેની એમની વાતચીતના અંશ...

***ચિત્રલેખાઃ* એન્ટાર્કટિકાના પડકારજનક વાતાવરણનો ખ્યાલ આપશો...**

અજય ધરઃ ભારત અને ચીન બન્ને ભેગા કરીએ એનાથી પણ વધુ વિસ્તારની જમીન પર સાડા ચાર કિલોમીટર જાડા થરમાં બરફ ફેલાયેલો હોય એવો એ પ્રદેશ છે. એની આસપાસનો સમુદ્ર પણ નવેમ્બરથી માર્ચ સિવાય આઠ મીટર જેટલા બરફ નીચે થીજી જાય છે. તેજ બરફીલો પવન ફૂંકાતો રહેતો હોય છે, જે ઘણી વાર ૨૫૦થી ૩૫૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપનો હોય, જ્યારે આપણા સામાન્ય વાવાઝોડાના પવનની ગતિ પણ ૧૫૦ કિલોમીટર પ્રતિકલાક જેટલી હોય છે. એન્ટાર્કટિકામાં રહેવા ઠંડી મોટો પડકાર નથી. હવે તો એવાં વસ્ત્રો તૈયાર છે, જે માણસને માઈનસ ૪૦ ડિગ્રી સુધીની ઠંડીમાં ટકાવી રાખે. આપણા *મૈત્રી સ્ટેશન*ના વિસ્તારમાં સળંગ ત્રણ મહિના દિવસ રહે છે ને માઈનસ ૩૦થી ૪૦ ડિગ્રી તાપમાન રહે છે, જ્યારે નવા બનાવેલા *ભારતી સ્ટેશન* પર તો માઈનસ ૧૦થી માઈનસ ૩૦ ડિગ્રી સુધીની જ ઠંડી હોય છે.



વિજ્ઞાની ડૉ. અજય ધરઃ બરફમાં પડતી તિરાડમાં ક્યારે આખેઆખો માણસ ગરક થઈ જાય એ જ ખબર ન પડે!





પર્યટકોનો ધસારો એન્ટાર્કટિકાના પર્યાવરણ માટેનો સૌથી મોટો ખતરો છે. એમાંય હવે તો અહીંનો પ્રવાસ બહુ સસ્તો બની રહ્યો છે.

ભર્યો છે. સો ટકા ઑક્સિજનયુક્ત છે. પૃથ્વીનો સૌથી મોટો શુદ્ધ જળનો સંગ્રહ અહીં છે.'

વર્ષ ૨૦૦૯માં દીપકભાઈ અને અન્ય વિજ્ઞાનીઓએ ગુજરાતના જ ડૉ. સંદીપ ઓઝાની આગેવાનીમાં એન્ટાર્કટિકા સંશોધનની સફર કરી હતી. એ સમયના અનુભવ વિશે દીપકભાઈ કહે છેઃ

'દસ વર્ષના ગાળામાં તો ઘણું બદલાઈ ગયું હોય એ સ્વાભાવિક છે. એ વખતે અમારે સ્નો મેલ્ટિંગ પર સંશોધન કરવાનું હતું. એ ત્રણ મહિના દરમિયાન જુદા જ પર્યાવરણ-વાતાવરણમાં રહેવાનો અનુભવ તો રોમાંચક જ હોય. અમે ત્યાં આપણા *મૈત્રી કેન્દ્ર* પર હતા. ઉનાળો હતો એટલે સૂર્ય ક્ષિતિજ પર ફરતો રહેતો ને આકાશમાં ઊંચે ન ચડતો એ જુદી જ ઘટનાના સાક્ષી બનવા મળ્યું હતું. બાકી, ત્યાંના સંશોધન કેન્દ્ર પર સુવિધા ઉત્તમ છે. ત્યાં જતાં પહેલાંની તાલીમ ત્યાંના અનુભવ જેટલી જ રોચક હોય છે.'

છેલ્લા બે દાયકામાં એન્ટાર્કટિકા પર થઈ રહેલા પરિવર્તનની પાક્કા પાયે સાબિતી આપતા અનેક અભ્યાસ સામે આવ્યા છે અને ૧૯૫૭થી દર દસ વર્ષે એન્ટાર્કટિકાનું તાપમાન એક ડિગ્રી જેટલું વધી રહ્યું હોવાનું સ્પષ્ટ થયું છે. અત્યારે દર એક ડિગ્રી તાપમાન વધવા સાથે (ઓગળતા બરફને લીધે) સમુદ્રની સપાટી ૧.૩ મીટર ઊંચી

દક્ષિણ ધ્રુવની સફર કેવી રીતે પાર પડી હતી?

□ દક્ષિણ ધ્રુવનો સૌથી મોટો પડકાર હિમતિરાડનો છે. પહેલાં આપણી પાસે ઝડપથી ચાલી શકે એવાં વાહન નહોતાં, પણ એવાં સાધન સાથે જજમેન્ટ, સેટેલાઈટ ડેટા, વગેરેની પણ જરૂર પડે. ડેટા પરથી અંદાજ રાખવો પડે કે તમે ચાલી રહ્યા છો ત્યાં ક્યાં ક્યાં હિમતિરાડ હોઈ શકે. એન્ટાર્કટિકામાં એક પણ મૃત્યુ ઠંડીને લીધે થયું હોય એવું નથી સાંભળ્યું, પણ જેટલા સંશોધકો મરણ પામ્યા છે એ હિમતિરાડમાં ખૂંપી જવાને લીધે મર્યા છે. જજમેન્ટમાં નાની ભૂલ જીવલેણ સાબિત થઈ શકે. આખી ગાડી પળભરમાં બરફની તિરાડમાં ખોવાઈ જઈ શકે. મૈત્રી સ્ટેશનથી દક્ષિણ ધ્રુવની ૪૦૦૦ કિલોમીટરની સફર આપણે ૧૦ દિવસમાં પૂરી કરી હતી.

એન્ટાર્કટિકા પર ચાલતાં સંશોધનોમાં કેવી બાબતો સામેલ હોય છે?

□ કોઈ પણ ગ્રહના ધ્રુવ વિસ્તારમાં મેગ્નેટિક ફીલ્ડની અસર સૌથી વધારે હોય છે એટલે પૃથ્વીના પેટાળમાં શું હલચલ થાય છે, એ જ રીતે અંતરીક્ષમાં શું હલચલ થાય છે એની પાક્કી માહિતી ધ્રુવ વિસ્તારના મેગ્નેટિક ફીલ્ડના ડેટાનો અભ્યાસ કરી મેળવી શકાય. એ સિવાય તો વિજ્ઞાનની લગભગ બધી શાખાનાં સંશોધન એન્ટાર્કટિકામાં સમાયેલાં છે. બીજું, કરોડો વર્ષ પહેલાં ભારત, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા, આફ્રિકા, અરેબિયા અને એન્ટાર્કટિકા, વગેરે એક જ ગોન્ડવાના ખંડમાં હતા. છૂટા પડી બધા ભૂખંડ દૂર દૂર ફેલાયા. ભારત ઉપરની તરફ સરકી ચીન સાથે અથડાયું અને એન્ટાર્કટિકા ધ્રુવમાં સરકી ગયું. આ કારણે આ દેશોનાં ભૂતળ સાથે એન્ટાર્કટિકાના ભૂતળમાં પણ સમાનતા જોવા મળે છે, જેના અભ્યાસ પર ઘણું ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

પૃથ્વીના સ્વાસ્થ્યમાં એન્ટાર્કટિકાની શી ભૂમિકા?

□ સાદી ભાષામાં કહું. આખી પૃથ્વીનું તાપમાન નીચું રહે છે, કારણ કે ગરમ પવનને એન્ટાર્કટિકા પોતાની તરફ ખેંચી લે અને ઠંડા કરીને પાછો મોકલે. આ જ કારણે પૃથ્વીનું તાપમાન એવું રહે છે કે માણસ જીવી શકે. એટલે જ છેલ્લા દાયકાઓથી આપણા ગ્રહનું સરેરાશ તાપમાન-મીન ટેમ્પરેચર જાળવી રાખવાની આટલી ચર્ચા ચાલે છે, જે અત્યારે ૧૪ ડિગ્રી છે અને બહુ ઝડપથી વધી રહ્યું છે. એ જો ૧૬ ડિગ્રી થયું તો એ પછી એન્ટાર્કટિકાના બરફને પીગળતો અટકાવવો મુશ્કેલ છે.

એન્ટાર્કટિકા પ્રોગ્રામમાં કોરોના વાઈરસને લીધે શી સમસ્યા સર્જાઈ છે?

□ સૌથી મોટી સમસ્યા એ છે કે આપણે ત્યાં એકાદ વર્ષ માટે પણ સ્ટેશન બંધ ન કરી શકીએ. બધાં ઈન્સ્ટ્રુમેન્ટ્સ ચાલતાં રહેવાં જરૂરી છે. અમુક કાયમી પ્રોગ્રામ્સ છે, જેના માટે તો સંશોધકો મોકલવા જ પડે. આ સ્થિતિમાં અહીંથી માણસો, અઢળક સામાન, અનાજ, કન્ટેનર્સ, શિપ, હેલિકૉપ્ટર, વગેરે બધું એન્ટાર્કટિકા જશે અને એમાં ક્યાંયથી પણ કોરોનાનો પગપેસારો ત્યાં ન થઈ જાય એ સાચવવાનું છે, જે બહુ મોટો પડકાર છે.

આવવાની સંભાવના છે. ૨૦૦૦માં એન્ટાર્કટિકાના બરફપ્રદેશમાંથી છૂટો પડી એક વિશાળકાય બરફનો ટુકડો સમુદ્રમાં વહેતો થઈ ગયો હતો, જે આપણા ત્રિપુરા રાજ્ય જેટલો વિસ્તાર ધરાવતો હતો!

તાજેતરમાં પૅન્ગ્વિનનો અભ્યાસ કરવા ગયેલા સ્ટીવન એમ્સ્લી નામના સંશોધકે એન્ટાર્કટિકાના રોઝ સી પાસે ૮૦૦થી ૫૦૦૦ વર્ષ પહેલાં સામૂહિક મૃત્યુ પામેલાં હજારો પૅન્ગ્વિનની ત્રણ વિશાળ વસાહત શોધી કાઢી છે, જેના પર બરફના અનેક થર જામતાં સદીઓ વીતી હતી. એ વસાહતો પરનો કરોડો કિલો બરફ પાછલાં ગણતરીનાં વરસોમાં પીગળી ગયો છે.

એન્ટાર્કટિકાના બે મહત્ત્વના ગ્લેશિયર પાઈન આઈલૅન્ડ અને થ્વાઈટ્સ ગ્લેશિયરમાં પણ તાજેતરમાં ખૂબ ઝડપથી ફાટફૂટ નોંધાઈ રહી છે. બ્રિટન જેટલું કદ ધરાવતા આ વિશાળ બરફના ટુકડામાંથી દર વર્ષે અડધા માઈલ જેટલો વિસ્તાર ઓછો થઈ રહ્યો છે. અત્યાર સુધી સમુદ્રની સપાટીમાં થયેલા વધારામાં પાંચ ટકા ફાળો એકલા આ બે જ ગ્લેશિયરમાંથી પીગળેલા બરફનો છે. જો આ બન્ને ગ્લેશિયર પૂરા પીગળી જાય તો સમુદ્રની સપાટીમાં ૩.૩ ફૂટનો વધારો આવી જઈ શકે છે. અમુક સંશોધકોના દાવા પ્રમાણે ૨૦૧૫ના પૅરિસ કરાર પ્રમાણે વર્તી બધા દેશ મળી વિશ્વના તાપમાનમાં બે ડિગ્રીથી વધુ વધારો ન થવા દે તો પણ એન્ટાર્કટિકાનો બરફ અત્યારે જે દરે પીગળી રહ્યો છે એને હવે અટકાવી શકાય એમ નથી.

એન્ટાર્કટિકામાં ટુરિઝમઃ યોગ્ય કે અયોગ્ય?

એન્ટાર્કટિકામાં પાછલાં વરસોમાં ટુરિઝમ અને ખાસ તો ક્રૂઝ ઈન્ડસ્ટ્રીનો વિકાસ થયો છે, જેને લીધે આ ખંડ તરફ લોકોનો આવરોજાવરો શરૂ થવા લાગ્યો છે. ૧૯૮૦થી અહીં પ્રવાસન શરૂ થયું, પણ ખૂબ જ મોંઘું હોવાથી એ મર્યાદિત વર્ગ સુધી સીમિત રહ્યું. પછીના દાયકામાં અનેક કંપની એન્ટાર્કટિક ટુરિઝમમાં ઝંપલાવતી થઈ. ૧૯૯૨-૯૩માં વર્ષે ૬૭૦૦ પ્રવાસીની સરેરાશ હતી, જે વર્ષ ૨૦૦૦ સુધી ૧૫,૦૦૦ થઈ અને સતત વધતી રહી. ૨૦૧૮-૧૯ની છેલ્લી સીઝનમાં ૫૬,૦૦૦થી વધુ પ્રવાસી એન્ટાર્કટિકાની ઠંડીમાં થથરવાના હજારો ડૉલર આપી ગયા હતા. અત્યારે પ્રવાસીઓની સંખ્યામાં દર વર્ષે ૪૦ ટકા સુધીનો વધારો નોંધાઈ રહ્યો છે અને ક્રૂઝ બિઝનેસમાં સ્પર્ધાને લીધે એક પ્રવાસીની *એન્ટાર્કટિકા મુલાકાત* સસ્તી થતાં-થતાં માત્ર ૪૦૦૦ ડૉલર પર આવીને અટકી છે. આ કારણે હવે પછીની સીઝનમાં પ્રવાસીની સંખ્યા ૮૦,૦૦૦ આસપાસ પહોંચવાની શક્યતા છે. ઘણા વિજ્ઞાની આ સામે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે, કારણ કે કોઈ શાસનવ્યવસ્થા (કે કોઈ ધણીધોરી) ન હોવાથી એન્ટાર્કટિકામાં ટુરિઝમ માટે નિયમો ઘડવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. □



'ઈસરો'ના દીપક મારુ-ડૉ. સંદીપ ઓઝાઃ ખનિજ શોધવાની હોડમાંથી એન્ટાર્કટિકાને બાકાત રાખવામાં જ માણસજાતની ભલાઈ છે.

માઈલસ્ટોન

□ ૧૯૭૦ના દાયકામાં સ્વીડનના જાણીતા મ્યુઝિક બૅન્ડ *અબ્બા*ના સંગીતકારોનાં વસ્ત્રો એકદમ ચળકતાં-ધળકતાં જ રહેતાં, કારણ કે ત્યારે સ્વીડનના કાયદા પ્રમાણે રોજ પહેરી ન શકાય એવાં ભભકાદાર વસ્ત્રોને ટૅક્સમાંથી છૂટ મળતી હતી.

□ દક્ષિણ અમેરિકાના કોલમ્બિયામાં એક નાના વેપારીએ એના પાલતુ શ્વાન ઈરોઝને ચીજવસ્તુની ડિલિવરી પહોંચાડવાની તાલીમ આપી રાખી છે. ઈરોઝ પાંચ ગ્રાહકનાં સરનામાં નામ સાથે બરાબર જાણે છે અને એમને બરાબર વસ્તુ પહોંચાડી શકે છે. બદલામાં સારીએવી ટિપ્સ પણ મેળવે છે.

□ અમેરિકી પ્રાંત ઈન્ડિયાનામાં રહેતી જેનિસ ટકરને ૨૦૨૦ના મે મહિનામાં એક પત્ર મળ્યો, જે એના સૈનિક ભાઈએ બાવન વર્ષ પહેલાં વિયેતનામથી યુદ્ધમાં લડતી વખતે મોકલ્યો હતો.

□ ચંદ્ર પર મળેલી નવી લાવા ટ્યૂબ (લાવારસને લીધે સર્જાયેલો ઊંડો ગોળાકાર ખાડો) એટલી વિશાળ છે કે એમાં વિશ્વની સૌથી ઊંચી બિલ્ડિંગ *બુર્જ ખલીફા* સમાઈ જાય.

□ સ્વિત્ઝરલૅન્ડની એક ચૉકલેટ ફૅક્ટરીની વેન્ટિલેશન સિસ્ટમમાં ખામીને લીધે ત્યાં કોકો પાઉડરની વર્ષા થઈ હતી.

ચિત્રલેખા
CHITRALEKHA

રહસ્યની શતરંજમાં અટવાતી
જીવસટોસટ ઈશ્કની બાજી

વિભાવરી વર્મા
લિખિત
નવી લઘુ નવલકથા

અઢી

ડગલાંની ચાલ

એક તરફ શૈશવની મુલાયમ મહોબત, બીજી તરફ મોત...
ચોસઠ ખાનાંના આ ખેલ ખતરનાકમાં કોણ કોને કરશે માત?

આવતા અંકથી આરંભાય છે

આગળ વધવાનાં છે આ પાંચ પગલાં

સપ્ટેમ્બર–ઑક્ટોબરથી તબક્કાવાર અનલૉકને પગલે દેશમાં આર્થિક ગતિવિધિ ધીમે ધીમે ફરી જોર પકડી રહી છે અને કંઈક અંશે એના સકારાત્મક સંકેત દેખાવા લાગ્યા છે, પરંતુ હજી ઘણા પડકાર ઊભા છે.

અર્થતંત્રમાં સપ્ટેમ્બર મહિનાથી સુધારો શરૂ થયો હોવાના સચોટ સંકેત બહાર આવવા લાગ્યા છે. ઉત્પાદન અને સર્વિસ પ્રવૃત્તિ સહિતની સંખ્યાબંધ આર્થિક પ્રવૃત્તિને વેગ મળવાનું શરૂ થઈ રહ્યું છે. ચોક્કસ આર્થિક આંકડા એના પુરાવા રૂપે દેખાઈ રહ્યા છે. પેટ્રોલ, પાવરનો વપરાશ કહો કે નિકાસ કહો, *જીએસટી* કલેક્શન માનો કે ઑટોનું વેચાણ ગણો, વિવિધ આર્થિક મોરચે એક યા બીજી રીતે રિવાઈવલ શરૂ થયું છે.

બીજી બાજુ, *રિઝર્વ બૅન્કે* ગયા શુક્રવારે જાહેર કરેલી નાણાનીતિમાં પણ અર્થતંત્ર માટે આશાવાદી સંકેત આપ્યો છે. વેપાર પ્રવૃત્તિને વેગ મળે એ માટે સરકાર અનલૉકની દિશામાં આગળ વધી રહી છે ત્યારે *રિઝર્વ બૅન્ક* વિવિધ માર્ગે સહાયરૂપ બની રહી છે. વધુમાં મોદી સરકાર વતી નાણાપ્રધાન નિર્મલા સીતારમણે વધુ આર્થિક રાહત-પ્રોત્સાહક પૅકેજ લાવવાની વાત મૂકી છે, જે તહેવારોની મોસમને ધ્યાનમાં રાખી નજીકના દિવસોમાં જાહેર થઈ શકે છે. આ લખાય છે ત્યારે આ દિશામાં સરકારની તૈયારી જોરમાં હોવાનું જાણવા મળે છે.



નીલેશ શાહઃ આર્થિક ઝંઝાવાત સામેનો આ પ્રવાસ હજી લાંબો ચાલવાનો છે.

જો કે સંભવિત રાહત તેમ જ પ્રોત્સાહન પૅકેજ જાહેર થયા પછી પણ ઘણી બાબત એવી છે, જે મોદી સરકારે યુદ્ધના ધોરણે હાથ ધરવી જોઈએ એવો અભિપ્રાય જાણીતા ફાઈનાન્સિયલ એક્સ્પર્ટ નીલેશ શાહે વ્યક્ત કર્યો છે. *ચિત્રલેખા* સાથેની વાતચીતમાં નીલેશ શાહ કહે છે કે ભારતે કોવિડ-૧૯ને લીધે એના *જીડીપી* ગ્રોથમાં નોંધપાત્ર ઘટાડો સહન કરવાનો આવ્યો છે. સરકારે અત્યાર સુધી લૉકડાઉન માર્ગે લોકોનાં જીવન બચાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું, કિન્તુ લૉકડાઉન કાયમ માટે રહી શકે નહીં. લોકોનાં જીવન માટે રોજી-રોટી-આર્થિક આવક પણ તો જોઈએ જ. એમના મતે આપણે વર્તમાન ક્રાઈસિસને તકમાં ફેરવી શકીએ છીએ. વિચાર છે બોલ્ડ, પણ જરૂરી એટલા જ છે!

નીલેશ શાહ કેટલાંક નક્કર પગલાં સૂચવતાં જણાવે છે કે સરકારે *ગોલ્ડ માફી યોજના* લાવીને લોકોની તિજોરીમાં પડેલું સોનું બહાર લાવી એનો ઉપયોગ દેશને રાજકોષીય ટેકો આપવામાં કરવો જોઈએ.

બીજા પગલા રૂપે સરકારે ચીનમાં કામકાજ કરતી વિદેશી કંપનીઓને ભારતમાં આકર્ષવા લાલ જાજમ બિછાવવી જોઈએ. ભારતે હવે ચીનની જેમ ઉત્પાદનમથક બનવાની દિશામાં સક્રિયપણે આગળ વધવાનો સમય છે. જાહેર સાહસોનું ડિસઈન્વેસ્ટમેન્ટ માર્કેટ મારફત કરવાને બદલે વ્યૂહાત્મક માર્ગે કરવું જોઈએ, જેથી સરકાર બહેતર વૅલ્યુએશન સાથે વધુ આવક મેળવી શકે.

ત્રીજા પગલા સ્વરૂપે શાહના મતે ગૅમ્બલિંગ અને બેટિંગ પ્રવૃત્તિને કાયદેસર બનાવવી જોઈએ. આ આર્થિક પ્રવૃત્તિને ફૉર્મલ ઈકોનોમીમાં દાખલ કરવાથી સરકારની રેવન્યૂ વધશે.

ચોથા પગલામાં સરકારે રિયલ એસ્ટેટ, વપરાશ અને ટેક્સ્ટાઈલ્સ જેવાં સેક્ટરને વેગ મળે એ માટે રાહત-પ્રોત્સાહન આપવાં જોઈએ, જેની મલ્ટિપલ અસર અર્થતંત્ર પર જોવા મળશે.

પાંચમા કદમમાં સરકારે વેપાર સંબંધિત વિવાદોના ઝડપી ઉકેલ માટે ફાસ્ટ ટ્રૅક કાયદાકીય માળખું તૈયાર કરવું જોઈએ. આ કાયદાનો અમલ નક્કર અને ઝડપી થશે તો ઈન્વેસ્ટમેન્ટનો પ્રવાહ વધશે એવું શાહે ઉમેર્યું છે. એમના મતે સરકારે અર્થતંત્રની કટોકટીને તકમાં ફેરવવી હશે તો આવાં તમામ હિંમતભર્યાં પગલાં ભરવાં પડશે.

ભારતમાં વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્ર બનવાની ક્ષમતા છે. અહીં એક વાત નોંધવી મહત્ત્વની છે કે *કોટક મ્યુચ્યુઅલ ફંડની એસેટ મૅનેજમેન્ટ કંપની*ના મૅનેજિંગ ડિરેક્ટર નીલેશ શાહ વડા પ્રધાનની આર્થિક સલાહકાર સમિતિના એક્સ્ટર્નલ સભ્ય પણ છે તેમ જ *એમ્ફી* (ઍસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઑફ ઈન્ડિયા)ના ચૅરમૅન પણ છે.

આર્થિક ચિંતા અને પડકાર

દરમિયાન આર્થિક ક્ષેત્રે કેટલીક નક્કર ચિંતાના મુદ્દા મુજબ ઈન્ફૉર્મલ સેક્ટરમાં કામ કરતા કરોડો લોકોને ટેકો આપવા માટે કોઈ સિસ્ટમ ઉપલબ્ધ નથી. દેશમાં આ મહિનાઓમાં ગરીબીનું પ્રમાણ નોંધપાત્ર વધ્યું છે. આ વર્ગ મહામારીથી સૌથી વધુ અસરગ્રસ્ત છે. સ્વરોજગાર ધરાવતો અને નોકરિયાત વર્ગ પણ કોરોનાની સમસ્યાનો ગંભીરપણે ભોગ બન્યો છે. આ સંજોગોમાં ખાનગી રોકાણનો સતત પ્રવાહ વહેવો જોઈએ. સરકારે જાહેર ક્ષેત્ર તેમ જ માળખાકીય ક્ષેત્ર માટે ખર્ચ વધારવાની તાતી આવશ્યકતા છે, જેની મારફત મોટા પાયે રોજગારનું સર્જન થતું રહે એ અનિવાર્ય છે.

આ બધા વચ્ચે મોંઘવારી અને બૅન્ક પરના ધિરાણનો ભાર સંવેદનશીલ સમસ્યા છે. ઈન શૉર્ટ, આર્થિક રિકવરીના સંકેત ભલે દેખાવાના શરૂ થયા હોય, હજી સરકાર અને પ્રજા સામે પડકાર અનેક છે. આ સાથે વિવિધ વૈશ્વિક ઘટનાની સંભવિત અસરોને પણ ધ્યાનમાં રાખવી પડશે. ◻

 રઘુ જેટલી

આયા હૈ મુઝે દિન યાદ વો જાલિમ...

ધડામ...!

ઢળતી સાંજે ઘરેથી કામ કરી રહેલા રઘુને અચાનક કાચ તૂટ્યાનો અવાજ આવે છે. ચોંકીને એ લૅપટૉપ બાજુએ મૂકી બાજુના ખંડમાં દોડે છે તો ન્યૂઝચૅનલ પર બ્રેકિંગ ન્યૂઝ ચાલી રહ્યા છે. આજકાલ બ્રેકિંગ ન્યૂઝ સાથે સ્ક્રીન પર કાચ તોડવાની ફૅશન છે! તો બ્રેકિંગ ન્યૂઝ એ હતા કે શાહરુખ ખાન-સલમાન ખાન-આમીર ખાનથી લઈને અજય દેવગન, આદિત્ય ચોપરા, કરણ જોહર, વગેરે પાંત્રીસથી વધુ નિર્માતા-કલાકાર-કસબી તથા નિર્માતાનાં ઍસોસિયેશનોએ *બેજવાબદાર પત્રકારત્વ* સામે દિલ્હી હાઈ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. એમની ફરિયાદનો સાર એ કે *બોલીવૂડમાં અમુક લોકો કદાચ ડ્રગ્સ લેતા હશે એમાં આખી હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ચરસી-ગંજેરી કેવી રીતે કહી શકાય? એકની એક વાત ચોવીસ કલાક કરીને શેનાં લોહી પીવો છો?*

એ પહેલાં મુંબઈના પોલીસ કમિશનર પરમબીર સિંહે પત્રકાર પરિષદ ભરીને કહ્યું કે અમુક ન્યૂઝચૅનલો *ટીઆરપી* (ટેલિવિઝન રેટિંગ પૉઈન્ટ્સ) વધારવા ઘર-ઘર રોકડા વહેંચી પોતાની ચૅનલ જોવડાવે છે. કોઈ અંગ્રેજી જાણતું ન હોય એવાં ઘરોમાં સતત *રિપબ્લિક* ચૅનલ ચાલ્યા કરતી હોય છે. હવે અમે *રિપબ્લિક* અને બે મરાઠીભાષી ચૅનલો સામે પગલાં ભરીશું.

ભઈ, *ટીઆરપી* એ આજના જમાનાનું એક અનિવાર્ય દૂષણ છે. *બ્રોડકાસ્ટ ઑડિયન્સ રિસર્ચ કાઉન્સિલ (બીએઆરસી અથવા બાર્ક) ટીઆરપી*ના આંકડા આપે છે. દેશનાં વિવિધ શહેર-ગામમાં આ માટે બાર્કે આશરે ચાલીસ હજાર મીટર લગાવ્યાં છે. કયા ઘરમાં કઈ ચૅનલ, કયો કાર્યક્રમ, કઈ સિરિયલ વધારે જોવાય છે એ આ મીટર પરથી ખબર પડે. જો કે રઘુ એ સમજવામાં નિષ્ફળ જાય છે કે (ટીવી ધરાવતાં) આશરે વીસ કરોડ ઘરમાંથી માત્ર ચાલીસ હજાર ઘરમાં આવાં મીટર લગાવવાનો શું અર્થ છે? હશે. મૂળ વાત એ કે આ આંકડાની રજૂઆત કરી ટીવીચૅનલો વિવિધ કંપની પાસેથી હજારો-કરોડો રૂપિયાના જાહેરખબરના કસદાર કૉન્ટ્રેક્ટ મેળવે છે એટલે ખોટા આંકડા રજૂ કરી જાહેરાતો પડાવવાનું આ તરકટ છે એવું મુંબઈના પોલીસ કમિશનરનું કહેવું છે.



સિદ્ધાર્થ કાક-રેણુકા શહાણેના સંચાલનવાળો કાર્યક્રમ 'સુરભિ': પાછળ પત્રોનો ઢગલો દેખાય છે? એ હતા એના 'ટીઆરપી'!

બાકી, એક જમાનામાં *ટીઆરપી* જેવો શબ્દ કોઈએ સાંભળ્યો નહોતો એ જમાનામાં એટલે દૂરદર્શનના જમાનામાં લોકપ્રિયતા માપવાનું એક જડબેસલાક મીટર હતુંઃ *પોસ્ટકાર્ડ.* યસ, પાંચસો ટીવીચૅનલ, વેબ-સિરીઝ ને નકલી લાઈક્સના આંકડા સાથે ઊછરી રહેલી આજની પેઢીને માલૂમ થાય કે *ડીડી* પરથી દર રવિવારે સવારે *સુરભિ* નામનો કાર્યક્રમ પ્રસારિત થતો એના *ટીઆરપી* હતાં પોસ્ટકાર્ડ. ૧૯૯૦થી શરૂ થયેલા ભારતની ભાતીગળ સંસ્કૃતિ વિશેની માહિતીવાળા આ કાર્યક્રમનાં સંચાલક હતાં રેણુકા શહાણે-સિદ્ધાર્થ કાક. પ્રત્યેક ભારતીયને ભારત સાથે જોડી આપતા *સુરભિ* માટે એટલાં પોસ્ટકાર્ડ આવતાં કે ૧૯૯૩માં પોસ્ટલ ડિપાર્ટમેન્ટે ત્રણ રૂપિયાની કિંમતનાં મોંઘાં કૉમ્પિટિશન પોસ્ટકાર્ડ બહાર પાડવાં પડેલાં... અને વ્યૂઅરશિપ ફિગર્સ, રિજનલ બ્રેકઅપ, માર્કેટ રિસર્ચ વગર *અમૂલ* જેવી બ્રાન્ડ એની ટાઈટલ સ્પૉન્સર બનેલી તથા બીજી કંપની એમાં જાહેરખબર આપવા પડાપડી કરતી.

– અને બોલીવૂડની ન્યૂઝચૅનલો સામેની ફરિયાદ પર પાછા ફરીએ તો ભઈ, એક જમાનો હતો, જ્યારે સુનીત ટંડનથી લઈને નિધિ રવીન્દ્રન્-સરલા મહેશ્વરી-સલમા સુલતાન-મીનુ તલવાર-અવિનાશ કૌર સરીન-રિની સિમોન ખન્ના જેવાં સમાચારવાચક સાફ અંગ્રેજી-હિંદીમાં દેશ-દુનિયામાં બનેલી ઘટના (માખી ઉડાડતાં ઉડાડતાં) વિશે જણાવતાં. એ દર્શકોને ટૅક્સી પર કે જેસીબી પર ચડી બેઠેલા પોતાના સંવાદદાતા પાસે લઈ નહોતાં જતાં. બસ, પ્યૉર ન્યૂઝ રજૂ કરતાં.

હવે તો આ બધું બસ, યાદમાં રહી ગયું છે. ન્યૂઝચૅનલને હવે એન્ટરટેઈન્મેન્ટ ચૅનલ તરીકે ચલાવવામાં આવે છે. ચૅનલના સંચાલક તથા સંવાદદાતા દર્શક સામે સમાચાર નહીં, મનોરંજન પીરસે છે, પણ આ દિવસો જશે એવો આશાવાદ રઘુ સેવે છે. અત્યારે તો હાઈ કોર્ટ આ વિશે શું વલણ લે છે એ જોવું ઈન્ટરેસ્ટિંગ બની રહેશે, નહીં?

ધી એન્ડ...

સમાચારઃ *બેજવાબદાર* ટીવીચૅનલો સામે બોલીવૂડ દિલ્હી હાઈ કોર્ટમાં...

રઘુ ઉવાચઃ ગયા સોમવારે (૧૨ ઑક્ટોબરે) સમગ્ર મુંબઈ તથા આસપાસના વિસ્તારમાં બત્તી ગૂલ થઈ અથવા ચવાઈ ને ચુથ્થો થઈ ગયેલો શબ્દપ્રયોગ વાપરીને કહીએ તો *વીજળી વેરણ થઈ.* અમુક કલાકો બાદ વીજપુરવઠો પૂર્વવત્ થયો તો એ સાથે બોલીવૂડમાં પણ અચાનક પાવર રિસ્ટોર થયો લાગે છે!

મુખવાસ | તનીશા

પાકિસ્તાની કુત્તે કે દિન ભર ગયે...

બોસ, જીવદયાપ્રેમીઓ હડી કાઢતાં કરાચી તરફ ધસી જાય એવા ન્યૂઝ પાકિસ્તાનથી આવ્યા છે. કરાચીના દરિયામાં કેટલાક ટાપુ છે, જેમાં બંદલ અને બુડ્ડો આઈલૅન્ડ મુખ્ય છે. કરાચીમાં રખડતા શેરી કૂતરાઓને આ બન્ને ટાપુ પર નિયમિત શહેરનિકાલ કરવામાં આવે છે.

હવે વઝીર-એ-આઝમ ઈમરાન ખાને ફરમાવ્યું છે કે *આ બન્ને ટાપુમાં રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કરીને એમને અત્યાધુનિક માનવવસાહત તરીકે વિકસાવવામાં આવશે.* ખાંસાહેબની આ મુરાદ સાંભળતાં જ પાકિસ્તાનભરના જીવદયાપ્રેમીઓ અને કરાચીના માછીમારો સુદ્ધાં રાતાપીળા થઈ ગયા છે. કારણ એટલું જ કે રિયલ એસ્ટેટ ડેવલપ કરવી હશે તો બંદલ અને બુડ્ડો આઈલૅન્ડ પર રહેતા સેંકડો કુત્તાઓને ગોળીએ દેવા પડશે. હકીકત એ છે કે કરાચીની મ્યુનિસિપાલિટી



શહેરમાં વધી રહેલી રખડતા કૂતરાઓની વસતિ ઓછી કરવા એમને કાં તો ગોળીએ દે છે કાં તો ઝેરવાળો ખોરાક આપીને મારી નાખે છે. થોડાં વર્ષથી કરાચીના દયાળુ માછીમારો દરિયો ખેડવા નીકળે ત્યારે રખડુ કૂતરાઓને સાથે લઈને આ બન્ને આઈલૅન્ડ પર મૂકી આવે છે. કૂતરાઓને ભોજન તથા પીવાનું પાણી પણ વખતોવખત પહોંચાડે છે. આ બન્ને ટાપુ પાકિસ્તાનના ડૉગ આઈલૅન્ડ તરીકે પ્રસિદ્ધ થયા છે.

૨૦૧૩માં પાકિસ્તાનના બિઝનેસ ટાયકૂન મલિક રિયાઝ હુસૈને એક અમેરિકી કંપની સાથેના સહયોગમાં ૨૦ અબજ ડૉલર ખર્ચીને દસ વર્ષમાં બંદલ અને બુડ્ડો આઈલૅન્ડની ૧૨,૦૦૦ એકર જમીનમાં મેગા સિટી વિકસાવવાની જાહેરાત કરી હતી. આ મેગા સિટીમાં એક કરોડની વસતિ હશે, એમાં જગતની સૌથી ઊંચી ઈમારત તથા સૌથી વિશાળ શૉપિંગ કૉમ્પ્લેક્સ ઉપરાંત ખેલનગરી, ચિત્રનગરી, શિક્ષણનગરી અને ચિકિત્સાનગરી પણ હશે એવું મલિકભાઈએ જાહેર કરેલું.

જો કે એ ગુલબાંગો ફક્ત ખયાલી પુલાવ જ નીકળી. હવે ઈમરાન ખાન આ ટાપુઓ પર રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટનો જાપ કરવા માંડ્યા છે ત્યારે સિંધની રાજ્ય સરકારે સાફ સુણાવી દીધું છે કે *મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર, બંદલ અને બુડ્ડો પર રાજ્ય સરકારનો અધિકાર છે, કેન્દ્ર સરકારનો નહીં.*

જોઈએ હવે કરાચીના કૂતરાઓનાં નસીબમાં શું લખાયું છે?

નશો સુકાયો ડ્રાયરમાં..!

'હેલ્લો... હાહાહા... ફાયર બ્રિગેડ... ખીખીખીખી... ફાયર બ્રિગેડ?'

'હા, હું ફાયર ઑફિસર ફલાણો બોલું, પણ તમે આમ દાંત કાં કાઢો...?'

'હાહાહા... જુઓ, ઑફિસર હું હસવાનું રોકી શકતો નથી, કારણ કે અહીંયા એક છોકરીનું અડધું શરીર ક્લોથ ડ્રાયરમાં ફસાઈ ગયું છે ખીખીખીખી... જલદી આવો, ઍડ્રેસ લખો.'

ઈંગ્લૅન્ડના ઈસ્ટ યોર્કશાયર શહેરના બંબાખાના પર ગયા અઠવાડિયે આવો વિચિત્ર ફોન આવતાં બંબાવાળા ઘંટી વગાડતા ભાગ્યા હલ *યુનિવર્સિટી*ની હૉસ્ટેલ તરફ.

બનેલું એવું કે હૉસ્ટેલની એક રૂમમાં પાંચ-સાત છોકરા-છોકરી પાર્ટી માટે એકઠાં થયેલાં. એક છોકરાએ કહ્યું: 'યાર, ગાંડાની જેમ ભણીએ છીએ. રિલેક્સ થવા થોડો છાંટોપાણી કેમ ન કરીએ?'

બસ, પછી તો *ચિયર્સ...* ને *ઝૂમ બરાબર ઝૂમ શરાબી.*

હવે નશાખોર ભારતનો હોય કે ઈંગ્લૅન્ડનો, અસર બધે સરખી. તો આવી અસરમાં એક અંગ્રેજ ઢગાએ એક અંગ્રેજ ઢગીને કીધું કે જો, *આ કપડાં સૂકવવાનું ડ્રાયર છે. તું આખી અંદર ઘૂસી જાય તો માનું કે તારામાં દમ છે.*

એ ઢગી એટલે ૨૧ વર્ષની રોઝી. એણે પણ બરાબરનો ગટકાવેલો, પણ સાન ઠેકાણે હતી એટલે કહી દીધું કે *ના રે ના, આવું તો ન થાય, હોં મારાથી.*

રોઝીનો નકાર સાંભળીને બીજો એક જણો સ્પ્રિંગની જેમ સોફામાંથી ઊછળ્યો ને ભુરાયા સાંઢની જેમ ખુન્નસથી જોઈ રહ્યો પેલા ડ્રાયર મશીનની સામે. કદાચ આપણા ધર્મેન્દ્રની જેમ બોલી પડ્યો હશે કે *કમીને ડ્રાયર, તેરી યે હિમ્મત કે હમારી રોઝી કો અંદર ન ઘૂસને દે... તેરા ખૂન પી જાઉંગા.*

પછી તો એ ધરમ પાજીએ એની બસંતીને એટલે કે રોઝીને બાવડેથી ઝાલીને ઊભી કરી. આંખના ઈશારે કંઈ વાત થઈ ને રોઝીબહેને ડ્રાયરનું ઢાંકણું ખોલ્યું ને ઊંધી વળીને બે પગ અંદર ઘાલી દીધા. ધીરે ધીરે પગ અંદર સરકાવતી ગઈ. આ તરફ, દોસ્તો એને ચિયર અપ કરવાની સાથે વધારાનું ચિયર્સ પણ કરતા હતા. રોઝી પાતળી પરમાર હોત તો આખી અંદર ઘૂસી ગઈ હોત. રોઝીબહેનનો કટિપ્રદેશ સહેજ હૃષ્ટપુષ્ટ એટલે અંદર કેમેય કરતાં ગરકે નહીં. એ જોઈને પેલો ધર્મેન્દ્ર ફરી ભુરાયો થયો. એણે રોઝીના ખભા પકડીને અંદરની તરફ ધક્કો મારવા માંડ્યો. પત્યું... રોઝીબહેન કમરેથી ડ્રાયરના ઓપનિંગમાં ફસાઈ ગયાં. ન અંદર જઈ શકે, ન બહાર આવી શકે. ધર્મેન્દ્ર નર્વસ થઈ ગયો, પણ બીજા લોકો હસવા માંડ્યા. એક જણાએ ઓછો ઢપકાર્યો હશે તે એણે ફાયર બ્રિગેડને બોલાવી. બંબાવાળા તરત આવ્યા, પણ રોઝીને ડ્રાયરમાંથી કાઢતાં પૂરી વીસ મિનિટ થઈ. કહેવાની જરૂર નથી કે ફાયર ઑફિસરે કડક શબ્દોમાં એમને જ્ઞાન આપ્યું એટલે બધાંનો નશો ઊતરી ગયો.

ગુલકંદ

દુનિયા દ્વારા લેવાતી પરીક્ષા આપણી નબળાઈ છતી કરે છે, પણ ઈશ્વર દ્વારા લેવાતી આપણી પરીક્ષા તો આપણી અંદર છુપાયેલી શક્તિને ઓળખવાની તક આપે છે...

CG-RNI1747/57-Regd.No. MCN/182/2018-2020 Valid up to 31-12-2020 License to post without prepayment under"WPP" License no.MR/Tech/WPP-55/North/ 2018-2020 Vaild up to 31-12-2020 posted At-PSO, AHD-380002. Published on 12-10-2020 posted on every Friday & Saturday. Page-56